હરિઃ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત
સંતદર્શન ગ્રંથમાળા—૫

# સંત દાદૂ

અનવર આગેવાન

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત
સંતદર્શન ગ્રંથમાળા – ૫

# સંત દાદૂ

અનવર આગેવાન

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

Sant Dadoo

Anwar Agewan

પ્રથમ સંસ્કરણ : ૧૯૮૬

પ્રત સંખ્યા : ૧૦૦૦

કિંમત : રૂા. ૧૮-૦૦

© સરદાર પટેલ યુનિવર્સિટી

યોજનાદાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ

મુદ્રક અને પ્રકાશક :
ર. ચ. ઠક્કર
કુલસચિવ,
સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી પ્રેસ
વલ્લભ વિદ્યાનગર—૩૮૮ ૧૨૦

# આમુખ

શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતદર્શન ગ્રંથમાળાના પાંચમા પુસ્તકના રૂપમાં પ્રકાશિત થઈ રહેલ 'સંત દાદૂ'ને આવકારતાં હું આનંદની લાગણી અનુભવું છું.

દાદૂ ઉત્તર ભારતના એક સુપ્રસિદ્ધ સંત છે; પરંતુ તેમના જીવન વિશે ઘણી ઓછી માહિતી મળે છે. તે પર્યાપ્ત નથી, ઉપરાંત ઠીકઠીક સંદિગ્ધ પણ છે. તેમના અનુયાયીઓએ તેમને વિશે જે કંઈ માહિતી આપી છે તેમાં પણ હકીકતો ઓછી અને અહોભાવ ઝાઝો છે. કાં તો તે પ્રાસંગિક છે યા પ્રશંસાત્મક છે.

દાદૂની જાતિ અને કુળ અંગે પણ વિદ્વાનોમાં કેટલાક મતભેદ પ્રવર્તે છે. પરંતુ દાદૂના મહાન ઓજસ્વી જીવન અને વ્યક્તિત્વ અંગે તેમ જ તેમના સરલ, રોચક, ઉદાત્ત કવન અંગે ક્યાંય કશો મતભેદ નથી. તેમનાં ભક્તિ અને જ્ઞાન–બોધથી સભર પદો–સાખીઓ સમગ્ર ઉત્તર ભારતમાં પ્રચલિત છે. લોકો પર તેમનો ઊંડો પ્રભાવ પડયો છે.

દાદૂ માત્ર સંત કવિ જ નહોતા; તેઓ કબીરની જેમ દાર્શનિક, વિચારક, સમાજસુધારક, માર્ગદર્શક અને ધર્મગુરુ પણ હતા. અભણ અને અજ્ઞાની લોકો પ્રત્યે એમના હૃદયમાં ઊંડી કરુણા અને પ્રીતિ હતી. લોકો તેથી ભક્તિભાવપૂર્વક તેમને દાદૂ દયાળ તરીકે ઓળખતા હતા.

'સંત દાદૂ' પુસ્તકમાં તેના લેખક શ્રી અનવર આગેવાને દાદૂના આવા ઉત્કૃષ્ટ જીવન અને કવનનું સંક્ષેપમાં છતાં સરળ વિશદ અને રોચક ભાષા–શૈલીમાં નિરૂપણ કર્યું છે. પુસ્તકના ઉત્તરાર્ધમાં હિન્દી, સંમિશ્ર અને ગુજરાતી ભાષામાં રચાયેલાં દાદૂનાં પદો–સાખીઓ વગેરેનું સંપાદન થયું છે. દાદૂની વાણીની ઉદાત્ત મોહકતાનો તે અનુભવ કરાવે છે.

દાદૂના જીવન અને કવનનો આવો સ-રસ પરિચય કરાવવા માટે હું 'સંત દાદૂ'ના લેખક શ્રી અનવર આગેવાનનો, સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટનો અને તદંતર્ગત આ સંતદર્શન ગ્રંથશ્રેણીના પ્રકાશન માટેના અનુદાનદાતા હરિ ઓમ આશ્રમ, નડિયાદનો તેમજ પુસ્તકની ભાષા–શૈલી–રજૂઆત આદિની શુદ્ધિ-સુઘડતા વગેરે અંગેની સન્નિષ્ઠ કામગીરી બજાવનાર પ્રૉ. જશવંત શેખડીવાળાનો, અંગત રૂપમાં તેમજ સરદાર પટેલ યુનિવર્સિટી વતી, હાર્દિક આભાર માનું છું.

મને આશા છે કે, વાચકો માટે 'સંત દાદૂ'નું વાચન બોધપ્રદ અને આનંદપ્રદ બની રહેશે.

**પ્રો. કિશ્નાલાલ એન. શાહ**
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર
તા. ૧–૫–૧૯૮૬

## સલાહકાર સમિતિ

પ્રો. કે. એન. શાહ, કુલપતિ

ડૉ. એચ. એમ. પટેલ

પ્રો. જે. એમ. પટેલ (શેખડીવાળા), મંત્રી

ડૉ ડી. ડી. જાડેજા

ડૉ. એસ. આર. ત્રિવેદી

ફાધર વાલેસ

ડૉ. આર. સી. શાહ

ડૉ. બી. જે. સાંડેસરા

# અંતરની અપેક્ષા

ભારતીય સંત–સાહિત્યમાં સંત દાદૂનું સ્થાન અગ્રગણ્ય છે. કબીર પછી દાદૂનું નામ સહજ રીતે મૂકી શકાય. તેઓ કબીરની જેમ હિન્દુ-મુસ્લિમ એકતાના વિધાયક, સમાજ-સુધારક, રહસ્યવાદી કવિ અને ભાવુક ભક્ત રૂપે ભારતભરમાં જાણીતા છે.

દાદૂ જન્મે મુસ્લિમ હતા; પરંતુ નાત-જાત અને ધર્મભેદમાં માનતા ન હતા. એથી પોતે ન હિંદુ કે ન મુસલમાન છે.

કબીરની જેમ–

જાત–પાંત પૂછ ના કોઈ;<br>
હરિકો ભજે સો હરિકા હોઈ.

જેમ સરિતાને કોઈ પ્રદેશ, ગામ કે સીમા બાંધતી નથી, તેમ સંતને માટે કોઈ ધર્મ કે જાતિ નથી. તે બધાથી પર છે. છતાં આજે ધર્મ, સંપ્રદાય અને જાતિના નામે કેવાં કેવાં કૃત્યો અને દ્વેષભાવ પ્રવર્તે છે ? અહીં દાદૂના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે.

એકવાર સંત દાદૂ ધર્મબોધ આપતા હતા, ત્યાં કેટલાક ધર્મશાસ્ત્રી-પંડિતો આવી ચડયા. એક મુસલમાનને હિન્દુધર્મની વાત કરતાં જોઈને તેઓ ગુસ્સે થયા અને દાદૂને ફરજ પાડતાં કહ્યું કે, "તારે લોકોની સેવા કરવી હોય તો તારા મજહબમાં રહીને કર. અમારા ધર્મમાં માથું ન માર. નહિતર અહીં રહેવું ભારે થઈ પડશે."

ત્યારે દાદૂ દ્રવિત સ્વરે બોલી ઊઠયા :

દાદૂ યે સબ કિસકે પંથમેં, ધરતી અરુ અસમાન;<br>
પાની પવન દિન રાતકા, ચંદ સૂર રહિમાન.<br>
બ્રહ્મા વિશ્ન મહેસ કો, કૌન પંથ ગુરુદેવ;<br>
સાંઈ સિરજનહાર તૂ કહિયે અલખ અભેવ.<br>
મહમદ કિસકે દીનમેં, જબરાઈલ કિસ રાહ ?<br>
ઈનકે મુર્સદ પીર કો કહિએ એક અલાહ.<br>
દાદૂ યે સબ કિસકે હૌ રહે યહુ મેરે મન માંહિ;<br>
અલખ ઈલાહી જગદ્ગુરુ દૂજા કોઈ નાંહિ.

[ હે દયામય ! હવે તું જ કહે, આ ધરા અને આકાશ, આ હવા અને પાણી, આ દિવસ અને રાત્રિ, આ ચંદ્ર અને સૂરજ—એ બધાં કયા પંથને માનનારાં છે ?

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના નામથી જો પંથ ઊભો થઈ શકતો હોય, તો બતાવો ગુરુદેવ, તેઓ પોતે કયા પંથને માનનારા હતા ?

તું સ્વામી છો, તું સહજ કર્તા છો, તું અલખ છો, તું ભેદ અને જ્ઞાનનો અતીત છો, તું જ એનો ઉત્તર આપી શકે છે.

હે અલ્લાહ, તને પૂછું છું, કહે ભલા, મુહમ્મદનો મજહબ કયો હતો ? જિબ્રાઈલનો પંથ કયો હતો ? એના મુર્શિદ અને પીર કોણ હતા ?

દાદૂ કહે છે કે, આ બધા કયા સંપ્રદાયમાં હતા, કોની સંપત્તિ હતા ? મારા હૃદયમાં એજ પ્રશ્ન ઘોળાયા કરે છે. તે અલખ ઈલાહી જ એકમાત્ર જગદ્‌ગુરુ છે, સંસારમાં એના સિવાય બીજું કોઈ નથી. ]

સંતોની કોઈ જાતિ નથી. તે ગમે તે જાતિના હોય, પણ આદિથી અંત સુધી તે 'સંત' છે. જેમણે 'સત્'ને પામી લીધું છે, જેના જીવનમાં રોમ-રોમમાં 'સત્' સિવાય બીજું કંઈ રમણ કરતું નથી, તે સંત.

સંત મનુષ્યને સન્માર્ગે વાળે છે.

સંત દુઃખ, દુવિધા અને પાપમાંથી માનવીને ઉગારે છે.

સંતનો બીજો કોઈ ધર્મ નથી, એકમાત્ર માનવતા સિવાય.

આપણે ગમે તે જાતિ કે સંપ્રદાયના હોઈએ, પણ સૌનો ઈશ્વર એક જ છે. તેને ગમે તે નામે સંબોધો, એથી કોઈ ફરક પડતો નથી. એકેશ્વરવાદનો આ સંદેશ સંતોએ આપણને આપ્યો છે, અને માનવતા-ધર્મને જીવંત રાખ્યો છે. દાદનું જીવન પણ આ જ સંદેશનું મૂર્તસ્વરૂપ છે.

છેલ્લે, એક વાત અગત્યની એ છે કે, આ મહાન દેશમાં પ્રાચીન કાળથી સંતસાહિત્યની જે અજસ્રધારા વહી રહી છે, તે મહાન સંતોના વારસાને આપણે જાળવીએ અને એમના સંદેશને જીવનમાં ઉતારીએ. આ મહત્તમ અને ઉદાત્ત ઉદ્દેશની પ્રાપ્તિની દિશામાં પ્રસ્તુત પુસ્તક પ્રેરણારૂપ બને એવી અંતરની અપેક્ષા સહ.

મોરાર બાગ,
૨૦૩/૪ આર. બી. મહેતા માર્ગ,
મુંબઈ–૪૦૦૦૭૭

**અનવર આગેવાન**

# બે શબ્દો

ગુરુબંધુશ્રી અનવર આગેવાન સાથે વર્ષોથી આત્મીયતા રહી છે. એથી એમની જ્ઞાન-નિષ્ઠા અને જ્ઞાન-પિપાસાથી પરિચિત છું. એમણે ભારતીય સંસ્કૃતિનું ઊંડું અવગાહન કર્યું છે. સંતદર્શનના તેઓ મર્મજ્ઞ છે. વિવિધ ધર્મ, સાધના અને માર્ગનું એમનું વિશાળ અધ્યયન છે. અનેક સાધુ-સંતોના નિકટ સંપર્કમાં આવ્યા છે. પરિણામ સ્વરૂપ એમણે તત્સંબંધી પ્રચુર સામગ્રી એકત્ર કરી છે.

સંત દાદૂ અને મીરાં પર એમનું સંશોધન મૌલિક અને પ્રમાણભૂત ગણાય છે. એમના આ સંશોધનથી પ્રભાવિત થઈને આચાર્ય ક્ષિતિમોહન સેને એમને પોતાના 'માનસપુત્ર' કહીને આશીર્વાદ આપેલા.

સંત દાદૂ વિશે એમણે કરેલા સંશોધનથી હું પરિચિત છું તેમજ આ વિષય પર લખાયેલી અન્ય સામગ્રીની પણ મને જાણ છે. એ પરથી હું કહી શકું છું કે, આ લઘુ પુસ્તકમાં દાદૂના જીવન વિશે પ્રવર્તતા મતમતાંતરોની ચર્ચા કરીને એમણે દાદૂના જીવનનો સુરેખ પરિચય આપ્યો છે. તે બદલ હું એમને હાર્દિક ધન્યવાદ આપું છું.

હું ઇચ્છું છું કે, બંધુવર અનવરની પાસે સંતસાહિત્ય અને વિવિધ સાધના પ્રણાલીનો જે બહોળો ખજાનો છે, તેમાંથી મૂલ્યવાન સામગ્રી તેઓ હિન્દી અને ગુજરાતી સાહિત્યને ભવિષ્યમાં પણ આપતા રહેશે.

શાંતિધામ, વિષ્ણુપ્રયાગ — **સ્વામી સત્યનારાયણાનંદ**

(ઉત્તર પ્રદેશ)

## ☐ પરિશિષ્ટ

સંત દાદૂ સાહેબના જીવન સંબંધી કેટલીક ધ્યાનપાત્ર સામગ્રી અને વિગતો પાછળથી મળી આવતાં પરિશિષ્ટ રૂપે અહીં આપી છે :

દાદૂના જન્મ વિશે, ૧૭મી સદીમાં દાદૂપંથી બાલકરામે, તેમની એક રચનામાં, તેઓ અસુરકુળમાં ઉત્પન્ન થયાનો ઉલ્લેખ કર્યો છે.

ભક્તિ વિષૈ નહિ ભેદ વેદ યૂં બોલે બાની,
અંત્યજ બ્રાહ્મણ આદિ જાતિ જગદીસ ન માની.
કલિ કબીર કુલ અસુર, અસુરકુલ પ્રગટે દાદૂ;
ભગત વિભીષણ ભયે અસુર કુલ બલિ પ્રહ્લાદૂ.
પુનિ ગણિકા કુબ્જા ભીલની ગોપી દિઢ ગોવિંદ ગહૈ,
કહૈ બાલકરામ હરિ ભજન બિનુ અભિમાની ન્યારે રહૈ.

રાજસ્થાની ભાષામાં 'અસુર' શબ્દ મુસલમાનનો વાચક ગણાય છે. મુરારિદાન કૃત ડિંગલકોષમાં પણ અસુર શબ્દ મુસલમાનના પર્યાય તરીકે અપાયો છે :

સેદ રવદ ખદડો તુરક મીર મેછ કલમાણ,
ચગથા આસુર ફેર ચલ માનહુ મુસલમાન.

ડૉ. મોતીલાલ મેનારિયાના કથન પ્રમાણે આ બાલકરામ દાદૂના ભાણેજ થતા હતા, એથી એમનું કથન ખોટું હોઈ શકે નહિ.

રાઘૌ ગુરુ પખમેં નિપુન સત ગુરુ સુન્દર નામ;
દાદૂ દીન દયાલ કે નાતી બાલકરામ.

જયપુરના વયોવૃદ્ધ વિદ્યાસંગી સજ્જન પં. હરિનારાયણ શાસ્ત્રી પાસે એક પ્રાચીન હસ્તપ્રત છે જેમાં દાદૂનો 'યવનકુલ ઉત્પન્નો દાદૂ મહાજ્ઞાની' એવો ઉલ્લેખ જોવા મળે છે.

આ રીતે દાદૂ મધ્યયુગના એક મહાન સમન્વયવાદી અને રહસ્યમયી સંતકવિ હતા. એમણે પોતાની વાણીમાં માનવજીવનના વૈવિધ્યને મુખરિત કર્યું છે. એમને ઉર્દૂ–ફારસીનું પણ ઊંડું જ્ઞાન હતું. ઉર્દૂ, ફારસી, અરબી સાહિત્યનો પ્રભાવ એમની વાણીમાં સ્પષ્ટ જોઈ શકાય છે.



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | જીવન પરિચય | ૧ |
| ૨. | દાદૂપંથ અને દાદૂપંથી સમાજ | ૯ |
| ૩. | દાદૂના શિષ્યો અને તેમના સ્તંભો | ૧૫ |
| ૪. | દાદૂ — સાધક રૂપે | ૨૮ |
| ૫. | દાદૂના સિદ્ધાંત અને ઉપદેશ | ૩૬ |
| ૬. | દાદૂવાણી | ૫૨ |
| ૭. | હિંદી-મિશ્રિત પદો | ૬૦ |
| ૮. | ગુજરાતી પદો | ૭૩ |


●

# ૧. જીવન પરિચય

ભારતીય ધર્મ અને સંસ્કૃતિના નિર્માણમાં ઋષિઓ, મુનિઓ અને સાધુ-સંતોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. ભારતીય દાર્શનિક વિચારધારાની શરૂઆત અને પછીના યુગોમાં તેનો વિકાસ આ ધર્મ-ચિંતકો અને સંતોના ચિંતન-મનનને આભારી છે. એ જરૂરી નથી કે, આ ધર્મચિંતક વેદ-શાસ્ત્રના જ્ઞાતા હોય, શિક્ષિત કે વિદ્વાન હોય. ઓછું ભણેલા કે અભણ પણ ધર્મચિંતક હોઈ શકે છે. દાદૂ પણ અભણ હતા, છતાં તે મહાન ચિંતક અને આધ્યાત્મપુરુષ હતા.

ચૌદમી સદીથી સત્તરમી સદી સુધીના ગાળામાં ભારતમાં જે સંતો અને ભક્તો થયા એમાં દાદૂનું સ્થાન આગલી હરોળમાં છે. વેદકાળમાં આત્મા-પરમાત્મા અને આ સૃષ્ટિ વિશે ચિંતન કરવાનું ગણ્યા ગાંઠ્યા મનીષિઓ અને દાર્શનિકો સુધી જ મર્યાદિત હતું. સામાન્ય લોકો ઈશ્વરની શક્તિ માનીને એમાં વિશ્વાસ ધરાવતા હતા. એથી વિશેષ એની ઝાઝી સમજ કે સૂઝ નહોતી. ત્યારે લોકોને આત્મા-પરમાત્મા, જીવન અને જગતનું વ્યવહારુ દર્શન કબીર, નાનક, દાદૂ, રૈદાસ જેવા સંતોએ આપ્યું છે. વેદના જ્ઞાતા, શાસ્ત્રના જાણકાર પંડિતો, વિદ્વાનોએ તો શૂદ્ર અને નીચલા થરના લોકોને ધર્મ-શાસ્ત્રના જ્ઞાનના અધિકારથી વંચિત રાખ્યા હતા, જ્યારે આ સંતો-કબીર, રૈદાસ, સદના વગેરે બધા જ--નીચલી ગણાતી જાતિમાં જન્મેલા હતા. દાદૂ પણ તેમાંના એક હતા. કબીરની પેઠે એમણે પણ હિંદુ સમાજને એક નવી દિશા બતાવવા, ધર્મ અને મનુષ્યત્વનો સાચો અર્થ સમજાવવા અથાગ પ્રયત્નો કર્યા છે. જે ધર્મશાસ્ત્રનું જ્ઞાન થોડા માણસો સુધી સીમિત હતું તેને એમણે સામાન્ય લોકોના જીવન સુધી પહોંચાડ્યું છે.

મધ્યયુગનો હિંદુસમાજ ભિન્નભિન્ન સંપ્રદાયો અને પંથોનો એક સમૂહ હતો. એથી ભારતમાં તમામ નવા પંથો અને સંપ્રદાયો તેમના પૂર્વવર્તી સંપ્રદાયોથી પ્રભાવિત રહ્યા છે. આ કારણે જુદા જુદા ધર્મો હોવા છતાં પણ ભારતીય સંસ્કૃતિ અને સમાજની એકતામાં કોઈ ઊણપ આવી નથી. દરેક ધર્મમાં ઈશ્વરની સાધના ભિન્ન હોવા છતાં સાધ્ય તો એક જ રહ્યું છે.

ભારતમાં ઈસ્લામ આવ્યા પછી ભારતીય સાંસ્કૃતિક એકતાને ધક્કો લાગ્યો. ઈસ્લામ વિદેશી ધર્મ હતો. તે આ દેશ માટે નવો હતો, અને એમાં

મુસ્લિમ રાજ્યસત્તા સ્થપાતાં તે કાળે સામાજિક મતભેદની રેખા પણ ખેંચાઈ ગઈ. એ રીતે, ધર્મના નામે સામાજિક ભાગલા પડી ગયા. આપણા સમાજમાં પહેલેથી ઊંચ–નીચ અને સ્પૃશ્ય–અસ્પૃશ્યના ભેદભાવ તો હતા જ. તેમાં વિદેશી સત્તાને કારણે ધાર્મિક ભેદભાવ ઊભા થયા. આ ભેદભાવ અને મનુષ્ય–મનુષ્ય વચ્ચે વધતી ગેરસમજને દૂર કરવા આપણે ત્યાં ધર્મચિંતકો–સંતોએ લોકોને સાચી સમજ આપવાનો પ્રયત્ન કર્યો. સાચો ધર્મ શું છે, મનુષ્ય માત્ર ઈશ્વરનાં સંતાનો છે અને સૌનો પરમાત્મા એક જ છે, જાતિ–ધર્મ અને ઊંચ–નીચના ભેદ ખોટા છે એ વાત લોકોને સમજાવવા આ સાધુપુરુષોએ પોતાની જાત હોમી દીધી હતી. આ સંત પુરુષોમાં કબીર, નાનક અને દાદૂ આ ત્રણ નામ વિશેષ ઉલ્લેખનીય છે.

સંત દાદૂના જીવન વિશે ઘણી ઓછી માહિતી મળે છે. આજે જે માહિતી મળે છે, તે સંતોષજનક નથી. એમના અનુયાયીઓએ જે કંઈ માહિતી લખી છે તે પણ સંતોષકારક નથી. એમણે જે કંઈ માહિતી લખી છે તે કાં પ્રાસંગિક છે અથવા પ્રશંસાત્મક રૂપે છે. એમના શિષ્ય જનગોપાલે 'દાદૂ જન્મલીલા પરચી'માં જે માહિતી આપી છે તે વિશેષત: કાલ્પનિક અને ચમત્કારોથી સભર છે. દાદૂની જાતિ અને કુળ અંગે વિદ્વાનોમાં કેટલાક મતભેદ પ્રવર્તે છે.

દાદૂપંથીઓની માન્યતા પ્રમાણે દાદૂ એક નાના શિશુ રૂપે અમદાવાદની સાબરમતી નદીને કિનારે એક સંદૂકમાં તણાતા આવેલા. એ વખતે કોઈ લોદીરામ નામક નિ:સંતાન નાગર બ્રાહ્મણ સ્નાન કરતો હતો, તેને હાથ આ બાળક લાગેલું. એ બાળકને ઘેર લાવીને તેણે લાલનપાલન કર્યું. આ સિવાય એમના અનુયાયીઓ એમની જાતિ વિશે કોઈ પ્રમાણ આપી શકયા નથી. એટલે આ કિંવદંતીની પ્રામાણિકતા સ્વીકારી શકાય એવી નથી. આચાર્ય ક્ષિતિમોહનસેન કહે છે તેમ, અમદાવાદ અથવા એની આસપાસ લોદીરામના કોઈ વંશજોમાં આવું કહેનારા મળ્યા નથી, કે કયાંયે એ કુળમાં કશું સ્મારક પણ જોવા મળતું નથી. આથી લોદીરામ દાદૂના પાલકપિતા હોવાની વાત કલ્પિત જણાય છે. જેવી કબીર અને તુલસીદાસના જન્મ વિશે કાલ્પનિક કથા છે, એવી દાદૂ અંગે પણ કાલ્પનિક કથા વણી લેવાઈ છે.

સંત દાદૂના મુખ્ય શિષ્ય રજજબજીની આ પંક્તિઓ દાદૂ પીંજારા જ્ઞાતિમાં ઉત્પન્ન થયા હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે :

ધૂની ગ્રમે ઉત્પન્નો દાદૂ યોગેન્દ્રો મહામુનિ:,
ઉત્તમ જોગ ધારનં તસ્માત્ કયં ન્યાનિ કારણમ્

—સર્વંગી (સાધમહિમા)

દાદૂના એક બીજા પ્રસિદ્ધ શિષ્ય છોટે સુંદરદાસજીએ પણ દાદૂ માટે 'ધુનિયા' શબ્દ વાપર્યો છે. 'ધુનિયા' પીંજારા શબ્દનો જ હિંદી પર્યાય છે. સુંદરદાસજીએ પોતાના એક પદમાં દાદૂના પીંજારા કૃત્યને આધ્યાત્મિક રૂપકમાં આ રીતે વણી લીધું છે :

એક પિંજારા એસા આયા,
રૂહ રૂઈ પીંજણ કે કારણ
આપણ રામ પઢાયા.
પીંજણ પ્રેમ મુકિયા મનકો,
લયકી તાંતી લપાઈ,
ધનુહી ધ્યાન બંધ્યો અતિ ઊંચો
કબહૂં છૂટિન જાઈ.
જોઈ જોઈ નિકટ પિંજાવણ આવે,
રૂઈ સબનકી પીંજે,
પરમારથ કો દેહ ધર્યો હે
સમ્યક કછુ હી લીજે.
બહુત સે રૂઈ પીંજી બહુ બિધિ કર
મુદિત ભઈ હરિરાઈ.
દાદુ દાસ અજબ પીંજારા,
સુંદર બલિ બલિ જાઈ.

સંવત ૧૭૨૨માં લખાયેલા ફારસી ગ્રંથ 'દબિસ્તાને-મજાહિબ'માં દાદૂની જાતિને નદફ (રૂ પીંજનાર) કહી છે અને દાદૂનો 'નદ્દાફ' (પીંજારો) તરીકે ઉલ્લેખ કર્યો છે. દાદૂના અંતેવાસી જનગોપાલની પરચીમાં દાદૂ આમેરમાં રૂ પીંજવાનું કામ કરતા હતા, એવો ઉલ્લેખ છે. આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદે દાદૂ તેલી (ઘાંચી) હોવાનો ઉલ્લેખ કર્યો છે. આમ તો પીંજારા જાતિના લોકો રૂ પીંજવા ઉપરાંત તેલની ઘાણી પણ પીલવાનો ધંધો પહેલેથી કરતા આવ્યા છે, એથી ઘાંચી-પીંજારા શબ્દ સામાન્ય રીતે વપરાય છે. મિશનરી ડૉ. ઓર પણ દાદૂ 'પીંજારા' હોવાનું પ્રમાણભૂત માને છે. ફાધર જૉન ટોમ્સ, આચાર્ય શ્રી ક્ષિતિમોહન સેન, પીતાંબર બડથ્વાલ, પરશુરામ ચતુર્વેદી, ડૉ. રામકુમાર વર્મા, પં. ચંદ્રિકાપ્રસાદ, શ્રી ભુવનેશ્વરપ્રસાદ માધવ, ભીમસેન કેડિયા, વગેરે પ્રભૂતિ વિદ્વાનો પણ દાદૂ 'પીંજારા' હોવાની પુષ્ટિ આપે છે.

દાદૂના જન્મ વિશે જનગોપાલ 'જન્મલીલા પરચી'માં દાદૂનો જન્મ સંવત ૧૬૦૧ (સન ૧૫૪૪)માં અમદાવાદમાં થયો હોવાનું જણાવે છે :

સંવત સોલહ સો એકોપર
સંત એક ઉપજ્યો ભૂમિ પર
પચ્છિમ દિશા અહમદાબાદ
તીઠાં સાધ પરગટે દાદૂ.

આ 'પરચી'માં સ્વામી જનગોપાલે સંત દાદૂના પ્રગટ–પિતા હોવાનું કહ્યું છે. એમનાં માતા–પિતાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી તેમજ પત્ની કે સંતાનોની માહિતી એમાં આપી નથી. પરંતુ આચાર્ય ક્ષિતિમોહન સેન સંત દાદૂનું મૂળ નામ દાઉદ હોવાનું કહે છે. બંગાળી બાઉલોની વંદનામાં એક સ્થળે એવો ઉલ્લેખ છે–'શ્રીયુક્ત દાઉદ બન્દિ દાદૂ યાર નામ.' દાદૂના પિતાનું નામ સુલેમાન હતું અને એમની પત્નીનું નામ હવા હતું, તથા એમનાં બે પુત્રો ગરીબદાસ અને મિસ્કીનદાસ તથા બે પુત્રીઓ નાનીબાઈ અને માતાબાઈ હતી. કેટલાક વિદ્વાનો એમની પુત્રીનાં નામો અબ્બા અને સબ્બા હોવાનું માને છે. કેટલાક વિદ્વાનો હવાને એમની મોટી પુત્રી કહે છે, તો કેટલાક હવા અને શબા બંને પુત્રીઓ હતી એવું માને છે, જ્યારે જનગોપાલની 'પરચી'માં હવાબાઈનો વિરક્ત સ્ત્રી તરીકે ઉલ્લેખ થયો છે.

પંડિત સુધાકર ત્રિવેદીના કથન પ્રમાણે પોતાની પત્નીના અવસાનથી એમણે ગૃહત્યાગ કર્યો હતો.

**ગુરુ :** દાદૂના ગુરુ વિશે કહેવાય છે કે, જ્યારે તે અગિયાર વર્ષના હતા ત્યારે ગુરુએ એમને પ્રથમ દર્શન અલખ પુરુષ રૂપે આપ્યાં હતાં. આ વિશે 'ગુરુદેવજી કા અંગ'માં એક સાખી છે:

દાદૂ ગૈબ માંહિ ગુરુદેવ મિલ્યા
પાયા હમ પરસાદ,
મસતકિ મેરે કર ધરયા
દષ્યા અગમ અગાધ.

દાદૂપંથીઓની માન્યતા પ્રમાણે આ પ્રસંગ પછી સાત વર્ષે ફરી એક સિદ્ધ પુરુષે દર્શન આપ્યાં અને દાદૂ પાસે એક પૈસો માગ્યો, અને પ્રસન્ન થઈને દાદૂના મસ્તકે હાથ મૂકીને એમના દેહમાં પરમ શક્તિનો સંચાર કર્યો

અને ઉપદેશ આપ્યો. દાદૂપંથીઓ આ સાધુને બુઢન કહે છે. સુંદરદાસે એનો ઉલ્લેખ 'ગુરુ સંપ્રદાય'માં કર્યો છે. ડૉ. વિલ્સન આ બુઢનને દેહધારી સાધુ ગણે છે. એની પરંપરા વર્ણવતાં તેઓ જણાવે છે કે, કબીરના શિષ્ય કમાલ હતા, કમાલના શિષ્ય જમાલ, જમાલના શિષ્ય વિમલ અને વિમલના શિષ્ય બુઢન હતા. આચાર્ય પરશુરામ ચતુર્વેદીના કહેવા પ્રમાણે બુઢનનું નામ બુરહાનુદ્દીન હતું. લોકો એમને બુઢનબાબાના લાડકા નામથી સંબોધતા હતા. ડૉ. ઑરના મત પ્રમાણે સમ્રાટ અકબરના રાજ્યકાળ દરમ્યાન શેખ બુઢંન નામના એક મુસ્લિમ સંત હતા. તેઓ સૂફી ધર્મના કાદિરી શાખાના અનુયાયી હતા. એમના પિતાનું નામ ઈસ્માઈલ હતું. એમના વંશજો આજે પણ સાંભરમાં કાજી તરીકે જાણીતા છે. ડૉ. ઑરના પરિચિત કાજી ગુલામ નબીના સમયમાં એક એવો નિયમ હતો કે, નરાણા દાદૂ દ્વારની ગાદી પર જે કોઈ નવા મહંત આવે એમને સાંભરના કાજી તરફથી એક સુતરાઉ લેબાસ, એક સાફો અને બીજી ભેટ સામગ્રી મોકલવામાં આવતી હતી. આ રીતે ગુરુના વંશજો તરફથી એમને એક જાતની સ્વીકૃતિ અને આશીર્વાદ આપવામાં આવતાં હતાં.

**દેશાટન :** અમદાવાદમાં દાદૂ અઢાર વર્ષ સુધી રહ્યા અને ગુરુ મહાત્મા બુઢન પાસેથી ઉપદેશ ગ્રહણ કરી પેટલાદ, કલ્યાણપુર વગેરે સ્થળોએ એક વર્ષ સુધી ફર્યા અને પછી જયપુર રાજ્યમાં સાંભર ગામે આવીને વસ્યા. આ પછી બત્રીસ વર્ષની વયે તેઓ આંબેરમાં આવીને વસ્યા. તેઓ લગભગ ચૌદ વર્ષ આંબેરમાં રહ્યા. એ પછી બાર વર્ષ સુધી જ્ઞાનોપદેશ આપતાં દેશાટન કરતા રહ્યા. આ સમય દરમ્યાન દાદૂના જીવનની બે યાત્રાઓ અત્યંત પ્રસિદ્ધ છે : બાદશાહ અકબર સાથે સીકરીમાંની મુલાકાત અને બીજી સીકરીથી પાછા વળતાં આમેરની યાત્રા. સીકરી યાત્રામાં થયેલ અકબર સાથેની મુલાકાતનો ઉલ્લેખ એમના શિષ્ય રજ્જૂબે કર્યો છે :

અકબર સાહિ બુલાઈયા
    ગુરુ દાદૂ કો આપ,
સાંચ ઝૂઠ બ્યોરો હુઓ
    તબ રહયો નામ પરતાપ.

સંવત ૧૬૪૨માં ફતેહપુર સીકરીમાં અકબર સાથે દાદૂનો મેળાપ થયો ત્યારે ચાલીસ દિવસના સત્સંગ દરમ્યાન અકબરે એમને ખુદાનાં જાતિ, અંગ, વજૂદ, રંગ, આદિ વિશે પ્રશ્ન પૂછેલા અને દાદૂએ એમના ઉત્તર આપતાં કહેલું :

ઈસહક અલહકી જાત હૈ,
ઈસહક અલહકા અંગ,
ઈસહક અલહ ઔજુદ હૈ,
ઈસહક અલહકા રંગ.

દાદૂ સાથે થયેલા આ સત્સંગ પછી શહેનશાહ અકબરે હિજરી સનને બદલે ઈલાહી સન નામે નવો સંવત શરૂ કરેલો અને પોતાના નામની મુદ્રાની જગ્યાએ અલ્લાહના નામની મુદ્રાઓ બનાવી. આ મુદ્રાની એક બાજુ 'અલ્લાહુ અકબર' અને બીજી તરફ 'જલ જલ્લાલુહ' અંકિત કરવામાં આવ્યું.

ફતેહપુર સીકરીની યાત્રાથી પાછા વળતાં દાદૂ આમેર આવીને રહ્યા અને પોતાના અસંખ્ય શિષ્યોના આગ્રહથી જ્ઞાન પ્રચારાર્થે તેમણે રાજસ્થાનના જુદા જુદા પ્રદેશોની યાત્રા કરી, જેને 'મોટી યાત્રા' કહે છે. આ સિવાય એમણે કાશી, બિહાર અને બંગાળમાં પણ પરિભ્રમણ કર્યું હતું. એથી દાદૂની વાણીમાં એક તરફ નાથયોગીઓનો પ્રભાવ અને બીજી તરફ બંગાળના બાઉલ પ્રત્યેની એમની શ્રદ્ધા જોવા મળે છે.

સંવત ૧૬૫૫માં તેઓ નરાણા આવ્યા. અહીં ત્રણ વર્ષ સુધી તેઓ અખંડ કીર્તન—સત્સંગમાં લીન રહ્યા. સંવત ૧૬૫૮માં તેમણે યાત્રા આરંભી. આ રીતે દોઢ વર્ષ પછી નરાણા પાછા આવ્યા અને ૫૯ વર્ષની વયે સંવત ૧૬૬૦ જ્યેષ્ઠ વદી આઠમને દિવસે તેમણે દેહ છોડયો :

સોલહ સૌ કે આઠમે
જેઠ આઠ અનવાર
કૃષ્ણ પીષ દિન પહર ચઢતા
સ્વામી મિલે કરતાર.

—**ભક્તમાલ**

આ નિમિત્તે દર વર્ષે રાજસ્થાનમાં સાંભર પાસે આવેલા નરાણા ગામમાં ફાગણ સુદ ૫ થી ૧૧ સુધી દાદૂપંથીઓનો મેળો ભરાય છે. દૂર દૂરથી સાધુ—સંતો પધારે છે અને સંતસમાગમ, જાગરણ તથા આખ્યાન વગેરે જ્ઞાનચર્ચા થાય છે.

આ પ્રસંગે દાદૂપંથી અખાડાઓના મહંતો તેમજ ગૃહસ્થ ભક્તજનો નરાણાના પ્રમુખ મહંતને ભેટ મોકલે છે; જે જે મુખ્ય સેવકો આવ્યા હોય છે તેમને ભંડારમાંથી એક એક નવું વસ્ત્ર ઓઢાડવામાં આવે છે.

ફાગણ સુદી ૫ને દિવસે મહાત્મા દાદૂ સૌ પ્રથમ નરાણા પધાર્યા હતા. તે દિવસના આ ઉત્સવને 'સામેલા' તરીકે ઊજવે છે અને ફાલ્ગુન સુદ ૮ને દાદૂના જન્મ ઉત્સવ તરીકે મનાવે છે. એકાદશીને દિવસે ઉપવાસ રાખવામાં આવે છે, અને બારસનાં પારણાં કરીને મેળાનું વિસર્જન થાય છે.

**દાદૂનું વ્યક્તિત્વ :** દાદૂએ એમના મહાન ઓજસ્વી વ્યક્તિત્વ તથા સરલ અને ઉદાત્ત હૃદય દ્વારા દેશના અસંખ્ય લોકોને પ્રભાવિત કર્યા હતા અને એમની કારુણ્યસભર વાણી અને ઉપદેશે કરી મોટા ભાગનો જનસમુદાય એમના પંથ તરફ આકર્ષાયો હતો.

દાદૂ માત્ર સંતકવિ જ નહોતા; કબીરની જેમ દાર્શનિક, વિચારક, સમાજસુધારક અને સાધક પણ હતા. તે પોતાના યુગના એક મહાન સમાજ-સુધારક, માર્ગદર્શક અને ધર્મગુરુ હતા. અભણ અને અજ્ઞાન લોકો પ્રત્યે એમનો અનન્ય દયાભાવ હતો, એથી લોકો ભક્તિભાવથી એમને દાદૂ–દયાલ કહેતા.

**રચનાઓ :** સંત દાદૂની રચનાઓની સંખ્યા આશરે વીસ હજાર માનવામાં આવે છે. તેમાં એમનાં પદ, સાખીઓ તથા અન્ય રચનાઓનો સમાવેશ થાય છે; જોકે અત્યારે આમાંની બધી રચનાઓ પ્રાપ્ત નથી. જેટલી રચનાઓ પ્રાપ્ત હતી એ બધીનો સર્વપ્રથમ બૃહદ સંગ્રહ દાદૂના શિષ્ય સંતદાસે અને જગન્નાથદાસે 'હરડેવાણી' નામથી સંકલિત કર્યો છે. આ પછી એમના પટશિષ્ય રજ્જબજીએ આ સંગ્રહને વર્ગીકરણ કરીને ૩૭ જુદાં જુદાં અંગોમાં વહેંચી, 'અંગબધૂ' નામે સુવ્યવસ્થિત રીતે સંગૃહીત કર્યો, જેમાં ૨૬૨૩ સાખીઓ અને ૪૪૫ પદો છે.

આ સંગ્રહ પછી બીજો એક સંગ્રહ ડૉ. રાય દલજંગસિંહે તૈયાર કરેલો. પરંતુ એ કરતાં વધુ પ્રામાણિક ત્રીજો સંગ્રહ પંડિત ચંદ્રિકાપ્રસાદ ત્રિપાઠીએ કર્યો છે. એમાં ૨૬૫૨ સાખીઓ છે અને ૪૪૫ પદો છે. એમને જુદા જુદા ૨૭ રાગોમાં વિભક્ત કર્યાં છે. 'દાદૂવાણી' તરીકે પ્રસિદ્ધ આ ગ્રંથ દાદૂપંથીઓ માટે અતિ પૂજ્ય અને પવિત્ર ગણાય છે.

**ભાષા શૈલી :** દાદૂની ભાષા સહજ અને સરલ છે. તે સમયની બોલચાલની ભાષામાં વહેતી એમની વાણી છે. એમનાં પદોમાં રાજસ્થાની, ગુજરાતી, ઉર્દૂ, અરબી, ફારસી, પંજાબી, સિંધી અને કવચિત્ મરાઠી ભાષાના પ્રયોગ જોવા મળે છે, જે સહજરૂપે થયા છે. એમનું આ ભાષાવૈવિધ્ય જુદા જુદા પ્રદેશોનુ પરિભ્રમણ, વિવિધ સાધુ–મહાત્માઓ સાથે વિચારવિનિમયને કારણે છે.

દાદૂની વાણી શબ્દાડંબર રહિત, પાંડિત્યપ્રદર્શનથી વેગળી, કાવ્યગત રૂઢિઓથી મુકત અને સ્વાનુભૂતિઓથી સભર છે :

સો ઉપજ કિસ કામ કી,
જે જણ જણ કરે કલેશ;
સાખી સુનિ સમજે સાધકી,
જયોં રસના રસ સેસ.

* *

દાદૂ પદ જોડે સાખી કહે,
વિષે ન છાંડે જીવ;
પાની ઘાલિ બિલોઈયે,
તો કયોં કરિ નીકસે પી[illegible].

## ૨. દાદૂપંથ અને દાદૂપંથી સમાજ

**દાદૂપંથનો પ્રારંભ :** દાદૂ સાંભરમાં નિવાસ કરતા હતા એ સમયે પોતાના અનુયાયીઓ સાથે નિયમિત આધ્યાત્મિક-જ્ઞાનચર્ચા થતી હતી. જ્ઞાન-ચર્ચાને 'અલખદરિબા' કહેતા હતા. કહેવાય છે કે, એમાં ઘણી રહસ્યમયી વિદ્યાની અને ગૂઢ જ્ઞાનની ચર્ચા થતી. એ સમયે દાદૂને આધ્યાત્મિક જિજ્ઞાસુઓના એક આગવા પંથનો વિચાર આવ્યો. એમણે એવા પંથનું વિવરણ થોડા જ શબ્દોમાં આ રીતે કર્યું :

ભાઈ રે, એસા પંથ હમારા.

દ્વૈપખ રહિત પંથગહિ પૂરા અવરણ એક અધારા,
વાદ-વિવાદ કાહૂ સો નાહીં, માંહિ જગત ગૈ ન્યારા,
સમદષ્ટિ સુભાવ સહજ મેં, આપહિ આપ વિચારા.

મેં હો તૈં મેરી યહુ મતિ નાહિ, નિખૈરી નિરાકારા,
પૂરણ સબૈ દૈષિ આયા પર, નિરાલંબ નિર્ધારા.

કાહૂ કે સંગ મોહ ન મમતા, સંગી સિરજન હારા,
મનહી મન સૌં સમઝિ સયાના, આનંદ એક અપારા.

કામ કલ્પના કરે ન કીજૈ, પૂરણ બ્રહ્મ પિયારા,
ઈહિ પંથિ પહુંચિ પારગહિ, દાદૂ સો તત સહજિ સંભારા.

દાદૂપંથીઓની માન્યતા પ્રમાણે દાદૂએ આ પંથનું નામ 'બ્રહ્મ સંપ્રદાય' અથવા 'પરબ્રહ્મ સંપ્રદાય' રાખ્યું હતું. પરંતુ આ વિષે કોઈ ઉલ્લેખ દાદૂની વાણીમાં મળતો નથી. એથી દાદૂએ આ પ્રકારના કોઈ સંપ્રદાયની રચના કરી હોય એવું સ્પષ્ટ થતું નથી. પાછળથી આ સંપ્રદાય 'દાદૂ-પંથ' નામે ઓળખાયો.

કબીરપંથની જેમ દાદૂપંથમાં પણ ઈશ્વરની ઉપાસના નિર્ગુણ રૂપે કરવામાં આવી છે. જાતિગત ભેદભાવને દૂર કરીને સહજભાવથી નિરાકાર બ્રહ્મની સાધના કરવાનો દાદૂએ પોતાના અનુયાયીઓને ઉપદેશ આપેલો છે. દાદૂના જીવનકાળમાં જ આ ઉપદેશનો બહુ વ્યાપક પ્રચાર રાજસ્થામાં અને તેની બહાર પણ થઈ ચૂકયો હતો. કબીરની જેમ દાદૂએ પણ ઉપાસનામાં આત્માની અનુભૂતિ

તેમજ સહજ ભકિત પર વિશેષ ભાર મૂકયો છે. સંકુચિતતા, ભેદભાવ તથા બાહ્ય આડંબરની અનાવશ્યકતા પ્રતિ દાદૂએ નિર્દેશ કરેલો છે. પરંતુ કબીર તેમજ દાદૂની ઉપદેશપદ્ધતિમાં અંતર છે. દાદૂએ પોતાનો વિરોધ હંમેશાં વિનમ્રતાથી, પ્રેમથી અને સરળતાથી વ્યકત કરેલો છે. કબીરની જેમ તેમણે કઠોર પ્રહાર દ્વારા વિરોધીઓનું ખંડન કર્યું નથી. દાદૂએ સરળતાથી તેમજ પ્રેમપૂર્વક પોતાની વાણીમાં પોતાનાં અનુભૂતિ, શાશ્વત સત્ય તેમજ પરમ તત્ત્વની સહજ રૂપે અભિવ્યકિત કરી છે. દાદૂપંથ મૂર્તિપૂજા પર વિશ્વાસ ધરાવતો નથી. ઈશ્વરની ઉપાસના નિરાકાર, નિર્ગુણ બ્રહ્મના રૂપે કરવામાં આવે છે. વૈષ્ણવ સંપ્રદાયની માફક કંઠી, તિલક વગેરે આચારધર્મનાં ઉપાદાનોને દાદૂપંથ નિરર્થક માને છે, સહજ રૂપે ધ્યાન તથા નામસ્મરણને જ ઉપાસનાનું શ્રેષ્ઠ સાધન ગણે છે. દાદૂની રચનાઓમાં પ્રેમભકિતને જે ઉત્કૃષ્ટ અભિવ્યકિત મળી છે તે સંભવ છે કે સૂફીવાદીનો પ્રભાવ દર્શાવે છે. મુસલમાન હોવાને કારણે તેઓ પ્રસંગોપાત્ત સૂફી ફકીરોના સત્સંગમાં આવ્યા હોય તેવો સંભવ છે. દાદૂ નિર્ગુણ ભકત હતા, પરંતુ તેમની સાધનામાં પ્રેમનું જે ઉત્કૃષ્ટ સ્વરૂપ જોવા મળે છે તે સગુણોપાસનાની ભકિતથી કોઈ પણ રીતે ઊતરતું નથી. શુદ્ધ નિર્ગુણ ભકત હોવા છતાં પણ સગુણ નિર્ગુણ પ્રતિ દાદૂનો દૃષ્ટિકોણ સમન્વયાત્મક હતો. સગુણ નિર્ગુણના વિવાદને અસાર બતાવતાં દાદૂ નામસ્મરણને જ સૌથી વધુ મહત્ત્વનું ગણે છે :

સરગુન નિરગુન પે રહે, જૈસા તૈસા લીન્હ !
હરિ સુમરિન લવ લાઈએ, કા જાનો કા કીન્હ !!

દાદૂપંથમાં ભકત અને પરમાત્માની વચ્ચે અદ્વૈતભાવની જરૂરિયાતને સવિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ અભિન્નતાના ભાવનો વિકાસ કરવાનો ઉપદેશ દાદૂએ પોતાના અનુયાયીઓને આપેલો છે. આને માટે ભકતે પોતાના અહંભાવનો ત્યાગ કરીને ઈષ્ટનાં ચરણોમાં સર્વસ્વ સમર્પણ કરી દેવું જોઈએ. દાદૂ જ્ઞાનમાર્ગી સંતકવિ હતા. તેમણે પોતાના સિદ્ધાંતો સમજાવવા માટે ખંડનાત્મક વૃત્તિનો સહારો નથી લીધો. તેમણે સરળતા તેમજ પ્રેમના બળ પર પોતાની વાતનું પ્રતિપાદન કરેલું છે. દાદૂએ પોતાની અનુભૂતિ દ્વારા પ્રાપ્ત સત્યને જ સત્ય માનેલું છે. પરાનુભવની વાત તેમણે સ્વીકારેલી નથી. તેથી પરમાત્મા તથા પરમ સત્યના સંબંધમાં દાદૂની અભિવ્યકિત બહુ જ માર્મિક બની શકી છે. દાદૂપંથમાં ઈશ્વરને સર્વવ્યાપી સત્ય રૂપે જોવામાં આવે છે. સહજ ભકિતભાવ અને પ્રેમભરી દૃષ્ટિથી આ વિશ્વને જોવું જોઈએ. એ પરબ્રહ્મ સાથે તાદાત્મ્ય સ્થાપિત કરવા માટે સાધકે આત્મસમર્પણ કરવું જોઈએ.

દાદૂના ૧૫૨ મુખ્ય શિષ્યો હતા. તેમાંથી ૧૦૦ શિષ્યો એકાંતવાસી હતા. બાકીના ૫૨ શિષ્યો જુદા જુદા 'થાંભા' (સ્તંભ)–'સંપ્રદાયનાં કેન્દ્ર'–સંભાળતા હતા. આ રીતે બાવન ગાદીઓ સ્થપાઈ. એમાંથી કેટલીક આજે પણ જોવા મળે છે.

દાદૂની આ શિષ્યોની નામાવલિ આ પ્રમાણે છે :

રજ્જબ, ગરીબદાસ, મિસ્કીનદાસ, બાઈ રામકુમારી, શ્યામકુમારી, નાના સુંદરદાસ, મોટા સુંદરદાસ, પ્રયાગદાસ, મોહનજી દફતરી, મોહનજી મેવાડા, મોહનજી દરિયાઈ, મોહનજી ભજનિક, જનજીવનદાસ, જગન્નાથન, મોટા ગોપાલજી, નાના ગોપાલજી, જનગરીબજી, જૈમલજી ચૌહાણ, જૈમલજી જોગી, સાદા પરમાનંદજી, તેજાનંદજી, બનવારીજી, સાધુજી, હરદાસ, કપિલજી, ચતુર્ભુજ, ચત્રદાસજી, નાના ચત્રદાસજી, ચરણદાસજી, પ્રયાગદાસજી વિયાણી, પ્રયાગદાસજી, ચેનજી, પ્રહ્લાદજી, બખનાજી, જગ્ગાજી, લાલાસજી, માખૂજી, ટીલાજી, ચાંદાજી, હિંગોલગિરિજી, હરિસિંહજી, નારાયણદાસજી, જૈસાજી, શંકરજી, જગ્ગૂ, વાંજૂજી, સંતદાસજી, ટીકૂજી, શ્યામદાસજી, માધવદાસજી, નાગર નિજાચીજી.

**ઉપસંપ્રદાયો :** મુખ્ય દાદૂગાદીના મહંત જૈતરામના સમયમાં અને તે પછી દાદૂપંથમાં ફાંટા પડવા લાગ્યા, અને તે રીતે ધીમે ધીમે દાદૂપંથીઓ પાંચ ભાગમાં વહેંચાઈ ગયા. પાંચે સંપ્રદાયનાં નામ જુદાં જુદાં રાખવામાં આવ્યાં. છતાં સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો અને મહાત્મા દાદૂ પ્રત્યેનાં એમનાં શ્રદ્ધા અને આદરભાવમાં કોઈ ફરક પડ્યો નથી. આ પાંચ શાખાઓ આ પ્રમાણે છે : (૧) ખાલસા, (૨) નાગા, (૩) વિરક્ત, (૪) ખાકી, (૫) ઉતરાગઢી.

**ખાલસા :** દાદૂ પંથની મૂળગાદી નરાણામાં છે, એના ઉત્તરાધિકારીઓની શાખા 'ખાલસા' તરીકે ઓળખાય છે. બીજી શાખાઓ કરતાં આ શાખા પ્રત્યે વિશેષ આદરભાવ છે. એના અનુયાયીઓ પહેલાં કટિવસ્ત્ર, ટોપી અને ચોલા પહેરતા હતા; પરંતુ હવે ડગલો, ધોતી અને સાફો પહેરે છે. જયપુરમાં દાદૂ મહાવિદ્યાલય ચાલે છે, તેનું સંચાલન ખાલસા શાખા કરે છે.

**નાગા :** નાગા શાખાના પ્રવર્તક બિકાનેરના વતની મોટા સુંદરદાસ હતા. આ શાખાનું સ્થળ (થાંભા) નરાણામાં પણ છે. આ શાખાના અનુયાયીઓ ખૂબ જ સાદાં વસ્ત્રો પહેરે છે, અને એકબીજાને મળે છે ત્યારે 'સતનામ' કહી વંદના કરે છે. આ લોકો શસ્ત્રસંચાલન અને યુદ્ધવિદ્યામાં નિપુણ ગણાતા

હતા. વિલ્સન કુકે એમના વિશે લખ્યું છે. જયપુરની આસપાસનાં ગામોમાં વસતા આ લોકોને સાત વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યા છે. ગૃહસ્થજીવન જીવતા નાગાઓ ખેતી કરે છે, ઊંટ પાળે છે, અને નાણાંની લેવડદેવડ તથા ધીરધારનો ધંધો કરી જીવન ગુજારે છે. 'સીન્ક' નાગાઓ પાસે ખાસ કરીને તલવાર, ઢાલ અને સામાન્ય એવી બંદૂક પણ હોય છે. આ નાગા સૈનિકોએ ૧૮૫૭ના બળવા વખતે કંપની સરકારને ઘણી મદદ કરી હતી; તેથી અંગ્રેજ લેખકો આજે પણ એમની પ્રશંસા કરે છે.

**વિરક્ત :** આ શાખાના અનુયાયીઓ વૈરાગી સાધુ હોય છે. એ કદી એક સ્થળે સ્થિર રહેતા નથી. તેઓ શરીર પર કેવળ એક કાષાય વસ્ત્ર પહેરે છે અને હાથમાં કમંડળ રાખે છે. તેઓ ધનને સ્પર્શ કરતા નથી; ભિક્ષાવૃત્તિ દ્વારા જીવનનિર્વાહ કરે છે અને નિત્ય નિયમ પ્રમાણે દાદૂની વાણી તથા સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કરતા રહે છે. તેઓ મોટા ભાગે મસ્તક ખુલ્લું રાખે છે અને એક જ વસ્ત્ર પહેરે છે અને હાથમાં કમંડળ રાખે છે.

**ખાકી :** આ સાધુ શરીર પર ભસ્મ લગાવે છે, માથે જટા રાખે છે અને એમની જમાત ઠેર ઠેર ફરતી રહે છે. કોઈ એક સ્થળે તેઓ નિવાસ કરતા નથી. ખાકી સાધુઓ દૈહિક ક્રિયા—સાધના પણ કરે છે.

**ઉત્તરાગઢી :** આ સંપ્રદાયના સાધુઓ રાજસ્થાન છોડીને ઉત્તરમાં પંજાબ તરફ ચાલ્યા ગયા, અને ત્યાં પંથનો પ્રચાર કરતા રહ્યા. એથી તેમની શાખા ઉત્તરાધા તરીકે પણ ઓળખાય છે. એમનું મુખ્ય કેન્દ્ર હિસાર જિલ્લામાં રસિયા ગામ છે. આ શાખાના પ્રવર્તક તરીકે કોઈ બનવારીદાસને તો કોઈ રજ્જબજીને માને છે. આ શાખાના અનુયાયીઓ હિસાર, રોહતક, પટિયાલા, દિલ્હી વગેરે સ્થળોએ જોવા મળે છે.

શરૂઆતમાં આ ઉપસંપ્રદાયના લોકો મૂર્તિપૂજા કરતા હતા, પણ નાગા લોકો તરફથી તેમાં અવરોધ નાખવામાં આવતાં એમણે મૂર્તિપૂજા છોડી દીધી. આ શાખાના જુદા જુદા થાંભાઓ છે. એકલા ડેહરા ગામમાં ૧૪ ગાદીઓ આજે પણ છે. એના મુખ્ય મહંત રસિયા ગામમાં રહે છે.

દાદૂ પંથની સ્થાપના ભલે ગુજરાતમાં ન થઈ હોય, પરંતુ ગુજરાતના સંત-ભક્તો પર કબીર પંથ તથા પ્રણામી સંપ્રદાય ઉપરાંત દાદૂપંથનો પણ ઘણો પ્રભાવ પડયો છે.

# દાદૂપંથી સમાજ

દાદૂપંથી સમાજ મુખ્યત્વે બે સંપ્રદાયોમાં વહેંચાયેલો છે. તેમાંના એકમાં સ્વામી અથવા સાધુઓ છે અને બીજામાં સેવક કે ગૃહસ્થો છે. એમાંના પહેલા વર્ગના સાધુઓ ખાસ કરી બ્રહ્મચર્યવ્રતધારી જીવન જીવે છે, વિરક્તિ ભાવ ધારણ કરે છે અને ધર્મનો બોધ આપે છે. તેઓ ઘણા વિદ્વાન હોય છે અને તેઓનો મુખ્ય ઉદ્દેશ સર્વસાધારણ ગૃહસ્થોમાં ફરી તેમને દાદૂની વાણીમાંનાં ગૂઢ રહસ્યોથી પરિચિત કરવાનો તથા પંથના સિદ્ધાંતો અને નિયમો પ્રમાણે વ્યવહાર કરવા માટે ઉપદેશ આપવાનો છે. પરંતુ આમાંના કેટલાક સાધુઓ ઓછું ભણેલા કે સંજોગવશાત અભણ પણ હોય છે. તેઓ ગૃહસ્થોના દ્વાર પર જઈ મામૂલી ભિક્ષુકો પેઠે ભીખ માગતા ફરે છે. આ લોકો ઘણુંખરું ભગવાં વસ્ત્રો પહેરે છે અને કયારેક તો તેઓ બીજા કેટલાક સાધુઓની પેઠે એકાદ બે માળાઓ પણ ધારણ કરે છે. સેવકદળના લોકોનું કામ આ રીતે ગૃહસ્થજીવન વિતાવવાનું, દાદૂની વાણીનું વાચન અથવા કથન-શ્રાવણ તથા અતિથિસેવા કરવાનું છે. જે લોકો ધનિક છે તે પોતાની શક્તિ પ્રમાણે જુદા જુદા વ્યવસાય કરતા હોય છે અને જે નિર્ધન હોય છે તે નોકરી ચાકરી કરીને ગુજારો કરે છે.

**દાદૂપંથીની વિશેષતા :** દાદૂપંથી લોકોનું સ્થાન ધાર્મિક સમાજમાં ઘણું ઊંચું રહ્યું છે. દાસજી નામના એક ભક્તે આ પંથ વિશે લખ્યું છે કે "જેનામાં કિંચિત પણ અભિમાન ન હોય, જે પરમાત્માની આરાધના પોતાના હૃદયમાં જ કરતો હોય, બાહ્ય દેખાવને જરાય પસંદ ન કરે, દુનિયાદારીના ભેદભાવોથી સદાય નિરાળો રહેતો હોય અને જે દર્શન-વિશેષનો આશરો ન લેતાં પોતાના મન પર પૂરો વિજય મેળવવાના કાર્યને વધુ મહત્ત્વ આપતો હોય, તે ખરો દાદૂપંથી છે.

જેણે બધાં વિધિવિધાનો તથા પરંપરાઓનો ત્યાગ કર્યો હોય, જે કોઈ પણ અવતારમાં નહીં માનતાં કેવળ એક નિર્વિશેષ બ્રહ્મની ઉપાસના પોતાની અંદર કર્યા કરતો હોય, તે જ સાચો દાદૂપંથી છે. જેની દૃષ્ટિએ ઊંચનીચનો ભેદ-ભાવ નથી, જેની નજરમાં રાજા અને રંક એકસમાન છે, જે પોતાના હૃદયના અંતઃસ્તલમાં પરમાત્મા પ્રત્યેના પ્રેમભાવને જાગૃત રાખે છે, એ જ ખરો દાદૂપંથી છે. કામ-ક્રોધાદિ ષડરિપુ અને મન પર જેણે વિજય મેળવ્યો હોય, જે ખાન-પાન અને પહેરવેશમાં સંયમી હોય, જનસેવા માટે જે સદાય તત્પર હોય, જેને

પરમાત્માના સંયોગમાં આનંદ અને તેના વિયોગમાં દુ:ખ દેખાતું હોય અને જે નિર્ગુણ બ્રહ્મમાં જ રમણ કરતો હોય એ જ ખરો દાદૂપંથી છે. સત્ય માટે સર્વ પ્રકારનાં અસત્યોનો જે સર્વથા ત્યાગ કરે છે, જેના વિચાર નિર્ભયતાપૂર્વક આત્મસાધનમાં સદાય લીન રહે છે, જે સર્વદા શાશ્વત સત્યને જ પ્રકટ કરતો હોય છે, જેનું અંતર કોમળ અને સ્વભાવ નમ્ર હોય છે અને જે પોતાનો મત આપતી વખતે હંમેશાં સ્પષ્ટ અને સાવધાન રહે છે, એ જ ખરો દાદૂપંથી છે." આ રીતે, જેનામાં ઉપર વર્ણવેલ ગુણો અને આદર્શો હોય અને જે મન, વાણી અને કર્મથી તેમ વર્તતો હોય, એ જ ખરો દાદૂપંથી છે–

'દુર્બલ દેહી નિર્મલ વાણી, દાદૂપંથી ઐસા જાણી.'

# ૩. દાદૂના શિષ્યો અને તેમના સ્તંભો

દાદૂપંથના મુખ્ય બાવન શિષ્યો ગણાય છે. આ બધા શિષ્યોએ પોતપોતાના મત અનુસાર બાવન સ્તંભ (સંપ્રદાયની મુખ્ય આધારપીઠ)ની સ્થાપના કરી છે. એમાંની કેટલીક પીઠ આજે પણ મોજૂદ છે. પરંતુ આ બાવન શિષ્યોની પ્રામાણિક નામાવલિ તેમજ આ આધારપીઠોની કોઈ પૂરી માહિતી મળી શકતી નથી. આ સંપ્રદાયમાંથી કેટલાક ઉપસંપ્રદાયો પણ નીકળ્યા છે, પણ તે એવા તો હિંદુસમાજની ધારામાં ભળી ગયા છે કે તેમાં કશી વિશિષ્ટતા કે સાંપ્રદાયિક સંજ્ઞા જોવા મળતી નથી. તેમ છતાં દાદૂના શિષ્યોમાંના અનેક સાધુપુરુષો પોતાના કાર્યને લીધે આજ સુધી જાણીતા છે. જનગોપાલ અને જગજીવને પોતાના ગુરુની 'જીવનપરચી' લખી છે, સંતદાસે અને જગન્નાથે ગુરુની વાણીના બૃહદ સંગ્રહ 'હરડે બાની'નું સંપાદન કર્યું છે, ક્ષેત્રદાસે દાદૂના પંથ અને જીવન વિશે પરિચય આપ્યો છે અને ચંપારામે તેમની દૃષ્ટાંતકથાઓનો એક સુંદર સંગ્રહ આપ્યો છે. આ રીતે દાદૂ પંથના સાધુઓ કંઈ કંઈ વિશિષ્ટ પ્રદાન કરીને ખ્યાતિ પામ્યા છે.

## ૧. રજ્જબજી

સંત દાદૂ દયાળના શિષ્યોમાં રજ્જબજીનું સ્થાન સર્વમાં મોખરે છે. એમનો જન્મ સાંગાનેરના એક ખાનદાન પઠાણ વંશમાં થયો હતો. રજ્જબજીના પિતા જયપુરના મહારાજાની ચાકરીમાં નાયકના હોદ્દા પર હતા અને ત્યાં એમનો સારો એવો માન-મરતબો હતો. રજ્જબજીનો જન્મ સંવત ૧૬૨૪ની આસપાસ થયો હતો. એમનું નામ રજ્જબઅલીખાં હતું. તે જમાનાના રીતરિવાજ પ્રમાણે કસરત, કુસ્તી, શસ્ત્ર વગેરેની તાલીમ એમને નાનપણથી જ મળી હતી. એમનું શરીર સુંદર અને સુદૃઢ હતું અને એમનું વ્યક્તિત્વ પણ એટલું જ આકર્ષક હતું. કહેવાય છે કે એમણે સારો એવો અભ્યાસ કર્યો હતો. પણ એ વિષે કોઈ પ્રમાણભૂત પુરાવો મળતો નથી. એટલું ચોક્કસ કહી શકાય કે, નાનપણથી જ સાધુ-સંન્યાસી અને ફકીરોના સત્સંગ તરફ એમનું મન ઢળેલું હતું, અને ધાર્મિક સત્સંગમાં એમને ખૂબ રસ પડતો હતો.

સાંગાનેર નગર આંબેરથી લગભગ પંદરેક માઈલ દૂર દક્ષિણ દિશામાં આવેલું છે. યુવાન રજ્જબખાંનું સગપણ પઠાણ વંશના એક પ્રતિષ્ઠિત કુટુંબમાં

થયું હતું. ચોક્કસ મિતિએ દાદૂનાં લગ્ન લેવાયાં. તેમની જાન આંબેરના માર્ગ પરથી પસાર થતી હતી, ત્યાં વચ્ચે સંત દાદૂનું ઘર આવ્યું. દાદૂ ઓટલા પર બેઠા હતા. વરરાજાના વેષમાં સજ્જ થયેલો યુવાન રજ્જબ ઘોડા પરથી ઊતરીને દાદૂના આશીર્વાદ લેવા આવ્યો. તે વેળા દાદૂ ધ્યાનસ્થ હતા. તેથી રજ્જબ થોડીવાર ઊભા રહ્યા. એમની આંખો ઊઘડતાં જ રજ્જબના ચિત્ત પર વિદ્યુત શો પ્રભાવ પડયો. રજ્જબનું નીચું ઢળેલું મસ્તક ઊંચું થતાંમાં તો એમના હૈયામાં અનેરો પ્રકાશ છવાઈ ગયો. દાદૂ દયાળના મુખમાંથી એક દોહરો સરી પડયો અને તે રજ્જબના હૈયામાં આરપાર ઊતરી ગયો :

રજ્જબ તે ગજ્જબ કિયા
સિર પર બાંધા મૌર,
આયા થા હરિ ભજન કૂ
કરૈ નરક કી ઠૌર.

(રજ્જબ તેં તો ગજબ કરી દીધો, માથા પર મૉડ બાંધીને. તું તો હરિભજન કરવા આવ્યો હતો, અને નરકની પેરવીમાં પડી ગયો.)

બસ, એ સાંભળતાં જ રજ્જબજીના હૃદયમાં એકાએક વૈરાગ્ય જાગી ઊઠયો અને એ જ ઘડીએ વરરાજાના વાઘા ઉતારીને પોતાના નાના ભાઈને સોંપીને તે ત્યાં જ રોકાઈ ગયા. દાદૂએ એમને શિષ્ય બનાવ્યા. એવું પણ કહેવાય છે કે ગુરુઆજ્ઞાથી તે પ્રસંગની સ્મૃતિમાં રજ્જબજી હમેશાં વરરાજાના પોષાકમાં જ રહેતા. જ્યારે તે પોષાક જૂનો થઈ જતો ત્યારે તેને બદલે કોઈ સેવક તેવો જ બીજો વાઘો તૈયાર કરાવી આપતો. કોઈ પૂછતું તો તે કહેતા કે પ્રિયતમની મુલાકાતનો એ એંધાણી છે.

## ગુરુસેવા અને સત્સંગ

ગુરુ તરફથી આ દીક્ષા સંવત ૧૬૪૪માં મળી ત્યારે રજ્જબની વય લગભગ વીસેક વર્ષની હતી. દાદૂ રજબઅલીખાંને 'રજ્જબ' કહીને બોલાવતા, એટલે તેઓ એ નામે જાણીતા થયા. ગુરુ સાથે તેઓ સતત છાયાની જેમ રહેતા. ગુરુના દરેક શબ્દને તે અત્યંત પ્રેમ અને શ્રદ્ધાથી હૃદયમાં ધારણ કરતા. આમ છએક વર્ષના ગુરુના સતત સાન્નિધ્યથી તેમને વાણીનું સ્ફૂરણ થયું અને પદો તથા સાખીઓ રચાતાં ગયાં. એ સાથે એમની ખ્યાતિ સાધુસંતોમાં દૂર દૂર

સુધી ફેલાતી ગઈ. ગુરુના પણ તેઓ અત્યંત પ્રિય શિષ્ય બની ગયા. એમનો અનુભવ વધવા માંડયો, ત્યારે એમની ભક્તિ અને સિદ્ધિને લીધે લોકો એમના ભણી આકર્ષાવા લાગ્યા અને શિષ્યગણની સંખ્યામાં વધારો થતો ગયો.

## ગુરુભક્તિ

રજ્જબજીએ પોતાના ગુરુની ભારોભાર પ્રશંસા કરી છે અને એમનો ગુણાનુવાદ ગાયો છે. ગુરુ પ્રત્યેની એમની શ્રદ્ધા એમના પ્રત્યેક શબ્દમાંથી નીતરે છે:

ગુરુ ગરવા દાદૂ મિલ્યા,
દીરઘ દિલ દરિયા :
હંસત પ્રસન્ન હોત હી,
ભજન ભલ ભરિયા.

મને એવા મહાન પુરુષ ગુરુના રૂપે મળ્યા, જે ગંભીર દરિયાવ દિલના હતા. એમની પ્રસન્નતાથી જ મારો ભજન રસ છલકાઈ ઊઠતો. એ જ રીતે એમણે ગુરુને 'પરબ્રહ્મના પ્યારા', 'ત્રિગુણારહિત', 'નિર્બન્ધ', 'બ્રહ્મરસરત' તેમજ સ્વઅંગની ઉપેક્ષા કરનારા પણ કહ્યા છે. ગુરુના મૃત્યુ સમયે સંવત ૧૬૬૧માં તેઓ નરાણામાં જ હતા. સંત દાદૂના સ્વર્ગે સંચર્યા પછી આ સંસાર એમને શૂન્ય ભાસવા લાગ્યો. એમનું મન સકલ પસારાથી ઉપરામ બની ગયું અને તેઓ લગભગ આંખો બંધ કરીને જ રહેવા લાગ્યા. એ વેળાની એમની સાખી છે:

દીનદયાલ દિનો દુઃખ દીનન,
દાદૂ સી દોલત હાથ સોં લીન,
શેષ અતી તનસોંજી કિયા હરિ,
રોજિજુ રંકનિકી જગ છીની.

હે પ્રભુ, દાદૂ જેવી દોલતને અમારી પાસેથી ઝૂંટવી લઈને તેં દીનજનોને દુઃખી કર્યાં, જાણે તેં જગના રંકોની રોજી છીનવી લીધી! આ રીતે તેં અમ વિરક્તો પર તારો રોષ ઉતાર્યો!

કહેવાય છે કે, ગુરુના અવસાન પછી એમણે પોતાના વાળ પણ મૂંડાવી નાખ્યા હતા અને બિલકુલ સાદા વેશમાં રહેવા લાગ્યા હતા. રજ્જબજી પોતાના જીવનના અંતકાળે જંગલમાં ચાલ્યા ગયા હતા, જ્યાં ૧૨૨ વર્ષની ઉંમરે સંવત ૧૭૪૬માં તેમનો દેહાંત થયો.

**રજ્જબજીના શિષ્ય :** રજ્જબજીના દશ શિષ્યોનાં નામ રાઘોદાસની 'ભકતમાળ'માં મળી આવે છે. ઉપરાંત એમના બીજા પણ ચાર શિષ્યો હોવાનું જાણવા મળે છે. એમની મુખ્ય યાદી સાંગાનેરમાં છે, પણ ત્યાં કોઈ સાધુ સ્થાયી રહી શકતો નથી. તેમના સ્મારકરૂપે કેટલીક વસ્તુઓ ત્યાં રાખવામાં આવી છે. સાંગાનેર સિવાય બીજાં પણ કેટલાંક નાનાં નાનાં ગામડાંમાં પણ એમના શિષ્યોએ સ્થાપેલા કેટલાક મઠોનાં નામ જાણવા મળે છે. એમના અનુયાયીઓને રજ્જબ-પંથી અથવા 'રજ્જબાવત' કહે છે. આ પ્રકારના સાધુસંતો અનેક સ્થળે જોવા મળે છે.

રજ્જબની ઉપદેશ અને સત્સંગની આગવી રીત હતી. એમનો સત્સંગ નદીના નિર્મળ નીર જેવો એકધારો અને સુંદર દૃષ્ટાંતો સાથે વહેતો હતો. એમના જેવો બરાબરીનો બીજો કોઈ ભાગ્યે જ મળે. તેથી જ એમની પ્રશંસા કરતાં કોઈકે લખ્યું છે કે :

જ્યૂં નૃપકે તપ તેજતે કંપન,
પાસ રહે નાર આઈ કહૂં કે,
ઐસે હિ ભાંતિ સબૈ દૃષ્ટાંતહિ,
આગે ખડે રહેં, રજ્જબજૂ કે.

રજ્જબની આગળ બધાં દૃષ્ટાંત–દાખલાઓ રાજાની સામે સામાન્ય માણસો જેમ હાજર રહે, તેમ હંમેશાં હાજર જ હોય. જ્યાં જ્યારે જરૂર પડે ત્યાં ત્યારે એ સરસ રીતે આવી જાય છે.

## રજ્જબજીની રચનાઓ

રજ્જબજીની રચનાઓમાં તેમના 'વાણી' અને 'સર્વંગી' ગ્રંથો મુખ્ય છે. એમાંનો પહેલો ગ્રંથ પ્રગટ થયો છે, જેમાં એમની લગભગ તમામ રચના સંગ્રહેલી છે. તેમાં સાખીઓની સાથે ૧૯૩ પ્રકરણોમાં ૫૩૫૨ છંદ આપેલા છે. પદોની સંખ્યા ૨૦, રાગ–રાગણીઓ ૨૦૯, ૨૬ પ્રકરણોમાં ૧૧૭ સવૈયા છે. તદુપરાંત ૩૩ ગુણછંદ, ૮૨ અરિલા, ૧૩ નાનાં પ્રકીર્ણ પદો અને ૮૯ છપ્પા જણાય છે. એમનો રચનાકાળ, સ્વ. પુરોહિત હરિનારાયણ શર્માના મતાનુસાર, સંવત ૧૬૫૦ થી ૧૭૪૦ સુધી ગણી શકાય. રજ્જબનો બીજો ગ્રંથ 'સર્વંગી' અનેક રીતે ઉત્તમ છે. એમાં એમની ઘણી રચનાઓ ઉપરાંત દૃષ્ટાંતરૂપે બીજા અનેક સંત અને મહાત્માની રચનાઓ પણ સંગ્રહાયેલી છે. નામદેવ, કબીર, પીપા, રૈદાસ, નાનક, અમરદાસ, અંગદ, ભીષન, હરિદાસ અને વખનાની રચનાઓ

પણ એમાં છે. આ ગ્રંથ હજી અપ્રકાશિત છે અને તે જયપુરમાં 'દાદૂ મહાવિદ્યાલય'ના પુસ્તકાલયમાં સુરક્ષિત છે. રજ્જબની ત્રીજી કૃતિ 'અંગવધૂ' નામથી પ્રખ્યાત છે, જે ખરી રીતે તો દાદૂ દયાળની રચનાઓનો સંગ્રહ છે. તે શીખોના પવિત્ર ગ્રંથ 'આદિગ્રંથ' કરતાં લગભગ દશ વર્ષ પૂર્વે સંગૃહીત થયો હતો. એથી એ ગ્રંથ આદર્શ અને ઉત્તમ ઉદાહરણીય બની રહે છે.

## ૨. સંત સુંદરદાસ

સુંદરદાસ દાદૂ દયાળના મુખ્ય શિષ્યોમાંના એક હતા. દાદૂના બધા શિષ્યોમાં સૌથી વધુ માહિતી સુંદરલાલ વિશે જ મળી શકી છે. તેઓ બસૂર ગોત્રના ખંડેલવાલ વણિક હતા.

એમનો જન્મ સંવત ૧૬૫૩ના ચૈત્ર સુદ ૯ના દિવસે જયપુર રાજ્યની પ્રાચીન રાજધાની ધૌસા નગરમાં થયો હતો. એમના પિતાનું નામ પરમાનંદ અને માતાનું નામ સતી હતું. એમના પિતાનું એક ઉપનામ 'ચોખા' હોવાનું જાણવા મળે છે. આ ગૃહસ્થ પરમાનંદને ઘેર સુંદરદાસનો જન્મ કોઈ મહાત્માના વરદાનના ફળરૂપે થયો હોવાનું કહેવાય છે. જગ્ગા નામના એક દાદૂશિષ્યના જ તેઓ અવતાર હતા, એવું પણ કેટલાક કહે છે. એમનું જન્મસ્થળ આજે ખંડિયેર રૂપે જોવા મળે છે. એમના બસૂર ગોત્રવાળા કોઈ વણિકો હવે એ નગરમાં વસતા નથી.

સુંદરદાસ છ વર્ષની નાની વયે જ સંત દાદૂના શિષ્ય બની ગયા હતા. જ્યારે દાદૂ દયાળ (સંવત ૧૬૫૮–૫૯માં) ધૌસામાં આવ્યા હતા, ત્યારે સુંદરદાસના પિતા એમને લઈ દાદૂની સેવામાં હાજર થયા હતા અને તેમની પાસે પુત્ર માટે દીક્ષાની યાચના કરેલી. આ વિષે લખ્યું છે કે, "દાદૂજી જબ ધૌસા આયે, બાળપને મંહ દર્શન પાયે." અને "તિનહી દીયા આપુને સુંદર કે સિર હાથ." એમનું 'સુંદર' એ નામ પણ બનતાં સુધી દાદૂએ જ પાડયું હતું અને બીજા એક શિષ્યનું નામ સુંદરદાસ હોવાથી તે 'છોટે સુંદરદાસ' તરીકે ઓળખાયા. સુંદરદાસની ગુરુભક્તિ પણ અનન્ય હતી. તેઓ ગુરુસેવામાં સદાય ખડેપગે રહેતા. દાદૂનું શિષ્યત્વ એમણે સ્વીકાર્યું, ત્યારથી જ એમના ગુરુભાઈઓ એમના પ્રત્યે આત્મીયભાવ રાખતા હતા. જગજીવનદાસ (ટહલડીવાળા) એમના પર ઘણો પ્રેમભાવ રાખતા હતા અને એમની પાસે રહીને એમણે ગુરુની વાણી કંઠસ્થ કરી હતી. આ રીતે નાનપણથી એમની પ્રતિભા ખીલવા લાગી હતી, એથી એમને વધુ અભ્યાસ માટે કાશી મોકલવામાં આવ્યા.

સંવત ૧૬૬૩ કે ૧૬૬૪માં, જ્યારે તેઓ ફક્ત ૧૧ વર્ષના હતા ત્યારે, જગજીવન અને રજ્જબજી એમને કાશી લઈ ગયા. ત્યાં એમણે દર્શન ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો. તેઓ વિવિધ શાસ્ત્રોમાં પારંગત થયા. તેઓ ગંગા કિનારે અસીઘાટ પર રહેતા હતા. એમના નિવાસસ્થાનની નિકટમાં આજે પણ દાદૂમઠ એમની યાદ આપતો ઊભો છે.

કાશીમાં અધ્યયન પૂરું કર્યા પછી તેઓ પોતાના ગુરુભાઈઓ સાથે સંવત ૧૬૮૨માં ફતેહપુર શેખાવટીમાં આવ્યા. ત્યાં તેઓ પ્રાગદાસ બીહાણી સાથે થોડો સમય રહ્યા. આ સ્થળે યોગ ગુફામાં પ્રાગદાસ, સંતદાસ, ધડસીદાસ, જગજીવનદાસ, નારાયણદાસ અને ભીષણ નામના ગુરુભાઈઓ સાથે એમણે યોગાભ્યાસ કર્યો. કેટલાક લોકો કહે છે કે, એમની સાથે તે વખતે નારાયણદાસને બદલે વખનાજી રહેતા હતા. આ બધા સાધુ પુરુષો સાધનારત હતા; તપ અને સંયમભર્યું જીવન જીવતા હતા. ધીરે ધીરે એમના ત્યાગ અને તપમય જીવનનો મહિમા સર્વત્ર પ્રસરવા લાગ્યો. ફતેહપુરના લોકો એમનાં દર્શને આવતા. નવાબ અલફખાં પણ સુંદરદાસના દિદાર માટે અવારનવાર આવતા. નવાબને એમના માટે અત્યંત આદર અને પ્રેમ હતો. નવાબ પોતે પણ એક અચ્છા હિન્દી કવિ હતા અને સુંદરદાસ સાથે એમનો સત્સંગ તથા સાહિત્યચર્ચા પણ થતાં. કવિ તરીકે નવાબનું ઉપનામ 'જાનકવિ' હોવાનું કહેવાય છે. ફત્તેહપુરના નિવાસ દરમ્યાન સુંદરદાસે અનેક ચમત્કારો કર્યાનું કહેવાય છે.

સુંદરદાસને પરિભ્રમણ કરવાનું ઘણું ગમતું. એથી અવારનવાર યાત્રાએ પણ નીકળતા. પૂર્વ હિંદમાં બિહાર, બંગાળ, ઓરિસ્સા સુધી ભ્રમણ કરી આવ્યા હતા. ગુજરાત, મધ્યપ્રદેશ, માળવા વગેરેમાં પણ ગયા હતા. પશ્ચિમમાં દ્વારકા અને ઉત્તરમાં બદ્રિકાશ્રમની પણ એમણે યાત્રા કરી હતી. આ બધાં સ્થળોએ સંત-સમાગમમાં આવવાના તથા સત્સંગ કરવાના સારા એવા અવસરો એમને મળ્યા હતા.

આ ઉપરાંત રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ અને દિલ્હીનાં અનેક નગરોમાં તેઓ કેટલીય વાર જઈ આવ્યા હતા. પરિભ્રમણ દરમ્યાન એમણે રચેલા સવૈયાઓ પરથી એમને થયેલા અનુભવોનો પરિચય થાય છે. કેટલેક સ્થળે એમને અણગમતા અનુભવો પણ થયેલા અને એ માટે એમણે પોતાનાં કાવ્યોમાં કેટલીક જગ્યાએ તીખાં વચનોનો પ્રયોગ કર્યો છે.

પોતાના ગુરુભાઈઓમાંના જેમના પર સુંદરદાસને અતિ શ્રદ્ધા હતી, તેમાં રજ્જબજી મુખ્ય હતા. ગુરુવાણી સમજવા માટે એમણે રજ્જબજી અને જગજીવનને સારી એવી સહાય કરી હતી. રજ્જબજીનો સત્સંગ કરવા માટે તો ઘણીવાર તેઓ સાંગાનેર આવજા કરતા. પંડિત હરિનારાયણે રજ્જબજી અને સુંદરદાસની સરખામણી કરતાં લખ્યું છે કે, "આ બંને સંતો ઘણા પ્રભાવશાળી હતા. બંનેમાંથી રજ્જબજીને ગુરુ દાદૂ દયાળ સાથે રહેવાનો અવસર સંવત ૧૬૪૪ થી ૧૬૬૦ સુધી મળ્યો હતો, જ્યારે સુંદરદાસજીને ગુરુ સાથે માત્ર એક જ વર્ષ રહેવાનો લાભ મળ્યો હતો." આમ છતાં વેદાંત, સાંખ્ય તેમજ સાહિત્યિક વિષયોમાં કોઈપણ રીતે તેઓ રજ્જબજીથી ઊતરે તેવા ન હતા. રજ્જબજી કરતાં શાસ્ત્રીય ગ્રંથોનો ઘણો ઊંડો અભ્યાસ તેમણે કર્યો હતો, તો પણ રજ્જબજીની કૃતિઓ મસ્ત સૂફીઓના ઢંગે રચાયેલી હોવાથી દાદૂ દયાળની કૃતિઓને ઘણી મળતી આવે છે અને તે ઉત્કૃષ્ટ જણાઈ છે. આ જ રીતે રજ્જબજીના બધા મળી ૧૩ નાના ગ્રંથો છે, જ્યારે સુંદરદાસની કૃતિઓ ૩૭ કરતાં ઓછી નથી. રજ્જબજીએ સાખીઓ વધુ લખી છે અને તેમનાં પદો પણ ઘણાં સુંદર અને ગંભીર છે. સુંદરદાસના સવૈયા તથા મનહર છંદ અતિ સુંદર, જ્વલંત અને જીવંત છે. ખરી રીતે તો છંદોની વિપુલતા જેટલી રજ્જબજીમાં જણાય છે, તે કરતાં પણ કેટલીક વધુ સુંદરદાસની રચનાઓમાં મળી આવે છે. રજ્જબજીની ભાષા ઘણી ખરી રાજસ્થાની છે, જેમાં તેમનો અનુભવ અને જ્ઞાન ઠાંસી ઠાંસીને ભર્યાં છે અને સમજવામાં કેટલીક વાર ક્લિષ્ટતા લાગે છે. પણ સુંદરદાસની ભાષામાં વ્રજભાષા અને ખડી બોલી વધારે વપરાયેલી છે અને તેમાં મીઠાશ અને સરળતા અર્થની ગંભીરતાની સાથોસાથ અનુભવાય છે. રજ્જબજી અને સુંદરદાસ એ બંને જણા દાદૂના શિષ્યગણમાં પ્રથમ પંક્તિમાં ગણાય છે. જ્યારે સંવત ૧૭૪૬માં રજ્જબજીને મળવા માટે સુંદરલાલ છેલ્લી વેળાએ સાંગાનેર ગયા ત્યારે તેમને જાણવા મળ્યું કે તેમનો દેહાંત થયો છે, તેથી તેમનો વિયોગ સહન ન થતાં એ જ વર્ષે તેમણે પણ દેહત્યાગ કર્યો.

સુંદરદાસ પોતાના જીવનના અંતકાળમાં સાંગાનેર ચાલ્યા ગયા હતા. ત્યાં આગળ જ સંવત ૧૭૪૬ના કારતક સુદ ૮ ના દિને એમનો દેહાંત થયો અને પંથના રિવાજ વિરુદ્ધ એમના શબનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

સુંદરદાસે નાનામોટા બધા મળી કુલ ૪૨ ગ્રંથો રચ્યા છે; એ બધાનો 'સુંદર ગ્રંથાવલી'માં સમાવેશ કરવામાં આવ્યો છે.

## શિષ્યવર્ગ

સુંદરદાસના ઘણા શિષ્યો હતા, પણ એમાં પ્રસિદ્ધ પાંચ હતા, જેમનાં નામ છે : દયાલદાસ, શ્યામદાસ, દામોદરદાસ, નિર્મળદાસ અને નારાયણદાસ. એમાંના નારાયણદાસ એમને ઘણા વહાલા હતા, પણ એમનું મૃત્યુ એમની હયાતીમાં જ થયું. એ પાંચે શિષ્યોના પોતપોતાના મઠ હતા પણ એમાં સૌથી મહત્ત્વનો ફત્તેહપુરનો હતો કે જ્યાં નારાયણદાસના શિષ્ય દયારામ ગાદીએ બેઠા હતા. ફત્તેહપુરની પીઠ આજ સુધી ચાલુ છે.

દાદૂના આ બે મુખ્ય શિષ્યો ઉપરાંત અન્ય શિષ્યોએ પોતાની રચનાઓ દ્વારા પ્રસિદ્ધિ મેળવી છે. તેમાં સૌથી પહેલું નામ ગરીબદાસજીનું ગણાય છે, જે દાદૂના પુત્ર અને શિષ્ય હતા અને તેમના ઉત્તરાધિકારી બની તેમની ગાદીએ બેઠા હતા. એમનો જન્મ – આપણે આગળ જાણ્યું તેમ – સંવત ૧૬૩૨માં થયો હતો. તેઓ અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે ઉત્તરાધિકારી થયા હતા અને સંવત ૧૬૯૩માં એમનો દેહાંત થયો. તેઓ એક મહાત્મા હોવા ઉપરાંત કુશળ કવિ, ગાયક અને વીણાવાદક હતા. રાઘોદાસે પોતાની 'ભક્તમાળ'માં એમની ભારે પ્રશંસા કરી છે. એમના નામ પરથી નરાણામાં 'ગરીબસાગર' નામનું એક મોટું તળાવ બંધાયું છે. એમની વાણીની સંખ્યા ૨૩,૦૦૦ની હોવાનું કહેવાય છે, પણ ખરી રીતે તો એમની માત્ર ચાર જ રચનાઓ મળી આવી છે; અને તેમનાં નામો 'અનભૈપ્રબોધ', 'સાખી', 'ચોબોલે' તથા 'પદ' છે; અને જેમનાં માત્ર ૭૫ પૃષ્ઠોનો જ સંગ્રહ 'ગરીબદાસજીની વાણી' રૂપે મંગળદાસે સંપાદિત કરી પ્રસિદ્ધ કર્યો છે. આ ગરીબદાસ ઉપરાંત એક દાદૂશિષ્ય હરિદાસ નિરંજની હતા, એમણે ઘણા સમય સુધી દાદૂપંથમાં રહીને પાછળથી કબીરપંથ અને નાથપંથના અનુયાયી બની પોતના એક નવીન સંપ્રદાયની સ્થાપના કરી હતી, જે 'નિરંજની સંપ્રદાય' નામે ઓળખાયો અને એના અનુયાયીઓ આજે પણ કેટલેક ઠેકાણે જોવામાં આવે છે. પ્રખ્યાત દાદૂશિષ્યોમાં એવી જ રીતે પ્રાગદાસનું નામ પણ છે, જેમની પાસેથી હરિદાસ નિરંજનીએ પ્રથમ દીક્ષા લીધી હતી. તેઓ એક તપસ્વી પુરુષ હતા. એમને માટે એમ પણ કહેવાય છે કે, એમણે અનેક યોગસિદ્ધિઓ પણ મેળવી હતી. એમનો દેહાંત સંવત ૧૬૮૮માં કારતક વદ આઠમના દિવસે થયો હતો. એમનું એક સ્મારક શિલાલેખ રૂપે આજે પણ ફતેહપુર પાસે જોવા મળે છે. એમની ગાદી ડિડવાણા ગામમાં છે, એમની વાણીની સંખ્યા ૪૮,૦૦૦ હોવાનું કહેવાય છે. સંત દાદૂ દયાળના શિષ્યોમાં જગજીવન નામના એક પ્રસિદ્ધ શિષ્ય હતા. તેઓ પ્રકાંડ

પંડિત હતા. આ વિદ્વાન પુરુષે કાશીમાં ઘણા દિવસ સુધી વિદ્યાભ્યાસ કર્યો હતો. ત્યાંથી તેઓ ચૂઢારણ નામના ગામમાં ગયા હતા. એમના વિષેની આશ્ચર્યજનક એક એવી વાત જાણવા મળી છે કે, એમણે આંબેર ગામ જઈ દાદૂ દયાળને પોતાની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે પડકાર કર્યો હતો. પણ દાદૂના ગંભીર અને સરલ સ્વભાવ આગળ એમની વિદ્વત્તાનું કંઈ વળ્યું નહિ, અંતે સંત દાદૂનું એમણે શિષ્યત્વ સ્વીકાર્યું. એમની ગાદી ડીલડી (ધાંસા) ગામમાં છે. એમની રચનાઓ પણ ઘણી છે. દાદૂના શિષ્યોમાં એક વાજિંદ પઠાણ પણ હતા. એમણે યુવાવસ્થામાં એક ગર્ભિણી હરણીનો શિકાર કર્યો હતો, તેથી એમના મનમાં અત્યંત દુઃખ અને ગ્લાનિ થતાં તેઓ દાદૂના શિષ્ય બની ગયા હતા. એમણે રચેલાં પદો 'અરિલ્લ' તરીકે જાણીતાં છે અને એમનાં અરિલ્લોથી તેઓ પ્રખ્યાત થયા હતા. એમનાં ૧૩૫ અરિલ્લોનો એક સંગ્રહ 'પંચામૃત'માં છપાયો છે. એમણે ૧૫ ગ્રંથો રચ્યાનું કહેવાય છે. એવા જ એક બીજા મુસ્લિમ દાદૂશિષ્ય વખનાજી હતા, જેઓ મિરાસીપંથના હતા અને સારા સંગીતકાર હતા. એમની વાણી ઘણી જ સરસ અને અર્થસભર છે. એમની વાણીનો સંગ્રહ 'વખનાજી વાણી'ના નામે પ્રકાશિત થયો છે. 'પંચામૃત'માં ભીખનજીની 'બાવની', બાલકરામજીનાં કવિત તેમજ છીતરજી ખેમદાસજીના ઈંદવ પણ પ્રકાશિત થયાં છે. એમાંના ભીખનજી ફતેહપુરના વતની અને જ્ઞાતિએ બ્રાહ્મણ હતા અને દાદૂશિષ્ય સંતદાસના શિષ્ય હતા. બાળકરામ છોટે સુંદરદાસજીના શિષ્ય હતા અને ખર્મદાસજી રજ્જબજીના શિષ્ય હતા. આ 'વાણી' રચનાઓ ઉપરાંત દાદૂના શિષ્યોમાં બનવારીદાસ અને બડે સુંદરદાસ પોતપોતાના ઉપ-સંપ્રદાયોની સ્થાપના માટે જાણીતા છે. એમાંના પહેલાએ રતિયાગ્રામ (પટિયાલા)માં પોતાની ગાદી સ્થાપી 'ઉત્તરાદી' નામે દળ સ્થાપેલું હતું, જેની શાખાઓ આજે પણ જોવા મળે છે. બીજા મોટા સુંદરદાસે 'નાગા' સંપ્રદાય ચલાવ્યો હતો. તેઓ રાજઘરાનાના વર્ગના જ કુટુંબીજન હતા, જેમના નાગા અનુયાયીઓએ આગળ જતાં લશ્કરમાં પણ ખ્યાતિ મેળવી હતી.

## ૩. સાધુ નિશ્ચળદાસ

દાદૂમાર્ગી સાહિત્યના સર્જકોમાં સાધુ નિશ્ચળદાસજીનું નામ પણ આગલી હરોળમાં આવે છે. હરિયાણા પ્રાંતના હિસાર જિલ્લાના હાંસી તાલુકાના કુંગળ ગામના વતની હતા અને જ્ઞાતિએ જાટ હતા. નાનપણમાં કોઈ દાદૂપંથી સાધુએ એમને દીક્ષા આપી હતી. સંસ્કૃત શીખવાની એમની ખૂબ ઈચ્છા હતી, પણ જાટ જાતિમાં જન્મેલા હોવાથી કોઈ બ્રાહ્મણ પંડિત એમને સંસ્કૃત શીખવતો

ન હતો. એથી તે કાશી ગયા અને પોતે બ્રાહ્મણ છે એવું કહીને એમણે કોઈ પંડિત પાસે અભ્યાસ શરૂ કર્યો. ધર્મશાસ્ત્રો, ષડદર્શન અને વેદાંત જેવા ગૂઢ વિષયનો એમણે અભ્યાસ કર્યો. એમણે પોતાના 'વિચાર સાગર' ગ્રંથમાં લખ્યું છે :

સાંખ્ય ન્યાય મેં શ્રમ કિયો, પઢિ વ્યાકરણ અશેષ,
પઢે ગ્રંથ અદ્વૈત કે, રહે ન એક હુ શેષ. ૧૧૧
કઠિનજુ ઔર નિબંધ હૈ, જિન મેં મત કે ભેદ,
શ્રમતે અવગાહન કિયે નિશ્ચલદાસ સવેદ. ૧૧૨

કહેવાય છે કે, કોઈ બ્રાહ્મણને પોતાની દીકરીનું લગ્ન કરવું હતું, પણ તેને કોઈ મૂરતિયો નહોતો મળતો. એક દિવસ નિશ્ચળદાસનો મેળાપ થતાં બ્રાહ્મણે તેમને પસંદ કર્યા. પણ એમણે પોતાની જાતિ છુપાવી રાખી હતી. બ્રાહ્મણે જ્યારે એમની જાતિ પૂછી ત્યારે એમણે હૃદય ખોલીને બધી વાત કરી અને પોતે જાટ જ્ઞાતિના હોવાનું કબૂલ્યું ત્યારે બ્રાહ્મણસમાજ તેની સામે ભારે રોષે ભરાયો. છેવટે એમણે દંડ રૂપે જાટ જ્ઞાતિની ઉપરાંત બ્રાહ્મણ કન્યા સાથે લગ્ન કરવાનું સ્વીકાર્યું. આ રીતે એમણે બે લગ્ન કરેલાં અને પોતાના ઘેર શિષ્યોને વેદાંતનું અધ્યયન કરાવતા. કહેવાય છે કે બુંદીના રાજા રામસિંહે એમને ગુરુભાવથી ઘણા દિવસ સુધી પોતાને ત્યાં રાખ્યા હતા અને એમની પાસેથી દીક્ષા પણ લીધી હતી. એમણે 'વિચાર સાગર', 'વૃત્તિપ્રભાકર' અને 'મુકિતપ્રકાશ' નામના ત્રણ ગ્રંથો રચ્યા છે. એમણે 'કઠોપનિષદ'ની સંસ્કૃત ભાષામાં વ્યાખ્યા કરી છે અને વૈદક વિષય પર પણ એક ગ્રંથ લખ્યો છે. એમના 'વિચાર સાગર'નો અનુવાદ ગુજરાતી, મરાઠી, બંગાળી અને અંગ્રેજી વગેરે ભાષાઓમાં થયો છે. સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષે તે જમાનામાં ત્રણ સૈકાઓમાં હિંદમાં કોઈ પણ ભાષાઓમાં લખાયેલા ગ્રંથોમાં બધાના કરતાં વધુ પ્રભાવશાળી હોવાનો અભિપ્રાય આપ્યો છે. નિશ્ચળદાસજીએ ન્યાયશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તે માટે તેઓ બંગાળમાં આવેલા નાદિયા ગયા હતા. છંદશાસ્ત્રનું પણ એમને સારું જ્ઞાન હતું. કહેવાય છે કે, તે સમયના જાણીતા મર્મજ્ઞ 'દાસપુંજજી' પાસેથી એમણે જ્ઞાન લીધું હતું. જ્યારે તે કાશીમાં ગંગાજીમાં ઊભા રહી દેહત્યાગ કરવાના હતા ત્યારે તેમની પાસેથી તેમણે આ જ્ઞાન મેળવ્યું હતું. આ જ્ઞાની પુરુષ નિશ્ચળદાસનો દેહાંત દિલ્હીથી ૧૮ ગાઉ દૂર આવેલા કિહડોલી ગામે થયો હતો. આજે પણ ત્યાં એમના શિષ્યો રહે છે અને પાઠશાળા ચલાવે છે. 'વિચારસાગર' ગ્રંથ એમણે આ જ સ્થળે લખ્યો હતો.

# ૪. ગરીબદાસ

દાદૂના બે મુખ્ય શિષ્યો રજ્જબજી અને સુંદરદાસ પછી પોતાના સૃજન કાર્ય દ્વારા વિશેષ સ્થાન મેળવનાર ગરીબદાસ છે. દાદૂદયાળના દેહવિલય પછી એમની ગાદી પર ગરીબદાસજી આવ્યા. તેઓ દાદૂના પુત્ર હતા. સ્વભાવે અત્યંત શાંત અને વિનમ્ર હતા. સાધુ તરીકે એમનો પ્રભાવ ઘણો હતો; પરંતુ પંથમાં એકતા અને સંગઠન ઓસરવા લાગ્યાં. ગરીબદાસજીની ઉદારતા અને નમ્રતાનો શિષ્યો ખોટો લાભ ઉઠાવવા લાગ્યાં ત્યારે ગરીબદાસજીએ દુઃખી થઈને સ્વેચ્છાએ ગાદીનો ત્યાગ કર્યો, અને એમણે નાના ભાઈ મિસ્કીનદાસને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા, અને પોતે જીવનકાળના અંત સમય સુધી કારભાર ચલાવતા રહ્યા. મિસ્કીનદાસે ગાદી પર આવતાં કડક શિસ્ત જાળવીને પંથને પુનર્ગઠિત કર્યો અને એક નવી ચેતના જગાવી. એ કારણે એક સદી સુધી તેના સંગઠનમાં તેમ જ કાર્યપદ્ધતિમાં કોઈ શિથિલતા આવી નથી અને આ પરંપરા એકસરખી ચાલુ રહી છે.

આ દરમિયાન રજ્જબજી, સુંદરદાસ, પ્રાગદાસ, બનવારીદાસ વગેરે દાદૂના મુખ્ય શિષ્યોના દેહાંત પછી તેમની પરંપરા અને પદ્ધતિઓને જાળવી રાખવા શિષ્યો કૃતનિશ્ચયી બન્યા. એમના અખાડાઓ ધીરે ધીરે વધુ સ્થિર થવા લાગ્યા. જો કે કેટલાક સમય પછી આ અખાડાઓ વચ્ચે સરસાઈ ભોગવવાની દાનતને લીધે એકમેકથી જુદા પાડવાની વૃત્તિ જાગૃત થયેલી. પરંતુ કોઈ મોટા મતભેદ ન હોવાથી દાદૂ દયાળના સંપ્રદાયના મઠાધીશો આજે પણ નરાણાને મુખ્ય સ્થળ માનતા આવે છે. ત્યાંના દાદૂપંથીઓ 'ખાલસા' પણ કહેવાય છે. દાદૂ સંપ્રદાયમાંથી જે ઉપસંપ્રદાય પેદા થયો તેની પાછળ કેટલાંક સ્થાનિક કારણો પણ છે. તેમના મૂળમાં કોઈ સૈદ્ધાંતિક ભેદ કે કારણો નથી. એક વાત અહીં નોંધવા જેવી છે તે એ કે, દાદૂ મુસ્લિમ હોવાથી તેમના શિષ્યોમાં રજ્જબજી, વખનાજી, ગરીબદાસ અને ત્યાર પછી ક્રમે કરી મિસ્કનદાસ અને ફકીરદાસ વગેરે મુસ્લિમ શિષ્યો ગાદી પર આવતા હતા. પરંતુ આગળ જતાં એવું રહ્યું નહીં. દાદૂ પંથ હિંદુ ધર્મના પ્રભાવની વધુને વધુ નજીક ઢળવા લાગ્યો અને તે એટલે સુધી કે રજ્જબજીના સ્થાનક સિવાય બીજે કોઈ સ્થળે હવે બહુ ઓછા મુસલમાનો નજરે પડે છે.

**વાજિદજી :** દાદૂના એક અનન્ય શિષ્ય વાજિદજી હતા. તેઓ જાતે પઠાણ હતા. વિ. સ. ૧૬૬૦માં તેઓ જીવિત હતા. એમની વાણીનો સંગ્રહ

'પંચામૃત' નામથી પ્રસિદ્ધ થયો છે. એમના માટે એવું કહેવાય છે કે, એમણે યુવાન વયે એક ગર્ભવતી હરિણીનો શિકાર કરતાં, એમને માનસિક આઘાત લાગ્યો અને વિરક્તિ પેદા થઈ. સંત દાદૂ પાસે જઈ એમણે દીક્ષા લીધી. એમણે સ્મરણ, વિરહ, પતિવ્રતા જેવાં શીર્ષકથી અરિલ્લ લખ્યા છે.

કહિયો જાય સલામ હમારી રામ કૂ,
નૈણ રહે ઝડ લાવ તુમ્હારે નામ કૂ
કમલ ગયા કમલાય કલ્યાં ભી જાયસી
હરિ હાં વાજિદ ઈસ બાડીમેં બહુરિ ન ભેવરા જાયસી.

* * *

પંછી એક સંદેશ કહો ઉસ પીવ સૂં,
બિરહિન કે બેહાલ જાયગી જીવ સૂં,
સીંચન હાર સુદૂર સૂક ભઈ લાકરી,
હરિ હાં વાજિદ ઘર હી મેં બન કિયો વિયોગનિ બાપુરી.

**પ્રશિષ્ય રાઘોદાસ** : સંત દાદૂના પ્રશિષ્યોમાં રાઘોદાસજી તેમની 'ભકતમાળ' રચનાને કારણે જાણીતા છે. તે મોટા સૂરદાસના શિષ્ય પ્રહ્‌લાદદાસના શિષ્ય હતા એમણે પોતાની આ રચના સંવત ૧૭૧૭માં તૈયાર કરી હતી અને તે પર નાના સુંદરદાસની સાતમી પેઢીના સત્રદાસે ભાદરવા વદ ૧૪ સંવત ૧૮૫૧માં એક ટીકા લખી હતી. તે 'ભકતમાળ'નો મૂળ આધાર પ્રસિદ્ધ નાભાદાસની જ ભકતમાળ ગણાય છે. છતાં રાઘોદાસે પોતાની ભકતમાળમાં બીજી કેટલીક વિશેષતાઓ પણ વર્ણવી છે. આ ગ્રંથ સંતપરંપરાના ઈતિહાસ માટે અતિઉપયોગી ગણાય છે. નાભાદાસે જ્યાં પોતાની ભકતમાળમાં નાનક જેવા સંતોની ચર્ચા કરી નથી, ત્યાં રાઘોદાસે એ વિષય પર સારો એવો ખ્યાલ આપ્યો છે. એમણે કબીર, નાનક, દાદૂ અને જગન નામના ચાર સંતો વિષે વર્ણવતાં લખ્યું છે :

યે ચ્યારી મહંત યહૂં ચકકવે,
ચ્યારિપંથ નિરગુન થયે,
નાનક, કબીર, દાદૂ, જગન
રાઘો પરમાતમ જપે.

આ જ રીતે રામાનુજ, વિષ્ણુસ્વામી, મધ્વાચાર્ય અને નિંબાર્ક નામના ચાર સંપ્રદાયના પ્રવર્તકો વિશે લખ્યું છે. આ ઉપરાંત યોગી, સંન્યાસી, બૌદ્ધ

જૈન, સૂફી, જંગમ અને ષડદર્શનનો પણ પરિચય કરાવ્યો છે. એ સાથે અન્ય ૭૧ ભકતોનો પણ સમાવેશ કર્યો છે.

## સાહિત્ય નિર્માણ

દાદૂપંથના અનુયાયીઓએ પોતાના મુખ્ય ગુરુઓ તથા અન્ય સંતોની વાણીને ખૂબ જ ચીવટથી જાળવી રાખી છે, એટલું જ નહિ પણ એ વાણી અને ઉપદેશના પ્રચાર માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો પણ કર્યા છે. આ પંથનું અઢળક સાહિત્ય આજે પણ પ્રાપ્ત છે. સંત દાદૂ હયાત હતા ત્યારથી જ વિવિધ સંતોના ઉદ્દેશો અને તેમની વાણીના આવા સંગ્રહોમાંથી દાદૂના વાણીસંગ્રહો તૈયાર કરવામાં આવતા હતા. કબીર, નામદેવ, રૈદાસજી તથા હરિજન નિરંજની વગેરેની રચનાઓને પણ તેમાં વિશિષ્ટ સ્થાન મળતું હતું. આ ચાર સંતોની રચનાઓ ઉપરાંત બીજા સંતો જેવા કે રામાનંદ, પીપા, નરસિંહ મહેતા, સૂરદાસ, મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ, ભરથરી, ચર્પટનાથ, હંડીફા, ગોપીચંદ, શેખ બહાઉદ્દીન, ગુરુ નાનક, શેખ ફરીદ અને કમાલની રચનાઓ મળે છે. આ સંગ્રહોમાં કેટલીક અપ્રસિદ્ધ રચનાઓ પણ છે. ફકત દાદૂ દ્વારા અને દાદૂપંથીઓનાં ઘરોમાં સુરક્ષિત સંતસાહિત્યને પ્રગટ કરવામાં આવે તો એક બૃહદ ગ્રંથભંડાર તૈયાર થઈ જાય.

જયપુરના મહંત જયરામદાસજીએ 'સ્વામી દાદૂ દયાલવાણી' નામથી ગ્રંથ પ્રગટ કર્યો છે. સંતદાસ અને જગન્નાથદાસે દાદૂની વાણીને 'હરડેબાની' નામે પ્રસિદ્ધ કરી છે. અન્ય ગ્રંથોમાં 'સર્વંગી,' 'ગુણ ગુંજનામા' અને રજ્જબજીનો 'અંગવધૂ' ગ્રંથ, શીખોના 'આદિગ્રંથ' પહેલાં રચાયા છે. 'સર્વંગી' અને 'ગુણ ગુંજનામા' ગ્રંથમાં દાદૂની વાણી ઉપરાંત બીજા સંતોની વાણીઓનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે.

●

## ૪. દાદૂ સાધક રૂપે

દાદૂ માત્ર સંત-કવિ જ નહોતા, પરંતુ દાર્શનિક, વિચારક, સમાજ-સુધારક અને સાધક પણ હતા. કબીરની જેમ તે પોતાના યુગના મહાન સામાજિક અને ધાર્મિક નેતા હતા. એટલું જ નહિ, પણ સત્યની શોધમાં નિરંતર રત હતા. એમની ચિંતનધારા સદૈવ મૂલતત્ત્વ સાથે જોડાયેલી હતી; કારણ કે, ખંડદૃષ્ટિથી મૂલતત્ત્વની સમગ્રતાને મૂલવી શકાતી નથી :

ખંડિ ખંડિ પરબ્રહ્મકો,
પખિ પખિ લિયા બાંટિ,
દાદૂ પૂરણ બ્રહ્મ તજિ
બંધે ભરમ કી ગાંઠિ.

દાદૂ દૃઢપણે માનતા હતા કે, અહંકારનો સર્વથા પરિત્યાગ કરીને તન-મનથી નિર્વિકાર રહેનારો જ ખરો સાધક, ઉત્તમ ભક્ત છે :

આપ મેટૈ હરિ ભજૈ
તન મન તજૈ વિકાર,
નિર્વૈરી સબ જીવ સૂં
દાદૂ યહ મત સાર.

દાર્શનિક દૃષ્ટિથી દાદૂ જીવાત્મા, પરમાત્મા તથા જગતની મૂલભૂત એકતા માને છે. મૂળતત્ત્વ શૂન્ય રૂપ પ્રેમમય છે :

તન મન નાહી નહિ માયા નહિ જીવ
દાદૂ એકે દેખિયે દહ દિસિ મેરા પિવ,
પરમ તેજ પરગટ ભયા તેંહ રહ્યા સમાઈ
દાદૂ ખેલે પીવ'સૌ નહિ આવૈ નહિ જાઈ.

* * *

સૂન્યહિ મારગ આઈયા સૂન્યહિ મારગ જાઈ
ચેતન પૈંડા સુરતિકા દાદૂ રહૂ લ્યોલાઈ.

જીવાત્મા અને પરમાત્મા તથા જગતની વચ્ચે ભેદ વગરની મૌલિક એકતા છે અને તે મૂલતત્ત્વનું સાચું સ્વરૂપ સહજશૂન્ય અને પ્રેમમય છે. તે જ રીતે તેની સાધના તથા વ્યવહારનો નિચોડ પણ સહજ સમર્પણ, સ્મરણ અને સેવા છે. તેમની શૂન્યની કલ્પનામાં કોઈ પણ પ્રકારનો નાસ્તિકતા–ભાવ નથી, તેમજ તેમના પ્રેમનો ભાવ માત્ર કેવળ મનોવિકાર પણ નથી. તે શૂન્યનું સ્વરૂપ શુદ્ધ અવિકૃત અને નિર્મળ અસ્તિત્વ છે અને તે પ્રેમનું રૂપ પણ વ્યાપક છે.

દાદૂ એને સહજ શબ્દમાં વ્યક્ત કરે છે :

જે જન બેધે પ્રીતિ સૌં તે જન સદા સજીવ,
ઉલટિ સામને આપ મેં અન્તર નાહીં પીવ.
સહજે મનસા મન સધૈ સહજે પવના સોઈ
સહજે પંછી થિર ભયે જે ચોટ બિરહ કી હોઈ.

દાદૂની દૃષ્ટિમાં મૃત્યુ પછીની કોઈ મુક્તિની કલ્પના નથી. તેની મુક્તિનું સ્વરૂપ તો આ છે :

જીવન છૂટૈ દેહ,
ગુણ જીવન મુક્તા હોઈ
જીવન કાટૈ કર્મ
સબ મુક્તિ કહાવૈ સોઈ.
મૂવાં પીછે બૈકુંઠ વાસા
મૂવા સૂરગ પઠાવૈ,
મૂવાં પીછે મુક્તિ બતાવૈ
દાદૂ જગ બૌરાવ.

## મનની સ્થિરતા

શું જીવનના વ્યવહારમાં, કલા સાહિત્યમાં કે શું સાધનામાં, મનની સ્થિરતા અતિ મહત્ત્વની છે. મનની સ્થિરતા વગર કોઈ પણ ધ્યેયની પ્રાપ્તિ થવી અશક્ય છે. સંત દાદૂ મનની સ્થિરતા માટે કહે છે કે આ મન હાથી જેવું મદીલું, પોતાની જ મસ્તીમાં વહો જાય છે. તેને સંયમના અંકુશથી જ હંમેશાં વશ કરી શકાય છે.

યહુ મન વરણો બાવરે
ઘટમેં રાખી ફેરે,
મન હસ્તી માતા બહે
અંકુશ દે દે ફૈરિ.

મનને જો વારવામાં ન આવે, એના પર અંકુશ રાખવામાં ન આવે, તો પછી તેને વશ કરવું એટલું જ મુશ્કેલ બની જાય છે, જેમ એક મુક્ત-ઉદ્દંડ હાથીને બાંધવાનું. મનરૂપી આ હાથીને બાંધવા મહાવતરૂપી ભલભલા સાધક પણ થાપ ખાઈ જાય છે :

હસ્તિ છૂટા મન ફિરે
ક્યૂં હી બંધ્યા ન જાઈ,
બહુ મહાવત પચિ ગયે
દાદૂ કછું ન બસાઈ.

ખરી વાત તો એ છે કે, મન ચંચળ બને તે પહેલાં જ એને સંયમિત કરી લેવું જેથી તે પોતાનામાં જ રહે.

જહાં થૈ મન ઉઠિ ચલૈ
ફેરિ તહાં હી રાખિ,
તહં દાદૂ લૈ લીન કરિ
સાધ કહે ગુરુ સાખિ.

આ રીતે મનને પહેલેથી જ ધીરે-ધીરે સંયમમાં રાખી તલ્લીન કરવાથી તે 'ઉનમન'માં મગન રહે છે. તે પછી મન ચંચળ થઈ શકતું નથી.

થૌરે થૌરે અટકિયે
રહેગા લ્યૌ લાઈ,
જબ લગા ઉનમન સૌ,
તબ મન કહીં ન જાઈ.

આ રીતે મનની પરિપક્વ અવસ્થાથી ફરી ચંચળતા પ્રવેશતી નથી અને મન નિશ્ચલ બનીને સાહિબમાં જ મગ્ન રહે છે :

"જાકા મન ડોલે નહિં, નિહચલ રહે સમાઈ."

# સહજ સમાધિ

આ સ્થિતિને દાદૂએ 'સહજ સમાધિ' પણ કહી છે. એ સ્થિતિને પામતાં જ મન સ્થિર થઈ જાય છે અને પોતાની સ્થિતિને વર્ણવી શકતું નથી. ગમે તેટલું વિચારીએ કે ચિંતન કરીએ તોય એ અનુભવ હમેશાં અગમ્ય અને ઇંદ્રિયાતીત જ રહ્યો છે. એક બિંદુથી સિંધુનું માપ શી રીતે કાઢી શકાય? જેની વાણી બંધ થઈ ગઈ હોય તે કઈ રીતે બોલી શકવાનો ?

જેમ એક પંખી પાંખો પ્રસારીને ઊંચે દૂર દૂર આકાશમાં ઊડી નીકળે તેને સર્વત્ર અસીમ આકાશ જ ચારે બાજુ વિસ્તરેલું દેખાય છે, તેવી આ સ્થિતિ છે. આ સ્થિતિમાં આપણું મન સર્વ પ્રકારનાં બંધનથી મુક્ત બની જાય છે. તે પેલા પક્ષીની જેમ નિરવધિ આકાશમાં મુક્ત રીતે ઊડવાની શકય એટલી ગતિએ ઉડ્ડયન કરતું ચાલ્યું જાય, તે જ રીતે સંસારનાં બધાં બંધનોથી પોતાને મુક્ત માની અત્યંત વ્યાપક તથા ઉદાર ભાવોમાં ફરવાનો અભ્યાસ કરી લે છે. પરમતત્ત્વ માટે 'સહજ' શૂન્ય જેવા પ્રયોગોની પણ એમાં સાર્થકતા છે અને દાદૂની 'સહજ સાધના' સહજ સમાધિનું પણ એ જ રહસ્ય છે. એમાં જીવ પોતાને હંમેશાં પોતાના પ્રિયતમના સંપર્કમાં આવી એની સાથે જ રહેલો સમજે છે. તેનું શરીર સંસારમાં રહી તેના પ્રભાવમાં યંત્રની પેઠે કામ કરતું રહે છે. જે રીતે નદી પોતાના લક્ષ્ય સાગર ભણી અવિરામ ગતિએ વહેતી રહે છે, તેવી જ રીતે મુક્તિના સાધકોના જીવનમાં કશોય અવરોધ આવતો નથી. એ નિર્વિઘ્ને આગળ વધતા રહે છે. દુન્યવી ઉપાધિઓ કેવળ તેને જ અડચણ પેદા કરી શકે છે, જે એના રહસ્યથી પરિચિત નથી અને જગતને જંજાળ માની બધી પ્રવૃત્તિઓ ત્યાગીને જંગલનો માર્ગ લે છે. ખરી રીતે તો જે જીવન-મુક્ત છે તે પ્રવૃત્તિમાં પણ આનંદ માને છે, કારણ કે તે પોતાનાં સર્વ કાર્ય પોતાના પ્રિયતમ કે પોતાના ઉદ્દેશ માટે જ કરે છે. દાદૂ દયાળ કહે છે :

દાદૂ ઉદિમ ઔગુણ કો નહીં,<br>
 જે કરી જાણે કોઈ;<br>
ઉદિમ મે આનંદ હૈ<br>
 જે સાંઈ સેતિ હોઈ.

જે પોતાના સ્વામીની પ્રીતિ અર્થે સમર્પિત કોઈ પણ કાર્ય કરે છે, તેમાં કદી ઉપેક્ષા વૃત્તિ આવતી જ નથી.

## અહંભાવ

'અહંભાવ', જેને સંતો 'આપા' કહે છે તે 'હું પણા'ની વૃત્તિ, મનુષ્ય-જીવન માટે બાધક છે. 'અહંભાવ' એ માનવીની માનસિક નિર્બળતા છે, એક જાતનો વિકાર છે. જ્યાં સુધી આ 'અહંભાવ'નો નાશ નથી થતો ત્યાં સુધી માનવી તેમાં ગૂંચવાતો રહે છે.

દાદૂ આપ ઉરઝે ઉરઝિયા
દીખે સબ સંસાર,
આપા સુરઝે સુરઝિયા,
યહ ગુરુ જ્ઞાન વિચાર.

માનવી આ 'અહંભાવ'ની ગૂંચ ઉકેલી શકે તો સંસારનો સકળ ગૂંચ-વાડો દૂર થઈ જાય છે અને સમસ્ત સૃષ્ટિ એને માટે સહજરૂપી બની જાય છે.

એટલા માટે દાદૂ કહે છે કે, આ 'હું'ને બાળીને ભસ્મ કરી દેવો, જેથી સાધકને સાહિબનો સથવારો સુલભ થઈ શકે.

દાદૂ 'મૈં મૈં' જાલિ દાં
મેરે લાગિ આગિ,
મૈં મૈં મેરા દૂરિ કરિ
સાહિબ કે સંગ લાગિ.

આ રીતે જો માનવી 'હું' ને ભસ્મીભૂત કરી નાખે તો તેનો 'ઉદ્ધાર' થઈ જાય :

દાદૂ તન કા આપાં જારે, તો તિરત ન લાગૈ બારા.

જ્યાં આ 'હું'ની ભાવના ખતમ થઈ ત્યાં જ અદ્વૈતની ભાવના પ્રગટે છે. જ્યારે 'હું'નો પરદો દૂર થઈ જાય છે ત્યારે દ્વૈતનો ભેદ આપમેળે નાશ પામે છે અને અદ્વૈતનું જ રૂપમાત્ર રહે છે :

દાદૂ મૈં નાહિ તબ એક હૈ,
મૈં આઈ તબ દોઈ,
મૈં તૈં પરદા મિટિ ગયા,
તબ જ્યોં થા ત્હોં હી હોઈ.

દાદૂ આપા જબ લગૈ,
તબ લગ દૂજા હોય,
જબ યહુ આવા મિટિ ગયા,
તબ દૂજા નાહિ હોય.

માટે દાદૂ ઇચ્છે કે ભદ્ર પુરુષોએ 'હું પણું' કે 'અહં–ભાવના' ખતમ કરીને સેવા કરવી જોઈએ, અને હરિભજનમાં મગ્ન રહેવું જોઈએ.

દાદૂ આપા મેરિ કરી, સેવા કરૈ સુજાન,
આપા મેટે હરિ ભજે, તાકિ મેં બલિ જાંવ.

સાથે તે રામની લગનમાં તલ્લીન રહે જેથી તે બધું જ જોઈને સાહિબ સાથે એકાકાર થઈ જાય :

જે જન આયા મેહિ કરી, રહે રામ જ્યોં લાઈ,
દાદૂ સબ હી દેખતા, સાહિબ સો મિલિ જાઈ.

એથી જ 'હું પણું' કે 'અહં–ભાવના' ખતમ કરી રામમાં તલ્લીન રહેવું જ સાધક માટે શ્રેયકર છે.

આવાં મેહિ સમાઈ રહું, દૂજા ધંધા બાદિ.

પરંતુ મોટા ભાગે માનવી આ અહંભાવમાં જ રાચતો ફરે છે; એથી તે ઈશ્વરતત્ત્વને પામી શકતો નથી.

આપા કો મારૈ નહિં, પર કો મારન જાઈ,
દાદૂ આપા મારૈ બિના, કૈસે મિલૈ ખુદાઈ.

કારણ કે, આ 'હું પણું'ની રુખસતથી જ પ્રિયતમની રૂબરૂ ભેટ થઈ શકે છે :

દાદુ પરગટ પીવ હૈ, જે યહુ આયા જાઈ.

## નામસ્મરણ

સંતસાહિત્યમાં નામનો બહુ મોટો મહિમા છે. નિર્ગુણવાદી હોય કે સગુણવાદી, પણ 'નામ' ગુણગાનની પરંપરા બંનેમાં રહી છે. 'નામ' જ સંસારની સમસ્ત કામનાઓમાંથી મુક્તિ પ્રદાન કરનાર છે. નામ નિર્ગુણ અને સગુણ બ્રહ્મથી પણ મહાન છે. નામને તમામ ધર્મોમાં શ્રેષ્ઠ ગણ્યું છે. ભક્ત ચરણદાસ કહે છે તેમ :

સકલ શિરોમનિ નામ હે, સબ ધરમન કે માંહિ,
અનન્ય ભક્તિ વહ જાનિયે સુમિરન ભૂલૈ નાંહિ.

દાદૂ આ 'નામ'ને જ આદિ અને મૂળ તત્ત્વ માને છે. અને એ જ ત્રણ લોકનો સાર છે. દાદૂ નીકા નાવ હે, તીનિ લોક તત સાર.

દાદૂ 'નામ'ને જ સર્વોચ્ચ માને છે અને તેનો વાસ સદાય હૃદયમાં રહેલો છે. એક એક શ્વાસ તેના સ્મરણથી ચાલે છે :

દાદૂ નીકા નાવ હે, હરિ હિરદૈ ન બિસારિ,
મુરતિ મન માંહે બસૈ સાંસૈ સાંસ સંભારિ.

નામનો ઘણો વ્યાપક પ્રભાવ છે. નામસ્મરણ જ બ્રહ્મની આરાધનાનું સર્વોત્તમ સાધન છે.

દાદૂના મત પ્રમાણે 'સાહિબ'ના નામસ્મરણથી માનવીને મતિ–બુદ્ધિ–જ્ઞાન – વિચાર – પ્રેમ – પ્રીતિ – સ્નેહ – સુખ અને અપાર જ્યોતિની પ્રાપ્તિ થાય છે :

સાહિબજી કે નાંવમેં મતિ બુદ્ધિ જ્ઞાન વિચાર,
પ્રેમ પ્રીતિ સ્નેહ સુખ, દાદૂ જ્યોતિ અપાર.

કારણ કે, આ નામમાં જ અનંત, અપાર નૂર અને તેજ આદિનો ભંડાર ભરેલો છે :

સાહિબજી કે નાંવમેં સબ કુછ ભરે ભંડાર,
નૂર તેજ અનંત હે, દાદૂ સિરજનહાર.

આ માટે જ, દાદૂ ઇચ્છે છે કે કોઈ પણ માનવી પોતાના હૃદયમાંથી પળ માત્ર પણ આ 'નામ'ને અલગ ન કરે. આ 'નામ'થી કરોડો પાપીઓ પણ પાવન અને પવિત્ર બન્યા છે :

દાદૂ નિમિષ ન ન્યારા કિજિયે, અંતર થૈ ઉરિ નામ
કોટિ પતિત પાવન ભયે કેવળ કહતા રામ.

જે માનવીઓના અંતરમાં નામનો વાસ છે તેમને માટે દાદૂ સદૈવ ન્યોછાવર થવા તત્પર રહે છે :

જીસ ને સબ કુછ સો લિયા, નિરંજનકા નાંઉ,
દાદૂ હિરદે રાખિવે, મૈં બલિહારી જાઉં.

દાદૂની દૃષ્ટિમાં 'નામ'નું મહત્ત્વ પ્રાણથી પણ અધિક મહત્ત્વનું છે. તેઓ આ નામને જ માત્ર આત્માનો આધાર માને છે અને તેની સંભાળ હરઘડીએ રાખે છે. એમાં જીવ ચાલ્યો જાય તો પણ એની તેમને પરવા નથી :

છિન છિન રામ સંભાલતા, જૈ જીવ જાઈત જાઉ;
આતમ કે આધાર કૌં, નાંહિ જાન ઉપાઉ.

## અનભૈ

'અનભૈ' સાધનાનો સાર છે, સાધ્યની સિદ્ધિ માટે સર્વશ્રેષ્ઠ સાધન છે. દાદૂની દૃષ્ટિમાં 'અનભૈ'ની પ્રતીતિ થતાં જ સાધકને 'સાહિબ' મળે છે અને તેના સર્વ મનોવિકાર નાશ પામે છે :

સોઈ અનભૈ સોઈ ઉપજો. સોઈ સબધ તતસાર,
સુણતાં હી સાહિબ મિલે, મન કે જાહિ વિકાર.

'અનભૈ'થી બધા વિકારોનો નાશ થાય છે અને નિર્મળ જળ રૂપી 'અનહદ'ની પ્રાપ્તિ થાય છે, જેને દરેક માનવી પ્રેમપૂર્વક આત્મલીન બની સ્વીકારે છે :

દાદૂ અનભૈ કાટે રાગ કો, અનહદ ઉપજૈ આઈ,
મેંઝે કાજળ નિર્મળા, પીવૈ રુચિ લ્યાલાઈ.

એટલે જ દાદૂ કહે છે કે, મનુષ્યના અંતઃકરણમાં 'અનભૈ' ઉત્પન્ન થવાથી 'કરમ' (કર્મ) વગેરેનો નાશ થાય છે અને ત્યાં પૂર્ણ બ્રહ્મનો પ્રકાશ ઝળહળી ઊઠે છે :

દાદૂ જબ ઘટિ અનભૈ ઉપજૈ, તબ કિયા કરમકા નાશ,
ભૈ ભમ ભાગૈ સબૈ, પૂરણ બ્રહ્મ પ્રકાશ.

આમ 'અનભૈ' હૃદયમાં પ્રગટે છે ત્યારે માત્ર રામ જ શેષ રહી જાય છે :

દાદૂ વાણી બ્રહ્મકી, અનભૈ ઘટિ પરકાશ,
રામ અકેલા રહિ ગયા, સબદ નિરંજન પાસ.

'અનભૈનું સારતત્ત્વ જ અદ્વૈત અનુભૂતિની અવસ્થા છે. તે પછી દ્વૈતભાવની ભેદબુદ્ધિ માટે અહીં કોઇ અવકાશ નથી. તે રામમય બની જાય છે.

# ૫. દાદૂના સિદ્ધાંત અને ઉપદેશ

## કબીર, નાનક અને દાદૂ

દાદૂ, કબીર અને ગુરુ નાનક ત્રણ વચ્ચે એક પ્રકારની સમાનતા જોવા મળે છે. એ કાળે આ ત્રણે સંત પુરુષો સામે સમાજની એકસરખી સમસ્યા હતી. અજ્ઞાનતા, અંધવિશ્વાસ, રૂઢિ, ઊંચનીચના ભેદભાવ, જાતિગત અને સાંપ્રદાયિક દ્વેષ વગેરે સમસ્યાઓનો પોતાની રીતે ઉકેલ આણવા આ સંતોએ અવિરત પ્રયત્નો કર્યા છે. આ ત્રણે મહાપુરુષો એકસરખા નિષ્કર્ષ પર આવ્યા હતા કે, આ બધાં ભેદભાવ, વૈમનસ્ય અને દુરાચારનું મૂળ અજ્ઞાન છે. એથી સૌ પ્રથમ તો એમણે અજ્ઞાનતા દૂર કરવા પ્રયાસ કર્યા હતા. એમણે લોકોને સાચી સમજ આપતાં કહ્યું કે, દરેક માનવી પરમતત્ત્વનું જ સ્વરૂપ છે; એનો જ અંશ છે. મનુષ્ય-મનુષ્ય વચ્ચે કોઈ અંતર નથી; અને જે કંઈપણ ભેદ છે તે બાહ્ય અને મિથ્યા છે. માટે સત્ય વસ્તુના મર્મને જાણી લઈએ, તો આ તમામ ભેદભાવો, વૈમનસ્ય અને ભિન્નતા રહેજ નહીં.

આ ત્રણે સંતોના દર્શન પ્રતિ તાત્ત્વિક દૃષ્ટિએ જોઈશું તો દરેકની વિચારધારામાં કંઈક વિશિષ્ટ અને મૌલિક ભેદ જણાશે; જેમ કે કબીરની આસ્થા વિશેષ કરીને જો આત્મપ્રત્યયમાં હતી, તો ગુરુ નાનકની આસ્થા આત્મવિકાસમાં હતી, જ્યારે દાદૂની આસ્થા આત્મઉત્સર્ગમાં હતી. આ ત્રણેએ પરમતત્ત્વને પણ ક્રમે કરી નિત્ય, એક તેમ જ સહજની જુદી જુદી ભાવનાઓ પ્રમાણે કંઈક વિશેષ રૂપથી જોયું છે. એમની સાધના પણ એ જ રીતે અધિકતર વિચારપ્રધાન, નિષ્ઠાપ્રધાન અને પ્રેમપ્રધાન હતી; અને તેથી જ સુરત શબ્દયોગના સૌ એકસરખા સમર્થક હોવા છતાં એમણે ક્રમશ: જ્ઞાનયોગ, ભક્તિયોગ તથા લયયોગ તરફ વિશેષ લક્ષ આપ્યું. આ ત્રણ સંતોના મુખ્ય ઉપદેશ તેમજ એમણે સમાજની કરેલી સેવા તરફ ધ્યાન આપીએ, તો આપણને જણાશે કે કબીરે જો માનવસ્વાતંત્ર્ય અને નિર્ભયતાને મહત્ત્વ આપ્યું છે, તો ગુરુ નાનકે સમન્વય તથા એકતા પર ભાર મૂકયો છે અને દાદૂએ સદ્ભાવ સેવા અને પ્રેમને પ્રાધાન્ય આપ્યું છે. આમ છતાં આ ત્રણેમાંથી કોઈની પ્રવૃત્તિ એકાંગી રહી નથી. સાધનાક્ષેત્રે એ ત્રણે પૂર્ણતાને પામ્યા હતા.

## અનુભૂતિ અને જ્ઞાન

અનુભૂતિ અને જ્ઞાન વચ્ચે ઘણું અંતર છે. આપણને કોઈ વસ્તુનું જ્ઞાન થાય છે ત્યારે આપણે એનાં બધાં પાસાંઓથી જાણે પરિચિત થઈને, આપણે તેના ગુણાવગુણની ચર્ચા કરવા લાગીએ છીએ. પરંતુ તે સ્થિતિને જ્ઞાન, જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનની લહાણ કહી શકાય. પરંતુ અનુભૂતિની સ્થિતિમાં તો આપણે આપણી જાતને તેમાં ડુબાડી દઈએ છીએ. આપણે તેને એટલી બધી નિકટથી જાણવા લાગીએ છીએ કે, આપણને તેના અંશ પ્રત્યંશનું વિશ્લેષણ કરવાનો કોઈ ઉપાય મળતો નથી. જ્ઞાનની સ્થિતિમાં આપણે આપણી જ્ઞેય વસ્તુથી પૃથક રહીએ છીએ, એટલે જ્ઞેય વસ્તુ સહેજ દૂર રહેવાથી તેનું જ્ઞાન મેળવવામાં આપણને મુશ્કેલી જણાતી નથી. પણ અનુભૂતિમાં તો આપણા અનુભવની વસ્તુ સાથે આપણે તાદાત્મ્ય સાધીએ છીએ; તેમાં આપણે પ્રવેશ કરીએ છીએ. જ્ઞાન અને અનુભૂતિમાં અહીં જ અંતર છે. જ્ઞાત થયેલી વસ્તુ વિશે આપણે કંઈક કહી શકીએ છીએ અને એનું વર્ણન કરવાની સ્થિતિમાં હોઈએ છીએ; પરંતુ અનુભૂતિ જે સ્થળેથી જાગૃત થાય છે ત્યાંની આપણી અવસ્થા અનિર્વચનીય હોય છે. આ તે જ સ્થાન છે, જ્યાં નિરંજન હમેશાં વાસ કરે છે અને તેથી જ તેની અનુભૂતિ વ્યકત કરવાનું કામ ઘણું કઠિન છે. આપણને ફકત તેનો અનુભવ જ થઈ શકે છે. મીઠાઈ ખાનાર માણસ ખાધેલી મીઠાઈ વિશે અન્યને કહી શકે ખરો, પણ જેણે કોઈ દિવસ મીઠાઈ ખાધી નથી તેને તેના વિશેના વર્ણનથી–માત્ર શબ્દજ્ઞાનથી–સંતોષ થાય નહિ. તેનો સ્વાદ જાણવા માટે તો મીઠાઈ જાતે ખાવી પડે અને તેની અનુભૂતિ કરવી પડે. એટલે અનુભૂત વસ્તુ વાણીથી વર્ણવી શકાતી નથી, પણ તેનો આનંદ માણી શકાય છે. તેમ બ્રહ્મનો અનુભવ થયા પછી વાણી કુંઠિત બને છે પણ બ્રહ્માનંદનો આનંદ મળે છે, અને આપણે અગમ નિર્મળ નિશ્ચલ સ્થિતિમાં પણ પહોંચી જઈએ છીએ.

## સાધના

સંત દાદૂની સાધના અનુભૂતિ પર જ આધારિત છે, અને તેથી જ એનાં સાધન અને સિદ્ધિ બંનેમાંથી એકેયનું સંપૂર્ણ સંતોષકારક વિવરણ આપવું શકય નથી. આ સાધનાની પહેલી ક્રિયા તન અને મનના માનનું મર્દન કરી, તેમને પોતાના અંકુશમાં આણવાની છે. તેથી નિરહંકાર બની શકાય છે, અને એને પરિણામે 'સહજ'ની અવસ્થા પ્રાપ્ત થાય છે. આ સ્થિતિમાં સત્ત્વગુણ, રજોગુણ

અને તમોગુણરૂપ પ્રકૃતિજન્ય કોઈ વિકારો આપણને સ્પર્શી શકતા નથી, અને આત્મા પ્રેમામૃત ચાખવા માંડે છે. આ સાધનામાં માર્ગ શૂન્યસ્વરૂપે રહે છે અને સુરતિને ચૈતન્યના માર્ગ પર ચાલવું પડે છે, અને તે પોતાને લયમાં મગ્ન બનીને રહે છે. આ માર્ગ યોગસમાધિનો માર્ગ નથી, તેમ એને ભક્તિયોગ પણ કહી શકાતો નથી. આ બંનેની વચ્ચેનો તે 'સહજ' માર્ગ છે, જ્યાં કોઈ પણ પ્રકારની સાધના ન કરવા છતાંય પૂર્ણ સમાધિનો આનંદ પ્રાપ્ત થાય છે અને કાળના પ્રભાવથી સાધક અલિપ્ત થઈ જાય છે. એમાં અતિ મહત્ત્વની અને સૌથી મહાન ક્રિયા આત્મસમર્પણ ભાવના છે. એમાં 'હુંપણા'નો ભાવ નિર્મળ બની જાય છે. આ ભાવનાને નિરૂપતાં દાદૂએ કહ્યું છે–

તન ભી તેરા, મન ભી તેરા, તેરા પ્યંડ પરાન,
સબ કુછ તેરા. તૂં હૈ મેરા, યહ દાદૂકા જ્ઞાન.

આ સ્થૂળ શરીર, આ મન અને પ્રાણ આદિ બધું જ એને સમર્પિત કરવામાં આવે છે, પણ એના મૂળમાં સદૈવ એકમાત્ર એવી લગન કાર્ય કરતી રહે છે કે જેને આપણે આપણું સર્વસ્વ સમર્પિત કરી રહ્યા છીએ તે 'મારો' છે અથવા તે 'હું' પોતે જ છું.

એથી જ આ સર્વસ્વ સમર્પણ અને સર્વસ્વની પ્રાપ્તિમાં વાસ્તવમાં કંઈ જ ભેદ રહેતો નથી અને આત્મસમર્પણ કરનારને પોતાની કશી જ ઊણપ લાગતી નથી. તે સભર થતો પોતાની જાતને પૂર્ણ અનુભવે છે.

## માયા

વેદકાળના પ્રાદુર્ભાવથી માંડી આજ સુધી 'માયા' શબ્દ અનેક રૂપે અને અનેક અર્થમાં પ્રચલિત રહ્યો છે. ઋગ્વેદ (૬–૪૭–૧૮)માં ઈન્દ્ર પોતાની માયા દ્વારા રૂપ ધારણ કરે છે, તેવું વિધાન છે. એ પછી ઉપનિષદકારોએ માયાનું વિવિધરૂપે નિરૂપણ કર્યું છે. ભગવદ્ગીતા (૪–૪–૮૪)માં ભગવાન શ્રી કૃષ્ણનું કથન છે કે, હું મારી માયા દ્વારા પ્રગટ થાઉં છું. આ રીતે માયાની ચર્ચા વેદ, પુરાણો અને દર્શનશાસ્ત્રના વિવિધ સંદર્ભોમાં મળે છે.

સંતો માયાને સાંસારિક પ્રલોભન માને છે. આ માયાની જાળમાં જીવ ફસાયેલો રહે છે, એ કારણે જીવન–મરણના ચક્રમાંથી તે મુક્ત થઈ શકતો નથી. તેને માટે માયા બંધનરૂપ બની જાય છે. બધા જ સંતોએ 'માયા'ને બાધારૂપ માની છે, અને એનાથી બચતા રહેવાનો ઉપદેશ આપ્યો છે.

સંત દાદૂએ માયાને મૃગજળ કહી છે, જેનો ઝળહળાટ ભ્રામક અને જૂઠો છે. 'યહુ સબ માયા મૃગજલ, સત કરિ જાના સોઈ.' માયાના આ ચળકતા મૃગજળનું–વિષયવારિનું–પાન કરવા છતાં પશુવત્ પ્રાણી તરસે મરે છે. આખો સંસાર આ મૃગતૃષ્ણા પાછળ મરી ખૂટે છે, પરંતુ એને ખબર નથી કે આ માયા મિથ્યા છે :

ઝૂઠા ઝિલમિલ મૃગજલ, પાણી કર લીયા,
દાદૂ જગ પ્યાસા મરૈ, પશુ પ્રાણી પીયા.

દાદૂના કથન પ્રમાણે એ જ માયા અનેક રૂપ ધારણ કરે છે–કદી ઉત્પન્ન થઈને, કદી નાશ પામીને, તો કદી વિવિધ ગુણ ધારણ કરીને. તે કદાપિ સ્થિર રહેતી નથી. તડકા–છાંયડાની જેમ પ્રત્યેક ક્ષણે તે અસ્થિર જ રહે છે :

ઉપજૈં વિનસૈ ગુણ ધરૈ, યહુ માયા કા રૂપ,
દાદૂ દેખત થિર નાહી, ખિણ છાંહિ ખિણ ધૂપ.

આ માયા માનવીના મનને ભ્રષ્ટ કરી એને ચંચળ બનાવી દે છે, અને તે ચંચળ માયામાં આસક્ત બનીને સદા વિષય–વાસનામાં ડૂબેલું રહે છે. મન એ માયાનું આશ્રય સ્થાન છે; એટલે કે માયા મનમાંથી પેદા થાય છે અને મનમાં વિલીન થાય છે. પરંતુ જો આ મન રામમાં અનુરક્ત બને, તો તે અંતે રામમાં જ વિલીન થાય છે.

મન હી માયા ઉપજે, મન હી માયા જાઈ,
મન હી રાતા રામ સોં, મન હી રહ્યા સમાઈ.

આ રીતે, સાધક માટે મન જ સર્વસ્વ છે.

## પરમાત્મતત્ત્વ

આપણા આધ્યાત્મવેત્તા મનીષીઓ વિવિધરૂપા, પરિવર્તનશીલ, અનિત્ય એવા આ જગતના મૂળમાં રહેલી શાશ્વત સત્તાનું તાત્ત્વિક નિરૂપણ કરી એવા નિર્ણય પર આવે છે કે, આ વિશ્વમાં ત્રિક્રિયા શક્તિ કાર્ય કરી રહી છે: આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક; એટલે કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય. એમાં **પરમાત્મતત્ત્વ** રહેલું છે, જે એનું સંચાલન કરે છે. આ **પરમાત્મતત્ત્વ**ને સંત દાદૂએ સર્વત્ર વ્યાપ્ત અને સર્વશક્તિમાન કહ્યું છે. એના સિવાય અન્ય

કોઈનું અસ્તિત્વ તે સ્વીકારતા નથી. તે હરિ-તત્ત્વને સ્પષ્ટ કરતાં સરોવરનું રૂપક આપી કહે છેઃ "હરિનું સરોવર સર્વત્ર પૂર્ણ છે, મરજી પડે ત્યાંથી પાણી પી લો; તેમાં કોઈ પણ સ્થળે આચમન કરતાં જ જીવની તરસ છિપાય છે અને તે સુખી થાય છે." અને "તે શૂન્યમય સરોવરનું જળ નિરંજન-સ્વરૂપ છે અને મન તેમાં માછલી રૂપે રમણ કરે છે. આ અલખ અને અભેદનું તત્ત્વ એવું છે કે જેના રસમાં સદાય આનંદ-વિહાર કરી શકાય છે." એ જ રીતે, જેમ સરોવરમાં હંસ વિહાર કરે છે, તેમ આત્મા પોતાના પ્રિયતમ પરમાત્મા સાથે ઓતપ્રોત બનીને હંમેશાં રમણ કરે છે. આ સરોવરને તે 'શય્યાસરોવર' પણ કહે છે, "જેના તરંગો પ્રેમના છે અને આત્મા તેમાં પોતાના સ્વામી સાથે આનંદ-મસ્તીથી ઝૂલે છે." દાદૂ એ જ તત્ત્વને પોતાનો 'પ્રિય' (પ્રિયતમ) પણ કહે છે. તેઓ બધી દિશાઓમાં એને એકલાને જ વ્યાપેલો જુએ છે, અને ભીતર પણ અનુભવે છે. તે વાટ અને તેલ વગરના બળતા દીપકની જેમ ચારેકોર સૂર્યવત્ પ્રકાશ પાથરી રહ્યો છે અને રોમેરોમમાં એ જ રીતે વ્યાપેલો છે. આ પ્રેમની વ્યાખ્યા કરતાં એક સ્થળે એમણે એમ પણ કહ્યું છે કે "ખરેખર તો 'ઈશ્ક' એટલે જ પ્રેમ, અને તે પ્રેમ એટલે 'અલહ'—ઈશ્વરની જાતિ છે, એ જ અંગસ્વરૂપ છે, એ જ તેનો રંગ છે અને એનું અસ્તિત્વ પણ એ જ છે." અને એ જ કારણે, વિરહને પણ એમણે પરમ સ્નેહી મિત્ર કહ્યો છે. આ તત્ત્વને અન્યત્ર દાદૂએ 'સહજ'ની સંજ્ઞા પણ આપી છે. એ વિશે તેઓ કહે છે કે "એમાં સુખ કે દુઃખ બંને અનુભવોમાંથી એકનું પણ અસ્તિત્વ રહેતું નથી. એ મરતો નથી તેમ જીવતો પણ નથી, એને જ નિર્વાણપદ કહે છે. એમાં રમમાણ થઈ જતાં મનની દ્વૈતભાવના નાશ પામે છે અને અદ્વૈતભાવ જાગૃત થાય છે." પછી કોઈ પણ વિપક્ષનો પ્રશ્ન ઉદ્‌ભવતો જ નથી. તે 'નિર્ભય', 'નિષ્પક્ષ', 'સહજ', 'આદિ' અને 'અનંત' છે. ત્યાં સ્થૂળ કે સૂક્ષ્મ બંનેમાંથી કોઈની પણ ગતિ નથી. કબીરસાહેબનું નિરાધાર ઘર પણ તે જ છે.

નિરાધાર ઘર કીજિએ, જહાં નાહીં ધરનિ અકાસ,
દાદૂ નિહચલ રાખિએ નૃગુણ કે વેસાસ.

દાદૂએ આ તત્ત્વને 'શૂન્ય', 'પરમપદ', 'નિર્વાણ' આદિ સંજ્ઞા પણ આપી છે અને તેનું સ્વરૂપ પ્રેમમય હોવાનું વર્ણવ્યું છે. આ જ તે પરમાત્મતત્ત્વ છે, જેને 'અનિર્વચનીય' કહ્યું છે. આ વિશે દાદૂના શિષ્ય સુંદરદાસ કહે છે :

એક કહૂં તો અનેક સો દીસત, એક અનેક નહીં કછુ એસો :
આદિ કહૂં તિહિ અતહુ આવત, આદિ ન અંત ન મધ્ય સુકૈસો.

ગોપિ કહૂં તો અગોપિ કહા, યહ ગોપિ અગોપિ ન ઊભો ન બૈસો,
જોઈ કહૂં સોઈ હૈ નહિ સુંદર, હૈ તો સહી પરિ જૈસો કો તૈસૌ.

આમ છતાં, એમણે આ બ્રહ્મતત્ત્વને જગતમય અને જગતને બ્રહ્મમય કહીને સર્વાત્મવાદનું પ્રતિપાદન કર્યું છે અને 'તારામાં આ જગત છે. તું જ જગતમાં છે, તારામાં અને જગતમાં ભિન્નતા કયાં રહી ?' એમ કહીને તેને ભિન્ન ભિન્ન પ્રકારનાં પણ એક જ માટીમાંથી બનેલાં પાત્રો, જળમાં ઊઠતા અનેક તરંગો, શેરડીના રસમાંથી બનેલી ભાતભાતની મીઠાઈઓ, લાકડાની બનેલી જાતજાતની પૂતળીઓ, લોઢામાંથી તૈયાર થયેલાં અનેક હથિયારો અને સોનામાંથી બનેલા વિવિધ પ્રકારના અલંકારોનાં દૃષ્ટાંતોથી અંતે એક જ હોવાનું દર્શાવ્યું છે. આ રીતે બધા પદાર્થોની મૂળ પદાર્થ સાથેની એકતાનું રહસ્ય તેઓ બતાવે છે. તેઓ એમ પણ કહે છે કે બંનેમાં ભિન્નતા માત્ર એટલી છે, જેટલી થીજેલા ઘી અને પીગળેલા ઘી વચ્ચે છે અથવા બરફ અને પીગળેલા પાણી વચ્ચે છે. ઘી થીજેલું હોય કે પીગળેલું, પણ ગમે તે સ્થિતિમાં અંતે તે ઘી જ છે, તે જ રીતે જળનું ઘનરૂપ તે બરફ અને બરફનું પ્રવાહી તે જળ છે, એમાં કશી ભિન્નતા નથી, માત્ર નામભેદથી તેઓ ભિન્ન લાગે છે. એ જ રીતે બ્રહ્મથી જગત કે જગતથી બ્રહ્મ ભિન્ન નથી. બન્ને એકમેકમાં ઓતપ્રોત છે. ઈશ્વરે રચેલી સૃષ્ટિથી ઈશ્વર ભિન્ન નથી. તેમને એકબીજાથી ભિન્ન માનવાં અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી :

જગત કહે તે જગત હૈ, સુંદરરૂપ અનેક,
બ્રહ્મ કહે તે બ્રહ્મ હૈ, વસ્તુ વિચારે એક.

બ્રહ્મ આ જગતનું નિમિત્ત તેમજ ઉપાદાન એમ બંને પ્રકારનું કારણ છે અને સર્વત્ર સમાન ભાવે જ વ્યસ્ત છે :

સુંદર કહત યહ એક ઇ અખંડ બ્રહ્મ,
તાહિકો પલટિ કે જગત નામ ધર્યો હૈ.

## શૂન્ય અને સૃષ્ટિ

સંત દાદૂ પરમતત્ત્વને 'સહજ સૂનિ' પણ કહે છે અને તેને સ્પષ્ટ કરતાં કહે છે કે, તે જ સર્વત્ર વ્યાપક છે, પ્રાણીમાત્રમાં તે જ રહેલો છે, તેમાં જ નિરંજન કે રામને રમતો સમજવો જોઈએ. તેમાં સત્ત્વ, રજ કે તમના ગુણનો

અંશ પણ નથી. આ શૂન્ય તે કાયાશૂન્ય, આત્મશૂન્ય તેમજ પરમશૂન્યથીય પર છે, જ્યાં ક્રમે ક્રમે સ્થૂળ શરીર જાગૃત અવસ્થામાં જણાય છે. સૂક્ષ્મ શરીર સ્વપ્નાવસ્થામાં પ્રતીત થાય છે અને ત્યાં સમાધિની પૂર્ણ અવસ્થાએ જીવને બ્રહ્મની અનુભૂતિ થાય છે. આ ત્રણેયથી પણ પર તે સ્વયં એક માત્ર અને અદ્વિતીય નિર્ગુણ છે. તેને જ તેઓ અન્યત્ર બ્રહ્મશૂન્ય, બ્રહ્મનિરંજન, નિરાકાર અથવા જ્યોતિર્મય તત્ત્વ કહે છે. ત્યાંથી જ સૂર્ય, ચંદ્ર, આકાશ, જળ, તેજ, વાયુ, પૃથ્વી, કાળ, કર્મ, માયા, મન, જીવન, ઘટ, શ્વાસ આદિ ઉત્પન્ન થયાં છે અને થાય છે અને એમાં જ એમનો વિલય પણ થાય છે. આ સૃષ્ટિનું કારણ પણ દાદૂ એક 'રહસ્યમય વિનોદ' અને 'પરમાનંદ' રૂપ માને છે. તે આ વાતને એ રીતે પણ કહે છે કે, સૃષ્ટિકર્તા સદાય ખેલ કર્યા કરે છે, જેને વિરલાઓ જ સમજી શકે છે. તે કંઈ પણ લેવામાં સુખ અનુભવતો નથી; પણ તેને આપવામાં જ આનંદ લાગે છે અને તે આનંદ જ આ સમસ્ત વિશ્વનું આદિ કારણ છે. આ વાત દાદૂના શિષ્ય વખનાજીએ સુંદર શબ્દોમાં કહી છે :

જિહિં બરિયા યહુ સબ હુઆ સો હમ કયા વિચાર,
વખના બરિયા ખુશી કી કરતા સિરજનહાર.

આ વાત પર ઘણો વિચાર કર્યા પછી મને એવું જણાયું છે કે સૃષ્ટિ-કર્તાએ એનો આરંભ પોતાની ઇચ્છાથી આનંદના સમયે જ કર્યો હતો. સીકરી મુકામે કોઈ એક કાઝીએ એમને કરેલા પ્રશ્નના જવાબ રૂપે એમણે આમ કહેલું.

## સૃષ્ટિક્રમ અને ભ્રાંતિ

દાદૂએ સૃષ્ટિના મૂળ તત્ત્વના સાકાર પરિણામની સંજ્ઞા 'ઓંકાર' આપી છે. તે કહે છે કે, તે રહસ્યમય આદિ શબ્દમાંથી જ પાંચ તત્ત્વો ઉદ્‌ભવ્યાં છે, બધી દેહસૃષ્ટિ તૈયાર થઈ છે અને તેમાં 'તું' વગેરે ભેદભાવના વિકારોનો ક્રમિક વિકાસ થયો છે. આ અખિલ વિશ્વ એક વાદ્યતંત્ર જેવું છે; એમાં તેનો શબ્દ સર્વત્ર વ્યાપેલો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચેય તત્ત્વોનું કારણ એ જ 'ઓંકાર' નાદ છે, જે કાર્યરૂપ જીવ બની બોલે છે. આ બધું જે કંઈ જણાય છે, તે માયાજાળ છે. આ તે આદિ પરમતત્ત્વ નથી, તે અવ્યક્ત તત્ત્વ તો નિરંજન અને નિરાકાર છે, જ્યાં 'ઓંકાર' વડે ગુણોના ઉત્કર્ષને લીધે પેદા થયેલા 'હું', 'તું' જેવા ભેદ-વિકારોથી અહંતાની ભાવના જાગે છે અને તે જ આ જગતના બધા અનર્થોનું મૂળ છે. આ 'હું' અને 'તું' નો ભેદ

જીવાત્માની આગળ રહસ્યમય અડચણ રૂપે આવે છે. આ ભેદ પડદા પાછળ રહી અડચણ ઊભી કરતો હોવાને લીધે સર્વત્ર વ્યાપી રહેલા પ્રિયતમનો પ્રત્યક્ષ રૂપે અનુભવ આપણે કરી શકતા નથી. 'હું' અને 'તું'નો ભેદ જો કોઈ પણ રીતે દૂર થાય, તો ખરા તત્ત્વને સમજતાં વાર ન લાગે. તે અવસ્થાએ પરમ આનંદનો અનુભવ થાય છે. આપણી તમામ સમસ્યાઓ આ 'હું' અને 'તું'નો ભેદ દૂર કરવાથી જ નિવારી શકાય; તે વગર પરમ તત્ત્વની અનુભૂતિ આપણે માટે કયારેય શકય નથી. એ તત્ત્વનો પ્રત્યક્ષ અનુભવ જ સર્વ સાધનાઓનું એકમાત્ર લક્ષ્ય છે.

## મુક્તિ

આત્મવિકાસનું અંતિમ શિખર છે—મુકિત. જીવાત્માનું પરમ લક્ષ્ય છે—મોક્ષ. સંસારનો સાર છે—જીવનમુકિત. મોક્ષ, નિર્વાણ, પદનિર્વાણ, પરમગતિ, અપવર્ગ, કૈવલ્ય વગેરે શબ્દો મુકિતના પર્યાય છે. ભારતીય આધ્યાત્મ અને દર્શનશાસ્ત્રોમાં 'મુકિત તત્ત્વ' વિશે વિચાર, ચિંતન અને મનન નિરંતર થતાં રહ્યાં છે.

ગીતામાં શ્રીકૃષ્ણે 'મુકિત'ની ચર્ચા કરી છે. એમણે 'મુકિત'ના વિવિધ પર્યાયો સાથે શરણાગતનો દૃઢ વિશ્વાસ આપીને, જીવને સર્વ પાપોથી મુક્ત કરવાનું વચન આપ્યું છે. "સર્વધર્માત્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ; અહંત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ".

ન્યાયદર્શન દુઃખના પૂર્ણ નિરોધને મુકિત કહે છે. એટલે કે દેહ અને ઈન્દ્રિયોનાં બંધનથી આત્મા મુક્ત થઈને સુખ—દુઃખથી પર બની જાય છે. સાંખ્ય દર્શનમાં પણ દુઃખોની અત્યંત નિવૃત્તિને મુકિત, અપવર્ગ અથવા પુરુષાર્થ કહે છે. બૌદ્ધ દર્શન તેને નિર્વાણ કહે છે, જેમાં દુઃખ, વાસના, તૃષ્ણા નાશ પામે છે. જૈન ધર્મમાં જીવનો પુદ્દગલથી વિયોગ થવો, તેને મોક્ષ કહ્યો છે, અને એ માટે સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચરિત્રને મોક્ષનો માર્ગ ગણાવ્યાં છે :

સમ્યક્ દર્શન – જ્ઞાન – ચરિત્રાણિ મોક્ષ માર્ગઃ.

સંતોએ મુકિત સંબંધી જે કંઈ વિચારણા કરી છે કે ધારણા બાંધી છે તે અત્યંત સરળ અને સહજ છે. આ દષ્ટિએ સંત દાદૂ જીવંત અવસ્થામાં જ મુકિત પામવા પર સૌથી વધુ ભાર મૂકે છે. એમના કથન પ્રમાણે જીવતા જ દેહે બધા ગુણોથી છુટકારો થાય, જીવતાં જ મુક્ત થઈ શકાય અને જીવતાં જ

બધાં કર્મો ખપાવી લેવાય, એટલે કે કર્મબંધનોમાંથી છુટકારો મળી જાય, તે ખરી મુક્તિ છે:

દાદૂ જીવિત છૂટૈ દેહ ગુણ, જીવિત મુક્તાં હોઈ,
જીવિત કાટૈ કમ સબ મુક્તિ કહાવૈ સોઈ.

એટલે જીવિત અવસ્થામાં જ ભવસાગર પાર કરી જવો, જગતગુરુને પામી લેવા, એ આપણા જ્ઞાન અને વિચારનો વિષય હોવો જોઈએ :

દાદૂ જીવિત હી દૂતર તિરૈ જીવિત લંઘૈ પાર;
જીવિત પાયા જગતગુરુ દાદૂ જ્ઞાન વિચાર.

દાદૂના મત પ્રમાણે જીવને જીવિત અવસ્થામાં જ છુટકારો મળી શકે છે, મૃત્યુ પછી નહીં. જે લોકો મૃત્યુ પછી મુક્તિ મળે તેવું કહે છે, મિલનની વાત કરે છે અને અમર—અભય—પદપ્રાપ્તિની વાત કરે છે, તે ખરેખર ભુલાવામાં છે:

મૂવા પીછે મુક્તિ બતાવૈ મૂવા પીછે મેલા,
મૂવા પીછે અમર અભૈપદ દાદૂ ભૂલે ગહિલા.

આ રીતે, દાદૂ મૃત્યુ પછી મળનારી મુક્તિ પર હરગિજ વિશ્વાસ કરતા નથી. તેઓ તો જીવિતાવસ્થામાં જ મુક્તિ ચાહે છે. પોતે પોતાનામાં પૂર્ણરૂપે સમાધિસ્થ થઈ જવાથી જ તે સંભવિત છે. ત્યાં ફરી પ્રાણ પ્રાણથી, મન મનથી, સબદ સબદથી, ચિત્ત ચિત્તથી, વાણી વાણીથી, નૈન નૈનથી, નૂર નૂરથી ક્રીડા કરતાં નથી, પણ એક રૂપ, એક જ સેજસમ બની જાય છે:

પ્રાણન ખેલૈ પ્રાણ સૌં, મનન ખેલૈ મન,
સબદન ખેલૈ સબદ સૌં દાદૂ રામ રતન.

દાદૂ અહીં ઘણી સુંદર વાત કરે છે કે, ક્રીડા ભાવમાં દ્વૈતનું અસ્તિત્વ છે અને મુક્તાવસ્થામાં અદ્વૈતનું. એટલે મન-ઇન્દ્રિયાદિની અદ્વૈતભાવની અનુભૂતિ-પ્રતીતિ પર એમણે અધિક ભાર મૂકયો છે. એ જ કારણે મુક્તાવસ્થામાં તેઓ સ્થૂલ અને સૂક્ષ્માદિ સર્વ વસ્તુઓને એક સેજ સમાન 'એક' માને છે. તે કહે છે કે, ઐકયને માટે સર્વ વસ્તુઓને 'એક' ઈશ્વરને સમર્પિત કરી દેવી જોઈએ. સાધકે પોતાનાં પાંચ પદાર્થ રૂપી પંચેન્દ્રિયોને, રતન રૂપી શુદ્ધ મન અને અંતઃકરણને, માણેકરૂપી સમાધિસ્થ પ્રાણને અને હીરારૂપી શુદ્ધ સ્થિર બુદ્ધિવૃત્તિને, મોતીરૂપી 'મનસા'માં પરોવીને, સાંઈ સમાન આ અદ્‌ભુત અનુપમ

હારને આત્મારામના ગળામાં પહેરાવી દેવો જોઈએ, જ્યાં ફરી તેને કોઈ જોઈ ન શકે :

> પંચ પદારથ, મન રતન, પવના માણિક હોઈ,
> આત્મ હીરા સુરતિ સોં, મનસા મોતી હોઈ.
> અજબ અનુપમ હાર હૈ, સાંઈ સરીખા સોઈ,
> દાદૂ આત્મરામ ગલિ, જહાં ન દેખે કોઈ.

અર્થાત્ જીવનમુક્તાવસ્થામાં પાંચે ઇન્દ્રિયોને અંતર્મુખ કરીને, અંતઃ-કરણમાં સ્થાપીને, પ્રાણ—પવનનો અવરોધ કરી, સમાધિસ્થદશામાં મનમગ્ન થઈને, પરમ દયાલ સાથે પ્રત્યક્ષ પરિચય પામીને, સદાય સહજ સુખની પ્રાપ્તિ કરી શકાય છે.

આ રીતે, દાદૂ જીવિત અવસ્થામાં જ પરમ તત્ત્વ સાથે તાદાત્મ્ય સાધવું, તેને 'જીવન્મુકિત' કહે છે; અને એ જ ખરી મુકિત છે.

## કાયા-બેલી

> કાયા માંહે આદિ અનંત, કાયા માંહે હૈ ભગવંત,
> કાયા માંહે ત્રિભુવન રાઈ, કાયા માંહે રહ્યા સમાઈ.
> કાયા માંહે ચૌદહ ભૌન, કાયા માંહે આયા—ગવન,
> કાયા માંહે સબ બ્રહ્માંડ કાયા માંહે હૈ નવખંડ.
> કાયા માંહે લોક સબ, દાદૂ દીએ દિખાઈ,
> મનસા વાચા ક્રમના ગુમ બિન લખ્યા ન જોઈ.

સંત દાદૂની એક કૃતિ 'કાયા—બેલી' નામથી પ્રસિદ્ધ છે. તેમાં સંગૃહીત રચનાઓમાં દાદૂએ એવું પ્રદિપાદન કર્યું છે કે, જે કંઈ છે તે સર્વસ્વ આ દેહમાં સમાયેલું છે, માત્ર તેને સાધના દ્વારા સિદ્ધ કરવાનું છે. આ ઉપરાંત એમાં બીજું પણ ઘણું બધું છે. એમાં 'સાધનસાર', 'અનભૈસાર' તથા 'પદનિર્વાણ' પણ છે; અને એમાં જ રહેલ ગુરુની કૃપાથી પ્રિયતમનો સાક્ષાત્કાર થઈ જાય છે. દાદૂ કહે છે કે, "હું ઋદ્ધિ, સિદ્ધિ કે મુકિત કશાયની અભિલાષા સેવતો નથી. વળી, મને તેમ કરવું ગમતું નથી. હું તો કેવળ રામરસના એક પ્રેમપ્યાલા માટે જ તલસું છું". પરંતુ એ માટે તે કોઈ પાસે હાથ પણ લંબાવતા નથી, તેમ કોઈનેય ફરિયાદ પણ કરતા નથી. આ સ્થિતિ વર્ણવતાં દાદૂ કહે છે કે,

"મનમાં ને મનમાં વિરહાવસ્થામાં દાઝી રહ્યા છે. મનમાં ને મનમાં રડે છે, આક્રંદ કરે છે. તે કોઈને કશું કહેતા નથી, તેમ કોઈને એનો અણસાર પણ આવવા દેતા નથી." એથી પોતાની સાધનાના ફળરૂપે એમને જે કાંઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, તે એમનો કાયાપલટ અથવા પુનર્જન્મના રૂપે જ થઈ છે.

## એક અને અનેક

આ સ્થિતિએ પહોંચ્યા પછી બધી બ્રાહ્યક્રિયાઓ 'જૈસે થે' જેવી જ રહી જાય છે, પરંતુ ભીતરમાં પલટો આવે છે. હુંપણાથી જન્મેલું આવરણ જે આપણને દેખાય છે તે દૂર થાય છે. પછી સંસારની કોઈ પણ વસ્તુ આપણને ભરમાવી શકતી નથી, અને આપણને આપણી જાતનો પ્રત્યક્ષ પરિચય થવા લાગે છે. તે જ ખરેખર પરમતત્ત્વ હોવાથી બધા ભેદો આપમેળે નાશ પામે છે. આ સ્થિતિને દાદૂએ આવા શબ્દોમાં વર્ણવી છે:

> **અલખ રામ છૂટિ ગયા ભ્રમ મોરા,**
> હીંદુ તુરુછ ભેદ કછૂ નાહીં, દેખૌ દરસન તોરા. —ટેક.
> સોઈ પ્રાણ પંડ પુનિ સોઈ, સોઈ લોહી માસા,
> સોઈ નૈન નાસિકા સોઈ, સહજૈ કીન્હ તમાસા.
> શ્રવનોં સબદ બાજતા સુનિયે, જિભ્યા મીઠા લાગે,
> સોઈ ભૂખ સવન કૌં વ્યાપે, એક જુગતિ સોઈ જાગે.
> સોઈ સંધ બંધ પુનિ સોઈ, સોઈ સુખ સોઈ પીરા,
> સોઈ હસ્ત પાવ પુનિ સોઈ, સોઈ એક સરીરા.
> એ સબ ખેલ માલિક હરિ તેરે, તુમહી એક કરિ લીન્હા,
> દાદૂ જુગતિ જાણિ કરિ ઐસી, તવ યહુ પ્રાણ પતીણાં.

હે અલહ, રામ, હવે મારો સઘળો ભ્રમ ભાંગ્યો છે. હવે હું તારા પ્રત્યક્ષ દર્શનનો અનુભવ કરી રહ્યો છું. તેથી કોઈમાં કશા પ્રકારનો ભેદ મને જણાતો નથી. બધાના પ્રાણ એક જ છે, લોહી અને માંસ પણ એક જ સરખાં છે. બધાંની આંખો તેમ જ નાક પણ સરખાં છે. એણે તો અજબ ખેલ કર્યો છે. કાનથી શબ્દનો રણકાર એક જ સરખો બધાંને સંભળાય છે; બધાંની જીભ મીઠાશનો સરખો સ્વાદ અનુભવે છે. ભૂખ પણ બધાને સરખી લાગે છે. બધાનાં હાથ, પગ અને શરીર એકસરખાં છે. પહેલાં એ બધાં મને જુદાં જુદાં લાગતાં હતાં, પણ હવે તો તેં મારી નજર જ બદલી નાંખી હોઈ, હવે તે બધાં વસ્તુઓને બધે ઠેકાણે હું એક સરખાં જ જોઉં છું. હવે મને હિંદુ કે

મુસલમાનમાં કંઈ જ ભેદ લાગતો નથી. હવે અમે ચોક્કસપણે જાણી લીધું છે કે તમામ શરીરોમાં એક જ આત્મા રહેલો છે. હિંદુ, મુસ્લિમ, સ્ત્રી કે પુરુષમાં પણ કોઈ ભેદ નથી. દાદૂએ આ હકીકતને એક સિદ્ધાંત રૂપે કહી છે:

જબ પૂર્ણબ્રહ્મ વિચારિયે, તબ સકલ આતમા એક,
કાયા કે ગુણ દેખિયે, તો નાના વર્ણ અનેક.

આત્મનિષ્ઠ બની પૂર્ણબ્રહ્મની દૃષ્ટિએ જો જોવામાં આવે, તો આત્માની એકતાને લીધે કયાંય કશો ભેદભાવ દેખાતો નથી; પણ શરીર આદિની દૃષ્ટિએ અનેકતત્ત્વ અર્થાત્ ભિન્નતા દેખાય છે અને કોણ જાણે કયાંથી આપણી સામે નામરૂપ વગેરે ભેદો આવી ખડા થઈ જાય છે.

જીવન્મુકિતની આવી સ્થિતિને જ દાદૂએ જીવન્મુકિતની અવસ્થા કહી છે. મૃત્યુ પછી મુકત થવાની વાતમાં એમને વિશ્વાસ નથી. તેઓ કહે છે કે, "નિરંજનની નજીક પહોંચતાં જ હું જીવન્મુક્ત બની ગયો. મૃત્યુ પછી મુકિત મળવાની જે વાત થાય છે, તેમાં મને વિશ્વાસ નથી. એ જ રીતે મારું મન પણ એ વાતને માનતું નથી કે, સારાં કર્મોનું ફળ પછીના ભવમાં આપણને સારું મળશે. શરીરેન્દ્રિયનો સંગાથ છૂટયા પછી બધાંની ગતિ એકસરખી જ થાય છે." દાદૂ ફક્ત આટલું જ જાણે છે કે "જીવતાંજીવત રામ જો મળી જાય તો જીવન સફળ થઈ જાય." દાદૂના શિષ્ય સુંદરદાસે પણ એ જ વાત કહી છે. મુક્તિ તો ફક્ત ભ્રમ પેદા કરનાર જીવનનું લક્ષ્યબિંદુ છે. એવું કોઈ પણ ઠામઠેકાણું નથી, જયાં આપણને મુક્તિ જેવી કોઈ વસ્તુ મળી શકે. કેટલાક મોક્ષ આકાશમાં મળે છે એમ કહે છે; કેટલાક પાતાળમાં મળે છે એવું કહે છે; વળી કેટલાક તે પૃથ્વી પર મળે છે એમ માની તેને ખોળવા ફાંફાં મારે છે; પરંતુ એ વિશે ગંભીરપણે કોઈ વિચારતું નથી. કશાય ધ્યેય વગર, એટલે કે મોક્ષ કે મુકિત ખરેખર કયાં અને કેવી રીતે, કોને, કયારે મળે છે તે જાણ્યા વગર, કેવળ અહીં તહીં ભટકવાનો શો અર્થ? મુકિતનું ખરું સ્વરૂપ તો એ જ છે:

નિજ સ્વરૂપ કો જાનિ અખંડ, જયાં કા ત્યોંહી રહીએ,
સુંદર કછુ રાહે નહિ ત્યાગે, વહે મુક્તિ પદ કહિયે.

દાદૂએ એક અન્ય સ્થળે પણ કહ્યું છે કે "દેવલોક, ઇંદ્રલોક, સત્યલોક, વિધિલોક, શિવલોક, વૈકુંઠલોક, મોક્ષશિલા, સ્વર્ગ અને પરમપદ આદિ તમામ વાતો આ જીવનમાં જ મળનારી વસ્તુઓ છે. જેણે આત્માની અનુભૂતિ પામી લીધી, તેના બધા સંશયો નાશ પામ્યા, અને તે જીવનથી મુક્ત બની ગયો."

## સૂફી પ્રભાવ

દાદૂ પર સૂફી સંપ્રદાયનો પ્રભાવ જોવા મળે છે. સૂફી સાધનાનો ખરો અર્થ છે—બહારની દુનિયાથી દૂર, અલિપ્ત રહી આંતરજગતની સાધનામાં રત રહેવું તે. એટલે જ દાદૂએ આ દેહને મસ્જિદ માન્યો છે, અને કહ્યું છે કે 'જમાત'ના પાંચે મુખી તથા નમાજ પઢતી વેળા તેની આગેવાની લેનારા મુલ્લાં અને ઈમામ પણ મનમાં જ વસે છે. દાદૂ અવિનાશી પરમાત્માને હમેશાં પોતાની નજર આગળ જુએ છે; તેના પ્રત્યે પોતાનો ભક્તિભાવ પ્રગટ કરે છે. દાદૂએ પોતાના સમસ્ત દેહને જ જપ કરવાની તસબી (માળા) માન્યો છે, જેનાથી તેઓ કરીમનું નામસ્મરણ કર્યા કરે છે. એમના કહેવા પ્રમાણે 'રોજો' અગર ઉપવાસ એક જ છે, અન્ય નથી; અને 'કલમા' પણ ખુદ એ જ પરમાત્મા છે. આ રીતે દાદૂ અલ્લાહ આગળ ધ્યાનલીન થઈ ઊભા છે; અને સ્વર્ગ કરતાં પણ ઊંચા એવા સ્થાન પર તે જતા રહે છે, જ્યાં રહીમનું સ્થાન છે. ડૉ. તારાચંદના કથન પ્રમાણે "દાદૂએ પોતાના પુરોગામી સંતો કરતાં પણ વધુ જ્ઞાન સૂફી મત સંબંધી વ્યકત કર્યું છે. એનું કારણ એ હોઈ શકે કે તેઓ કમાલના શિષ્ય હતા અને કમાલની પ્રવૃત્તિ ઈસ્લામી વિચારધારા તરફ બધા કરતાં વધુ હતી. એટલું જ નહિ, પશ્ચિમ ભારતના—વિશેષતઃ અમદાવાદ અને અજમેરના સૂફીઓ—હિન્દુ અથવા મુસલમાનો પર પૂર્વી ભારતવાસીઓ કરતાં વધુ પ્રભુત્વ ધરાવતા હતા."

અલબત્ત, દાદૂ પર સૂફી સંપ્રદાયની અસર છે; તેમ છતાં દાદૂની સમગ્ર સાધના પરથી જણાઈ આવે છે કે, એમનો પંથ ભારતીય પરંપરામાંથી ઊતરી આવતો સંતમત છે.

## સાચો મુસ્લિમ

દાદૂએ મુલ્લાં—મૌલવીઓને સારી રીતે ફટકાર્યા છે; એટલું જ નહીં પણ સાચો મુસ્લિમ કેવો હોય તે વર્ણવતાં તેમણે કહ્યું છે કે, જે રહમદિલ હોય, કોઈને પણ તકલીફ આપે નહિ, અને હિંસા આચરે નહિ, તે સાચો મુસ્લિમ છે. જગતના તમામ ચહેરા 'સુબહાન'ના છે; કોઈના પર જુલમ ન કરો, કોઈને ન મારો; મારવો હોય તો ગુસ્સાને મારો અને પંચેન્દ્રિયોને 'બિસમિલ' કરો :

દાદૂ મુસલમાન મિહર ગહિ રહે સબકો સુખ કિસ હી નહીં દહૈ;
મુવા ન ખાઈ જીવત નહિ મારે કરે બંદગી રાહ સંવારે.

કાળા મુંહ કરિ કરદ કા દિલ થૈ દૂર નિવાર,
સબ સુરતિ સુબાહન કી, મુલ્લા મુગ્ધ ન માર.
ગલા ગુસ્સે કા કાટિયે મિયાં મતિ કો મારિ,
પંચો બિસમિલ કીજિયે, યે સબ જીવ ઉબારિ.

## સાચી ઉપાસના

દાદૂ હિન્દુ અને મુસલમાન બંનેને બંદગી–ઉપાસનાનો સાચો રાહ બતાવે છે. તે કહે છે કે, આ કાયા કુરાનની કિતાબ બને, જેના પર 'રહિમન' નામ લખવામાં આવે; અને એ જ રીતે મનને 'મુલ્લાં' બનાવો, જ્યાં એકમાત્ર શ્રોતા 'સુબહાન' જ રહે–

કાયા કતેબ બોલિયે લિખિ રાખૂં રહિમાન,
મનવાં મુલ્લાં બોલિયે, સુરતા હૈ સુબહાન.

એ જ રીતે, નમાજ પણ કાયામાં પઢવામાં આવે, જ્યાં બીજું કોઈ પ્રવેશી ન શકે; પછી જ મનની માળા–તસબી કરવાથી સાહેબ રીઝશે:

દાદૂ કાયા મહલ મેં નિમાજ ગુજારું, તહં ઔર ન આવન પાવૈ,
મન મળકે કરિ તસબી ફેરું, તબ સાહિબ કે મન ભાવ.

આ રીતે દાદૂ અંતરસાધનાને મહત્ત્વની ગણે છે.

## પાખંડખંડન

દાદૂ બાહ્યાડંબર અને પાખંડના સખત વિરોધી હતા. એમણે એ પર આકરા પ્રહારો કર્યા છે : આ સંસારમાં ચારે તરફ પાખંડ અને દંભનું સામ્રાજ્ય વ્યાપેલું છે. આ સમસ્ત પૃથ્વી પાખંડી અને સંસાર પ્રપંચમય છે. 'પાખંડ કી યહુ પૃથ્વી, પરપંચકા સંસાર'.

પાખંડી વ્યક્તિને માટે પરમની પ્રાપ્તિ અસંભવ છે. જ્યાં સુધી અંતઃકરણનો મેલ ન ધોવાય, હૃદય શુદ્ધ ન થાય, ત્યાં સુધી બધી ઉપાસના વ્યર્થ છે :

દાદૂ પાખંડી જીવ ન પાઈયે, જે અંતરિ સાચ ન હોય,
ઉપરિ થૈ ક્યૂં હો રહો, ભીતરિ કે મલ ધોઈ,

## કથની અને કરણી

બાહ્ય આડંબરની જેમ કથની અને કરણી વચ્ચે જે વિરોધ છે તે પણ મનુષ્યજીવન માટે પણ ઘણો હાનિકારક છે; એટલું જ નહિ, એથી મનુષ્ય સત્યને કદી પામી શકતો નથી. કથની અને કરણી વચ્ચેના વિરોધ પ્રત્યે દાદૂએ ભારે અણગમો વ્યક્ત કરતાં કહ્યું છે :

દાદૂ કથણી ઔર કુછ કરણી કરૈ કુછ ઔર,
તિન થૈ મેરા જીવ ડરે જિનકે ઠીક ન ઠૌર.
અંતરગતિ ઓર કુછ, મુખ રસના કુછ ઔર,
દાદૂ કરણી ઓર કુછ તિનકોં નાહી ઠૌર.

જેની કથની અને કરણીમાં ફેર છે, મુખમાં કંઈ ને મનમાં કંઈ છે, તેના જીવનું આ સંસારમાં ક્યારેય ઠેકાણું પડતું નથી. એ પશુની જેમ ભટકતો ફરે છે.

## પ્રેમ-પરમાત્મા

પ્રેમનું લક્ષ્ય કેવળ પ્રેમ જ છે; પ્રેમમાં સુખ–દુઃખ, હર્ષ–શોક કે અન્ય કોઈ લાલસા નથી. બાઉલ સંત મદન કહે છે તેમ–

પ્રેમેર મોલ પ્રેમેર બાંદા, નારે સુખ, નારે દુઃખ,
પ્રેમેર રસિક યદિ રે બાંદા, પ્રેમ પિયાસ પ્રેમ ભૂખ.

અરે બંદા, પ્રેમનું મૂલ્ય તો કેવળ પ્રેમ જ છે; ન સુખ છે, ન દુઃખ છે. હે બંદા, તું જો ખરેખર પ્રેમનો આશક–પ્રેમી છે, તો પછી પ્રેમ જ તારી પ્યાસ છે, અને પ્રેમ જ તારી ભૂખ છે.

પ્રેમનો સંબંધ જ્ઞાન સાથે નથી. તે બુદ્ધિની વસ્તુ નથી, હૃદયની વસ્તુ છે. પ્રેમનું સ્થાન જ્ઞાનથી ઘણું ઊંચું છે. એટલે તો દાદૂએ વેદ–પુરાણ, શાસ્ત્રાદિ કરતાં પ્રેમનો મહિમા ક્યાંયે ચડિયાતો માન્યો છે :

દાદૂ પાતી પ્રેમ કી બિરલા બાંચે કોઈ,
વેદ પુરાન પુસ્તક પઢે પ્રેમ બિના કયા હોઈ ?

પ્રેમની તેજધારામાં બધાં બાહ્યાડંબર, કર્મ–ધર્મ, પૂજા–પૂહા સ્વતઃ વહી જાય છે. એ સ્થિતિમાં કેવળ પ્રેમ જ સર્વસ્વ બની રહે છે. આ પ્રેમ–પારાવારમાં જ આત્મા અને પરમાત્મા એક બનીને પૂર્ણાનંદની પરમ અનુભૂતિ પામે છે :

દાદૂ દરિયા પ્રેમકા, તામેં ઝૂલે દોઈ,
ઈક આતમ પરમાતમા, એકમેવ રસ હોઈ.

## ૫૧

# પ્રવૃત્તિમાર્ગ અને સેવાધર્મ

દાદૂના શિષ્ય રજ્જબજી કહે છે કે–

એક જોગમેં ભોગ હૈ, એક ભોગમેં જોગ,
એક બૂંદહિ વૈરાગમેં, એક તિરહી સો ગૃહી લોગ.

યોગમાં પણ એક પ્રકારનો ભોગ છે અને ભોગમાં પણ એ જ રીતે યોગ થઈ શકે છે. ઘણા લોકો વૈરાગી બનીને પણ સંસારમાં રચ્યાપચ્યા રહે છે; તો વળી કેટલાક ગૃહસ્થજીવનમાં રહીને પણ સંસાર તરી જાય છે.

વાસ્તવમાં પ્રાણીમાત્ર પ્રત્યે સદ્‌ભાવના રાખવામાં આવે, તો સંસારમાં કોઈ સમસ્યા પેદા ન થાય; કોઈ સાથે રાગદ્વેષ કે સ્વાર્થ–શત્રુતા પેદા ન થાય. સહુ મિત્ર જ લાગે. આ સદ્‌ભાવનામાં સેવાવૃત્તિ રહેલી હોય છે, જે સ્વાર્થ રહિત છે. જ્યાં નિષ્કામ સેવા કરવાની વૃત્તિ હોય, ત્યાં વળી રાગદ્વેષ સંભવે ખરા ? પછી સંસાર છોડી જવાની વાત જ રહેતી નથી. અર્થાત્ સંસારવ્યવહારમાં રહી, સેવા કરતા રહી, ભવસાગર તરી જવો એ ઉત્તમ છે. આ સેવાધર્મને સમજાવતાં દાદૂએ કહ્યું છે:

જહાં સેવક તહાં સાહિબ બૈઠા, સેવક સેવા માંહિ
દાદૂ સાંઈ સબ કરે કોઈ જાણે નાંહિ.
દાદૂ તેજ પુંજ કૂં વિલસણાં, મિલિ ખેલે ઈકઠાંવ,
ભરિ ભરિ પીવે રામરસ સેવા ઈસકા નાંવ.
અરસ પરસ મિલિ ખેલિએ, તબ સુખ આનંદ હોય.
તન મન મંગલ ચહુદિસિ ભયા, દાદૂ કે એ સોઈ.

આ વિશ્વમાં જો કોઈ સૌથી મહાન સેવક હોય, તો તે જગન્નિયંતા (પરમાત્મા) જ છે, જે કોઈ પણ જાતની સ્વાર્થભાવના રાખ્યા વગર બધાં કાર્યો આનંદથી કરી રહ્યો છે. આપણે પણ બરાબર તે રીતે જ સેવા કરવી જોઈએ, અને તે પણ પૂર્ણ આનંદથી. સેવાધર્મમાં સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, પૃથ્વી આદિ પોતપોતાનાં કાર્યમાં કેવાં નિયમિતપણે રત રહ્યાં છે! આપણને એ વાતનો ખ્યાલ સુદ્ધાં આવતો નથી; એટલું જ નહીં, એમની પાસેથી આપણે બોધ લેવાની પણ દરકાર કરી નથી. આ પ્રાકૃતિક તત્ત્વોએ આપણા પર કરેલા ઉપકારો માટે આપણને ક્યારેય એમનો આભાર માનવાનો વિચાર સરખો આવતો નથી. દાદૂ કહે છે : સેવા કરતી વખતે તેમની જેમ જ આપણે પોતાની જાતને ભૂલી જવી જોઈએ. કોઈ પણ પ્રકારના બદલાની આશા રાખ્યા વગર સંસારમાં પ્રાણીમાત્રની સેવા કરવા માટે તત્પર રહેવું, એ જ ખરું જીવન છે; એ જ ખરી સેવા ભક્તિ છે.

# ૬. દાદૂવાણી

## ગુરુમહિમા

દાદૂ નમો નિરંજનં, નમસ્કાર ગુરુ દેવત;
બંદનં સર્વ સાધવા, પરનામં પારંગત. ૧

ગૈબ માંહિ ગુરુદેવ મિલા, પાયા હમ પરસાદ,
મસ્તક મેરે કર ધરા, દેખા અગમ અગાધ. ૨

સતગુરુ સો સહજ મિલા, લિયા કંઠ લગાઈ,
દયા ભઈ દયાલકી, દીપક દિયા જગાઈ. ૩

સતગુરુ સહજ મિલા, કિયા બહુત ઉપકાર,
નિરધન ધનવંત કરિ લિયા, ગુરુ મિલા દાતાર. ૪

દાદૂ દેવ દયાલકી, ગુરુ દિખાઈ વાટ,
તાલા કૂંચી લાઈ કરિ, ખોલે સબૈ કપાટ. ૫

સાચા સતગુરુ જો મિલે, સબ સાંજ સંવારે,
દાદૂ નાવ ચઢાઈ કરિ, લે પાર ઉતારે. ૬

ભવસાગર મેં ડૂબતા, સતગુરુ કાઢે આઈ,
દાદૂ ખેવટ ગુરુ મિલા, લિયે નાવ ચઢાઈ. ૭

સાચા સહજ લે મિલૈ, સબદ ગુરુકા ગ્યાન,
દાદૂ હમ કો લે ચલા, જહં પ્રીતમકા થાન. ૮

દાદૂ હમકો સુખ ભયા, સાધુ સબદ ગુરુગ્યાન,
સુધિબુધિ સોધી સમઝિ કરિ, પાયા પદ નિર્વાન. ૯

કામધેનુ ઘટ ઘીવ હૈ, દિન દિન દુરબલ હોઈ,
ગુરુગ્યાન ના ઊપજે, મથિ નહિ ખાયા સોઈ. ૧૦

સાચા સમરથ ગુરુ મિલા, તિન તત દિયા બતાઈ,
દાદૂ મોટા મહાબલી, ઘટ ઘૃત મથિ કરિ ખાઈ. ૧૧

મથિ કરિ દીપક કીજિએ, સબ ઘટ ભયા પ્રકાસ,
દાદૂ દીઆ હાથ કરિ, ગયા નિરંજન પાસ. ૧૨

દીએ દીઆ કિજીએ, ગુરુમુખ મારગ જાઈ,
દાદૂ અપને પીવ કા, દરસન દેખઈ આઈ. ૧૩

દાદૂ દીયા હે ભલા, દિયા કરો સબ કોઈ,
ઘરમેં ધરા ન પાઈએ, જે કર દિયા ન હોઈ. ૧૪

નિરમલ ગુરુ કા ગ્યાન ગહિ, નિરમલ ભગતિ વિચાર,
નિરમલ પાયા પ્રેમરસ, છૂટે સકલ વિકાર. ૧૫

ભરિ ભરિ પ્યાલા પ્રેમરસ, અપને હાથ પિલાઈ,
સતગુરુ કે સદકે કિયા, દાદૂ બલિ બલિ જાઈ. ૧૬

દાદૂ સાંચા ગુરુ મિલા સાંચા દિયા દિખાઈ,
સાંચેકો સાંચા મિલા, સાંચા રહા સમાઈ. ૧૭

જબહી કર દીપક દિયા, તબ સબ સૂઝન લાગ,
યોં દાદૂ ગુરુગ્યાન તેં, રામ કહી જન જાગ. ૧૮

મનમાલા તહં ફેરિએ, પ્રીતમ બૈઠે પાસ,
અગમ ગુરુ તેં ગમ ભયા, પાયા નૂર નિવાસ. ૧૯

સોઈ મારગ મન ગહા, મારગ મિલીએ જાઈ,
બેદ કુરાન ના કહા, સો ગુરુ દિયા દિખાઈ. ૨૦

મનકા મસ્તક મૂંડિએ, કામ ક્રોધ કે કેસ,
દાદૂ વિષય વિકાર સબ, સતગુરુ કે ઉપદેસ. ૨૧

દાદૂ કે દૂની નહિ, એકે આતમા રામ,
સતગુરુ સિર પરિ સાધુ સબ, પ્રેમ ગતિ બિસ્રામ. ૨૨

સુખકા સાથી જગત સબ, દુઃખકા નાહીં કોઈ,
દુઃખકા સાથી સાંઈયા, દાદૂ સતગુરુ હોઈ. ૨૩

સગે હમારે સાધુ હે, સિર પર સરજનહાર,
દાદૂ સતગુરુ સો સગા, દૂજા ધંધ બિકાર. ૨૪

દાદૂ સબહી ગુરુ કીયા, પસુ પંખી બનરાઈ,
પંચતત્ત ગુન તીનિમેં, સબહી માંહિ ખુદાઈ. ૨૫

જે પહલી સતગુરુ કહા, નૈનહુ દેખા આઈ,
અરસપરસ મિલિ એક રસ, દાદૂ રહે સમાઈ. ૨૬

## માયા

માયા કા સુખ પાંચ દિન, ગરબ્યો કહાં ગંવાર,
સપને પાયો રાજધન, જાતા ન લાગે વાર. ૨૭

માયા કા સુખ મન કરે, સેજા સુંદરી પાસ,
અંત કાલ આયા ગયા, દાદૂ હોહુ ઉદાસ ૨૮

માયા સોં મન બીગડા, જ્યોં કાજી કરિ દૂધ,
હૈ કોઈ સંસારમેં, મન કરિ દેવૈ શુદ્ધ. ૨૯

માયા કે સંગ જો ગયે, બહુરિ ન આયે,
દાદૂ માયા ડાકિની, ઈન્હ કેતે ખાયે. ૩૦

જૂઠી કાયા જૂઠ ઘર જૂઠા યહ પરિવાર,
જૂઠી માયા દેખિ કરી, ફૂલા કહાં ગવાર? ૩૧
જૂઠે તન કે કારને, કિયે બહુત વિકાર,
ગ્રિહ દારા ધન સંપદા, પૂત કુટુંબ પરિવાર. ૩૨

માયા મેરી સંતકી, દાસી ઉસ દરબાર,
ઠકુરાની સબ જગતકી, તીનુ લોક મંઝાર. ૩૩

નારી પીવૈ પુરુસ કો, પુરુસ નારી કો ખાઈ,
દાદૂ ગુરુ કે જ્ઞાનબિન, દોનો ગયે બિલાઈ. ૩૪

સાહિબ હૈ પર હમ નહિ, સબ જગ આવઈ જાઈ,
દાદૂ સપના દેખિયે, જાગત જાય બિલાઈ. ૩૫

## સ્મરણ

એકૈ અલ્લહ રામ હૈ, સમરથ સાંઈ સોઈ,
મૈદે કે પકવાન સબ, ખાના હોઈ સો હોઈ. ૩૬

દાદૂ સિરજનહાર કે, કેતે નાઉં અનંત,
ચિત્ત આવઈ સો લિજિયે, સાધુ સુમિર હિ સંત. ૩૭

દાદૂ રામ સંભારિ લે, જબ લગ સુખ સરીર,
ફિર પીછે પછિતાયગા, તન મન ધરે ન ધીર. ૩૮

દુ:ખદરિયા સંસાર હૈ, સુખકા સાગર રામ,
સુખ સાગર મલી જાઈએ, દાદૂ તજિ બે કામ. ૩૯

દરિયા યહ સંસાર હૈ, રામ નામ નિજ નાવ,
દાદૂ ઢીલ ન કિજીયે, યહ અવસર યહ દાવ. ૪૦

રામ નામ નિજ ઔસધી, કાટૈ કોટિ બિકાર,
વિસમ વ્યાધિ તેં ઊબરઈ, કાયા કંચન સાર. ૪૧

સહજે હી સબ હોઈગા, ગુન ઈંદ્રી કા નાસ,
દાદૂ રામ સંભારતા, કટે કરમ કે પાસ. ૪૨

જો તેં યહ જાના નહીં, રામ નામ નિજ સાર,
ફિર પીછે પછિતાયગા, રે મન મૂંઢ ગવાંર. ૪૩

નિમિસ ન ન્યારા કિજીયે, અંતરસે ઉર નામ,
કોટિ પતિત પાવન ભયે, કેવલ કહતા રામ. ૪૪

રામ તુમ્હારે નાંવ બિન, જે મુખ નિકસૈ ઔર,
તે અપરાધી જીવ કો, તીન લોક કત ઠૌર. ૪૫

સાહિબજી કા નાંવ માં, સબ કુછ ભરે ભંડાર,
નૂરા તેજ અનંત હૈ, દાદૂ નિરજનહાર. ૪૬

જિસમેં સબ કુછ સો લિયા, નિરંજનકા નાંઉ,
દાદૂ હિરદે રાખિલે, મૈં બલિહારી જાઉં. ૪૭

## વિરહ

સબ કો સુખિયા દેખિયે, દુખિયા નાહીં કોઈ,
દુખિયા દાદૂ દાસ હૈ, ઐન પરસ નહિ હોઈ. ૪૮

સાહિબ મુખ બોલઈ નહિં, સેવક ફિર ઉદાસ,
યહ બેદન જિવ મેં રહૈ, દુખિયા દાદૂ દાસ. ૪૯

પિય બિન પલપલ જુગ ભયા, કઠિન દિવસ કયોં જાઈ,
દાદૂ દુખિયા રામ બિન, કાલ રૂપ સબ ખાઈ. ૫૦

દાદૂ ઈસ સંસાર મેં, મુઝ સે દુઃખી ન કોઈ,
પિય મિલને કે કારને, મૈં જલ ભરિયા રોઈ. ૫૧

રામ બિછોહી બિરહિની, ફિરી મિલન ન પાવૈ,
દાદૂ તલફૈ મીન જયોં, તુઝ દયા ન આવૈ. ૫૨

બિથા તુમ્હારે દરસ કી, મોહિ વ્યાપે દિન રાત,
દુઃખી ન કિજે દીન કો, દરસન દીજે તાત. ૫૩

દરસન કારન બિરહિની, કિરિ મિલન ન પાવઈ,
દાદૂ તલફે મીન જ્યોં, તુઝ દયા ન આવઈ. ૫૪

પિય જો દેખૈ મુઝ કો, હું ભી દેખું પીવ,
હું દેખું દેખત મિલે, તો સુખ પાવૈ જીવ. ૫૫

દૂજા કુછ માગૈ નહિ, હમકો દે દીદાર,
તૂં હૈ તબ લગ એક ઠગ, દાદૂ કે દિલદાર. ૫૬

તાલાબોલી પ્યાસ બિન, કયોં રસ પીયા જાઈ,
બિરહા દરસન દરદ સોં, હમકો દેહુ ખુદાઈ. ૫૭

બિરહ બિયોગ ન સહિ સકું, નિસ દિન સાલૈ મોહિ,
કોઈ કહે મેરે પીય કો, કબ મુખ દેખું તોહિ. ૫૮

બિરહ બિયોગ ન સહિ સકું, તન મન ધરૈ ન ધીર,
કોઈ કહે મેરે પીય કો, મિટૈ મેરી પીર. ૫૯

ચંદન સિતલ ચંદ્રમાં, જલ સિતલ સબ કોઈ,
દાદૂ વિરહી રામ કા, ઈન સોં કદી ન હોઈ. ૬૦

બિરહી સુસકૈ પીર સોં, જ્યાં ઘાયલ રામ માહિં,
પ્રીતમ મારે બાન ભરિ, દાદૂ જીવૈ નાહિં. ૬૧

દાદૂ પાતી પ્રેમ કી, બિરલા બાંચે કોઈ,
બેદ પુરાન પુસ્તક પઢે, પ્રેમ બિના કયોં હોઈ. ૬૨

દાદૂ અચ્છર પ્રેમ કા, કોઈ પઢેગા એક,
દાદૂ પુસ્તક પ્રેમ બિન, કેતે પઢે અનેક. ૬૩

પ્રીતિ જો મરે પીય કી, પૈઠી પંજર માહિં,
રોમ રોમ પિય પિય કરૈ, દાદૂ દૂસર નાહિં. ૬૪

બાતોં બિરહ ન ઉપજઈ, બાતોં પ્રીતિ ન હોઈ,
બાતોં પ્રેમ ન પાઈએ, જિન ન પતીજે કોઈ. ૬૫

મનહીં માહે ઝૂરના, રોવઈ મનહીં માહિં,
મનહીં માહે આહ દે દાદૂ બાહર નાહિં. ૬૬

દાદૂ લાયક હમ નહીં, હરિ કે દરસન જોગ
બિન દેખે મરિ જાયેંગે, પિય કે બિરહ બિયોગ. ૬૭

વિરહ જગાવૈ દરદ કો, દરદ જગાવૈ જીવ,
જીવ જગાવૈ સુરતિ કો, પંચ પુકારૈ પીવ. ૬૮

બિરહ અગિન મેં જરિ ગયે, મન કે મૈલ વિકાર,
દાદૂ બિરહી પીયકા, દેખૈગા દીદાર. ૬૯

રાત દિવસ કા રોવના, પહર પલક કા નાંહિ,
રોવત રોવત મિલિ ગયા, દાદૂ સાહિબ માંહિ. ૭૦

નૈનહુ નીર ન આઈયા, કયા જાને યે રોઈ,
તૈસે હી કરી રોઈયે, સાહિબ નૈનહુ જોઈ. ૭૧

## કાળ

કહતા સુનતા દેખતા, લેતા દેતા પ્રાન,
દાદૂ સો કતહૂં ગયા, માટી ધરી મસાન. ૭૨

એક દિન બીતે ચલિ ગયે, વે દિન આયે ધાઈ,
રામ નામ બિન જીવ કો, કાલ ગરાસૈ જાઈ. ૭૩

સૂતા આવઈ સૂતા જાઈ, સૂતા ખેલૈ સૂતા ખાઈ,
સૂતા લેવૈ સૂતા દેવૈ, દાદૂ સૂતા સૂતા જાઈ. ૭૪

યહ બન હેરિય દેખિ કર, ફૂલે ફિરહિં ગવાંર,
દાદૂ યહ મન મીરગા, કાલ અહેરી રાર. ૭૫

## ચેતવણી

કરિ સાંઈ કી ચાકરી, હરિ નાંવ ના છોડિ,
જાના હૈ ઉસ દેસ કો, પ્રીતિપિયા સોં જોડિ. ૭૬

તન મન કાણુન છાડિ સબ, હોઈ જબ ન્યારા,
અપને નૈનહુ દેખિયે, પરગટ પિય પ્યારા. ૭૭

દાદૂ જિન કુછ ચેત કરિ, સૌદા લિજે સાર,
નિરખ કમાઈ ના છૂટે, અપનો જીવ બિચાર. ૭૮

બાર બાર યહ તન નહીં, નર નારાયણ દેહ,
દાદૂ બહુરિ ન પાઈયે, જનમ અમોલિક એહ. ૭૯

આયા પરબસ દૂર કરી, રામનામ રસ લાગિ,
દાદૂ અવસર જાત હૈ, જાગિ સકે તો જાગિ. ૮૦

## અમરતા

દાદૂ તજી સંસા સબહિ, રહે બિરાલા હોઈ,
અબિનાસી કો આસરે, કાલ ન લાગે કોઈ. ૮૧

મરૈ તપાવે પીય કો, જીવત બાચે કાલ,
દાદૂ નિરભય નાંવ લે, દોનો હાથ દયાલ. ૮૨

સબ જીવન સાધે નહીં, તાતેં મરિ મરિ જાઈ,
દાદૂ પીવહિ રામરસ, સુખ મેં રહે સમાઈ. ૮૩

જીવનહી પુતરા તરે, જીવત લાંઘે પાર,
જીવત પાયા જગત ગુરુ, દાદૂ જ્ઞાન બિચાર. ૮૪

જીવત જગપતિ કો મિલે, જીવત આતમરામ,
જીવત દરસન દેખિયે, દાદૂ મન બિસ્રામ. ૮૫

જીવત છૂટૈ દેહગુન, જીવત મુક્તા હોઈ,
જીવત કાઢૈ કરમ સબ, મુકુત કહાવે સોઈ. ૮૬

જીવત પાયા પ્રેમરસ, જીવત પિયા અઘાઈ,
જીવત પાયા સ્વાદસુખ, દાદૂ રહે સમાઈ. ૮૭

જીવત પરગટના ભયા, જીવત પરચા નાહિં,
જીવત ન પાય, પીયકો, બૂડે ભવજલ માહિં. ૮૮

જીવત મેલા ના ભયા, જીવત પરસન હોઈ,
જીવત જગપતિ ના મિલે, દાદૂ બૂડે સોઈ. ૮૯

જીવત પદ પાયા નહિં, જીવત મિલ ન જાઈ,
જીવત જો છૂટે નહિં, દાદૂ ગયે બિલાઈ. ૯૦

દાદૂ છૂટે જીવતા, મૂવા છૂટે નાહિં,
મૂયે પીછે છૂટિયે, સબ આયે ઉસ માહિં. ૯૧

મૂયે પીછે મુકુતિ બનાવંહિ, મૂયે પીછે મેલા,
મૂયે પીછે અમર ભયે પદ, દાદૂ ભૂલ ગહેલા. ૯૨

મૂયે પીછે પદ પહુંચાવહિ, મૂયે પીછે તારહિ,
મૂયે પીછે સતગત હોવહિ, દાદૂ જીવત મારહિ. ૯૩

મૂયે પીછે ભગતિ બતાવહિ, મૂયે પીછે સેવા,
મૂયે પીછે સંજમ રાખી, દાદૂ દોજગ દેવા. ૯૪

જોડા કાલ જનમ મરન, જહાં જહાં જિવ જાઈ,
ભગત પરાયન લીન મન, તાકોં કાલ ન ખાઈ. ૯૫

સબરંગ તેરે, તેં રંગે, તૂં હી સબ રંગ માહિ,
સબ રંગ તેરે તેં કિયે, દૂજા કોઈ નાહિ. ૯૬

જાગઉ લાગઉ રામ સોં, રૈન બિહાઈ જાઈ,
સુમિર સનેહી આપના, દાદૂ કાલ ન ખાઈ. ૯૭

સાધૂ જન કી બાસના, સબદ રહે સંસાર,
દાદૂ આતમ લે મિલે, અમર ઉપજાવન હાર. ૯૮

સાહિબ મારે તેં મુયે, કોઈ જીવે નાહિ,
સાહિબ રાખે તેં રહે, દાદૂ નિજ ઘરમાંહિ. ૯૯

રામ સરીખે હોઈ રહે, યહ નાહીં હોનહાર,
દાદૂ સાધૂ અમર હો, બિનસઈ સબ સંસાર. ૧૦૦

# ૭. હિંદી-મિશ્રિત પદો

## કબ મિલસી ?

(રાગ–કેદારો)

કબ મિલસી પીવ ગ્રિહ છાતી, હું ઔરાં સાગ મિલાતી. (ટેક)
તિસજ લાગી તિસહી કરી, જનમજનમનો સાથી;
મીત હમારા આવ પિયારા, તારા રંગની રાતી,
પીવ વિના મને નીંદ ન આવે, ગુણ તારા લૈ ગાતી;
દાદૂ ઉપર દયા મયા કરિ, તારે વારણે જાતી.

## સુન સિરજનહાર

(રાગ–માલી ગૌડ)

પિય આવ હમારે રે, મિલન પ્રાન પિયા રે. (ટેક)
બલિ જાઉં તુમ્હારે રે,
સુન સખી સયાની રે; મૈં સેવા ન જાની રે.
હે ભઈ દિવાની રે,
સુન સખી સાહેલી રે; કયોં રહો અકેલી રે ?
હે ખરી દુલહી રે,
હે કરહુ પુકારા રે; સુન સિરજનહારા રે.
દાદૂ દાસ તુમ્હારા રે.

## આનંદ-વધાઈ

(રાગ–આશાવરી)

પિય ઘર આવનૌં યે, અહો મોહી ભાવનૌં યે. (ટેક)
મોહન નીકો રે હરી, દેખોગી અંખિયા ભરી.
રાખઉં હો ઉર ધરી, પ્રીતિ ખરી.
મોહન મેરો રી માઈ, રહઉં હઉં ચરન ધાઈ.
આનંદ બંધાઈ, હરિકે ગુન જાઈ,
દાદૂ રે ચરન ગહિયે, જાઈને તહાં તોર હિયે.
તન મન સુખ લહિયે, બિનતી કહીયે.

## તૂં હી મેરા

(રાગ—આશાવરી)

તૂં હી મેરે રસના, તૂં હી મેરે બૈના;
તૂં હી મેરે શ્રાવના, તૂં હી મેરે નૈના. (ટેક)
તૂં હી મેરે આતમ કવલ કરી,
તૂં હી મેરી મનસા તુમ્હ પરિવારી.
તૂં હી મેરે મનહી તૂં હી મેરે મનસા,
તૂં હી મેરે સુરતૈ પ્રાન નિવાસા.
તૂં હી મેરે નખ સિખ સકલ સરીરા,
તૂં હી મેરે જિયે રે જ્યોં જલનીરા.
તુમ્હ બિન મેરે ઔર કોઉ નાહિં,
તૂં હી મેરી જીવની દાદૂ માહિં.

## વિરહ—વેદના

(રાગ—જૈનશ્રી)

મનમોહન હો કઠિન બિરહ કી પીર;
સુંદર દરસ પરસ દિખાઈઓ. (ટેક)
સુનહુ ન દીન દયાલ, તુવ સુખ બઈન સુનાઈયે,
કરુનામય કિરપાલ, તવ સકલ સિરોમનિ આઈયે.
મમ જીવન પ્રાન અધાર, અબિનાસી ઉર લાઈયે,
અબ હરિ દરસન દેહુ, દાદૂ પ્રેમ બઢાઈયે.

## અપરાધી મન

(રાગ—અડાણા)

બાબા મન અપરાધી મેરા, કહા ન આનઈ તેરા. (ટેક)
માયા મોહ મદ માતા, કનક કામની રાતા,
કામ ક્રોધ અહંકારા, ભાવઈ વિષય વિકારા.
કાલ મીચ નહિં સૂઝઈ, આતમરામ ન બૂઝઈ,
સમરથ સિરજનહારા, દાદૂ કરઈ પુકારા.

## જગત દીવાના

(રાગ—અડાણા)

ભાઈરે યોં બિનસઈ સંસારા, કામ ક્રોધ, અહંકારા. (ટેક)
લોભ મોહ મૈં મેરા, મદ મત્સર બહુતેરા,
આપા પર અભિમાના, કેતા ગરબ ગુમાના;
તીન તિમિર નહિ જાહીં; પાંચો કે ગુન માંહીં,
આતમરામ ન જાના, દાદૂ જગત દીવાના.

## નામનો પ્રેમ

( રાગ — રામકલી )

ભગતિ માંગું બાપ ભગતિ માંગું,
મુને તારા નામનો પ્રેમ લાગ્યો;
શિવપુર બ્રહ્મપુર સર્વ સૌં કિજીયે,
અમર થાવા નહિં લોંક માગો. (ટેક)
આપી અવલંબન તારા અંગનો,
ભગતિ સજીવની રંગી રાચો;
દેહને ગ્રેહનો વાસ વૈકુંઠ તણો,
ઈંદ્રાસન નહિ મુક્તિ જાચો.
ભગતિ વા'લી ખરી આપી અવિચળ હરિ,
નિર્મળ નામ રસપાન ભાવે;
સિદ્ધિ નૈં રિદ્ધિ નૈં રાજ રૂડું નહિ,
દેવપદ મારે કાજ ન આવે.
આતમ અંતરી સદા નિરંતરી,
તારી બાપજી ભગતિ દીજે;
કહે દાદૂ હવે કોડી દત્ત આપે,
તમ વિણ તે અમે નહિ લીજે,

## વિચારી ખેલ

(રાગ–મારુ)

મન વ્હાલા રે, કુછ વિચારી ખેલ, પડશે રે ગઢ ભેલ. (ટેક)

બહુ વાતે દુઃખ દેસે વા'લા, જેમ તલમાંથી લીજે તેલ;
કરણી તારી સોધસી, હોસી રે સિર હેલ.
અબઘડીથી કરિ લિજિયે રે વા'લા, સાંઈ સેતી મેલ;
દાદૂ સંગ ન છાડી પીવકા, પાઈ છે ગુણની વેલ.

## નામ–મહિમા

( રાગ — ટોડી )

નામ રે નામ રે, સકલ સિરોમણિ નામ રે,
મૈં બલિહારી જાંઉ રે. (ટેક)

દૂતર તારે પાર ઉતારે, નરક નિવારે નામ રે.
તારણહાર ભૌ જલ પારા, નિર્મલ સારા નામ રે.
નૂર દિખાવે તેજ મિલાવે, જોતિ જગાવે નામ રે.
સબ સુખ દાતા અમૃત રાતા, દાદૂ માતા નામ રે.

## વિરહિણીનો સંદેશો

( રાગ–મારુ )

એ પંથીડા બુઝઈ વિરહિણી, કહીએ પિય કી બાત. (ટેક)

કબ ઘર આવઈ કબ મિલઈ, જોંઉ દિન અરુ રાત. પંથીડા૦

કહો મેરા બસઈ, કહાં રહઈ કરિ બાસ.
કહાં ઢૂંઢો કહાં પાઈયે, કહાં રહઈ કિસપાસ. પંથીડા૦

કવન દેસ કહાં જાઈયે, કૌજઈ કવન ઉપાય,
કવન અંગ કઈસઈ રહઈ, કહા કરઈ સમઝાય. પંથીડા૦

પરમ સ્નેહી પ્રાન કો, સૌ કત દેહુ દિખાઈ,
જીવનિ મેરે જીવકી, સો મુજ આનિ મિલાઈ. પંથીડા૦

નેન ન આવઈ નીંદડી, નિસદિન તલફતજાઈ,
દાદૂ આતુર બિરહિની, કયોં કરિ રઈન બિહાઈ. પંથીડા૦

## વિરહિણીને ઉપદેશ

(રાગ–મારુ)

સાધ કહઈ ઉપદેસ; બિરહની. (ટેક)
તન ભૂલઈ તબ પાઈયે, નિકટ ભયા પરદેસ. બિરહની.
તુમ્હ હી માંહીં તે બસઈ, તહાં રહે કરિ બાસ,
તહાં ઢૂંઢે પિય પાઈયે, જીવન જીય કે પાસ. બિરહની.
પરમ દેસ તહાં જાઈયે, આતમ લીન ઉપાઈ,
એક અંગ અઈસે રહઈ જ્યોં, જલ જલહિ સમાઈ. બિરહની.
સદા સંગાતી આપના, કબહું ન દૂર જાઈ,
પ્રાણ સનેહી પાઈયે, તનમન લેહુ લગાઈ. બિરહની.
જાગે જગપતિ દેખિયે, પરગટ મિલિહઈ આઈ,
દાદૂ સનમુખ હોઈ રહા, આનંદ અંગ ન સમાઈ. બિરહની.

## આતુરતા

(રાગ–ગોડી–માડી)

અજહૂ ન નિકસે પ્રાન કઠોર.
દરસન બિના બહુત દિન બીતે, સુંદર–પ્રીતમ મોર,
ચાર પહર ચારહુ જુગ બીતે, રૈન ગવાંઈ ભોર.
અવધ ગયે અજહુ નહિ આયે, કતહુ રહે ચિત્ત ચોર.
કબહૂ નૈન નિરખિ નહિ દેખે, મારગ ચિત્તવત તોર,
દાદૂ ઐસેહિ આતુર બિરહિનિ, જૈસેહિ ચંદ ચકોર.

## વિરહ–વ્યથા

(રાગ–ગોડી–માડી)

બિરહિન કો સિંગાર ન ભાવઈ, હે કોઈ એસા રામ મિલાવઈ.
બિસરે અંજન મંજન ચીરા, બિરહ બ્યથા યહ વ્યાપે પીરા,
નવ સત થાકે સકલ સિંગારા, હે કોઈ પીર મિટાવનહારા.
દેહ ગેહ નહિ સુદ્ધિ સરીરા, નિસદિન ચિતવત ચાતક નીરા,
દાદૂ તાહિ ન ભાવે આન, રામ બિના ભઈ મ્રિતક સમાન.

## બ્રહ્મ-જીવનો મેળો

(રાગ—લલિત)

રામ તૂં મોરા હઉં તોરા, પાઈન પરતમનિહોરા,
એક સંગઈ બાસા, તુમ ઠાકુર મૈં દાસા;
તન મન તુઝ કો દેવા, તેજ પુંજ હમ લેબા,
રસ માહેં રસ હોઈબા, જોતિ સરૂપાં જોઈવા;
બ્રહ્મ જીવ કા મેલા, દાદૂ નૂર અકેલા.

## રંગે રમીએ

(રાગ — મારુ)

ગોવિંદા જોઈબા દેરે, જે બરજે તે વારિ રે,
ગોવિંદા જોઈ દે રે;
આદિ પુરુસ તું અછય અમારો, કંત તુમારી નારિ રે...(ટેક)
અંગે સંગે રંગે રમીએ, દેવા દૂર ન કીજે રે;
રસ માંહે રસ ઈમ થઈ રહીએ, એ સુખ અમને દીજે રે.
સેજડીએ સુખ રંગ ભરી રમીએ, પ્રેમ ભગતિ રસ લીજે રે;
એકમેક રસ કેલિ કરંતાં, અમે અબલા ઈમ જીજે રે.
સમરથ સ્વામી અંતરજામી, બાર બાર કાંઈ બાહે રે;
આદિ અંતે તેજ તમારો, દાદૂ દેખે ગાયે રે.

## રામ સગાઈ

( રાગ – ટોડી )

ઐસે બાબા રામ રમીજે,
આતમ સો અંતર નહિ કિજે....(ટેક)
જૈસે આતમ આપા લેખે, જીવ જંત ઐસેં કરિ પેખે;
એક રામ ઐસેં કરિ જાનૈં, આપા પર અંતર નહિ આનૈં.
સબ ઘટિ આતમ એક બિચારે, રામ સનેહી પ્રાણ હમારે.
દાદૂ સાચી રામ સગાઈ, ઐસા ભાવ હમારે ભાઈ.

## મૂરતિ–મોહના

(રાગ–રામકલી)

હરિ હાં દિખાવહુ નૈના સુંદર મૂરતિ મોહના....(ટેક)
બોલિ સુનાવો બૈના.
પ્રગટ પુરાતન ખંડના, મહી માન સુખ મંડના.
અબિનાસી અપરંપરા, દીનદયાલ ગગન ધરા.
પાર બ્રહ્મ પર પૂરના, ઈ રસ દેહુ દુખ દૂરના.
કરિ કૃપા કરુના મઈ, તબ દાદૂ દેખઈ તુમ દઈ.

## કાયા

(રાગ – સારંગ)

માયા સંસાર સબકી જૂઠી, માતપિતા સબ ઉભૈ ભાઈ....(ટેક)
તિમ્હ હીં દેખતા લૂંટી.
જબ જગ જીવ કાયા મઈ થારે, ખિન બેઠી ખિન ઊઠી.
હંસ જો થા સો ખેલિ ગયા રે, તબ થઈ સંગતિ છૂટી.
જો દિન પૂગે આઉ ઘટાની, તબ નિશ્ચિત હ્વૈ સૂતી.
દાદૂ દાસ કહે અઈસી કાયા, જઈસી ગગરિયા ફૂટી.

## ગર્વ

(રાગ–ગોડી–માડી)

ગરવ ન કિજિયે રે, ગરવહિ હોય વિનાસ. (ટેક)
ગરવહિ ગોવિંદ ના મિલઈ, ગરવહિ નરક નિવાસ.
ગરવ રસાતલ જાઈયે, ગરવહિ ઘોર અંધાર.
ગરવહિ ભવજલ ડૂબિયે, ગરવહિ વાર ન પાર.
ગરવહિ પાર ન પાઈયે, ગરવહિ જમપુર જાઈ.
ગરવહિ છૂટે નહિ, ગરવહિ બંધે આઈ.
ગરવહિ ભાવ ન ઉપજઈ, ગરવહિ ભગતિ ન હોઈ.
ગરવહિ પિય કયોં પાઈયે, ગરવ કરૈ જિન કોઈ.
ગરવહિ બહુત વિનાસ હૈ, ગરવહિ બહુત વિકાર.
દાદૂ ગરવ ન કિજીયે, સનમુખ સિરજનહાર.

## મેરી સેવાપૂજા

(રાગ—આશાવરી)

તુમ્હરે નાવ લાગિ હરિ જીવનિ મેરા;
મેરે સાધન સકલ નાઉં નિજ તેરા.
દાન પુન્ન તપ તીરથ મેરે, કેવલ નામ તુમ્હારા,
એ સબ મેરી સેવા પૂજા, અઈસા બરત હમારા.
એ સબ મેરે બેદ પુરાના, સુચિ સંજમ હઈ સોઈ,
ગ્યાન ધ્યાન એઈ સબ મેરે, ઔર ન દૂજા કોઈ.
કામ ક્રોધ કાયા ભલિ કરના, એ સબ મેરે નામા,
મુક્તા ગુપ્તા પરગટ કહિ એ, મેરે કેવલ રામા.
તારન તિરન નાઉં નિજ તેરા, તુમ્હી એક અધારા,
દાદૂ અંગ એક રસ લાગા, નાગ ગહઈ ભૌ પારા.

## સાહિબ સિરતાજ

(રાગ—હુસેન બંગાલો)

હે દાના, હે દાના, દલદાર મેરે કાન્હા;
તૂ હી મેરે જાન જીગર યાર મેરે ખાના. (ટેક)
તૂં હી મેરે માદર પિદર, આલમ બેગાના,
સાહિબ સિરતાજ મેરે, તૂંહી સુલતાના.
દોસ્ત દિલ તૂંહી મેરે, કિસકા ખિલખાના;
નૂર ચશમ જિંદ મેરે, તૂં હી રહમાના.
એકે અસનાવ મેરે, તૂં હી હમજાના,
જાનિબા અજીજ મેરે, ખૂબ ખજાના.
નેક નજર મહેર મીરાં, બંદા મૈં તેરા;
દાદૂ દરબાર તેરે, ખૂબ સાહિબ મેરા.

## નૂર

(રાગ-આશાવરી)

નૂર નૂર અવ્વલ આખિર નૂર,
દાઈમ કાઈમ, કાઈમ દાઈમ, હાજિર હૈ ભરપૂર. (ટેક)
આસમાન નૂર, જિમીં નૂર, પાક પરવર દિગાર;
આબ નૂર, બાદ નૂર, ખૂબ ખૂબાં યાર.
જાહિર બાતિન, હાજિર નાજિર, દાના તૂં દીવાન.
અજબ અજાઈબ નૂર દીદમ, દાદૂ હૈ હૈરાન.

## હરિ એક આધાર

(રાગ—આશાવરી)

હરિ કેવલ એક અધારા,
સોઈ તારન તરન હમારા. (ટેક)
ના મૈં પંડિત પઢિ ગુન જાનું, ના કુછ ગ્યાન બિચારા.
ના મૈં અગમી જોતિન જાનું, ના મુઝ રૂપ સિંગારા.
ના તપ મેરે ઈંદ્રીનિગ્રહ, ના કુછ તીરથ ફિરના,
દેવલ પૂજા મેરે નાહીં, ધ્યાન કછૂ નહીં ધરના.
જોગ જુગુતિ કછુ નાહીં મેરે, ના મૈં સાધન જાનું,
ઓખાદિ મૂલી મેરે નાહીં, ના મૈં દેખ બખાનું.
મૈં તો ઓર કછૂ નહિ જાનું, કહ હું ઓર કા કિજઈ,
દાદૂ એક લલિત ગોવિંદ સો, યેહિ બિધિ પ્રાનપતી જઈ.

## ગોવિંદ ગાઈ રે

( રાગ–આશાવરી )

રે મન ગોવિંદ ગાઈ રે ગાઈ, જનમ અભિરથા જાઈ રે જાઈ.
ઐસા જનમ ન બારંબારા, તા તેં જપી લે રામ પિયારા.
યહ તન ઐસા બહુરિ ન પાવે, તા તેં ગોવિંદ કાહે ન ગાવે.
બહુરિ ન પાવૈ મનુસા દેહી, તા તેં કરિ લે રામ સનેહી.
અબ કઈ દાદૂ કિયા નિહાલા, ગાઈ નિરંજન દીનદયાલા.

## રામનામ

( રાગ – રામકલી )

એવો એક તૂં રામજી નામ રૂડો. (ટેક)
તારા નામ વિના બીજો સર્વ કૂડો.
તુમ બિના ઓર કોઈ ક્લમા નહિ,
સુમિરતા સંતને સાધ આપે.
ક્રમ કિધા કોડિ છોડવઈ બાધા,
નામ લેતાં ખિણા હિયો કાંપે.
સંત ને સાંકડો કુષ્ટ પીડા કરે,
બાહરે વહલો વેગિ આવે.
પાપના પુંજ પહાડ કરી લીધા,
ભાંજિયા ભઈ ભ્રમ જોની ના’વે.
સાધ નૈં દુહિલૌં તહાં તૂં આકુલો,
મારયો મારયો કરી નઈ ધાવે.
દુષ્ટ ને મારિવા સંતને તારિવા,
પ્રગટ થાવા તહાં આપ જાવે.
નામ લેતાં ખિનાં નાથ તેં એક લે,
કોટિના કનાં છેદ કીધા.
કહે દાદૂ હવે તુમ્હ બિના કો નહીં,
સાખિ બોલે જે સરણ લીધા.

## ચલસી સબ સંસારા !

(રાગ–આશાવરી)

રહસી એક પાવનહાર, ઓર ચલસી સબ સંસારા. (ટેક)
ચલસી ગગન ધરનિ સબ ચલસી, ચલસી પવન અરુ પાની,
ચલસી ચંદ્ર સુર મુનિ ચલસી, ચલસી સબ ઉપાની.
ચલસી દિવસ રૈનિ ભી ચલસી, ચલસી જુગ જમવારા;
ચલસી કાલ વ્યાલ પુનિ ચલસી, ચલસી સબઈ પસારા.
ચલસી આગ મકર ભી ચલસી, ચલસી ભવમન હારા,
ચલસી સુખ દુ:ખ ભી ચલસી, ચલમ કરમ બિચારા.
ચલસી ચંચલ નિહચલ રહસી, ચલસી જે કુછ કિન્હા,
દાદૂ દેખુ રહે અવિનાસી, ઔર સબે ઘટ ખીન્હા.

## કુછ ચેત રે

(રાગ–ટોડી)

કુછ ચેતિ રે કહિ કયા આયા,
ઈનમેં બૈઠા ફૂલિ કર, તેં દેખી માયા. (ટેક)
તૂં જિનિ જાનૈ તન ધન મેરા, મૂરિખ દેખિ ભુલાયા,
આજ કાલિ ચલિ જાવૈ દેહિ, એસી સુંદર કાયા.
રામ નામ નિજ લિજિયે, મૈં કહિ સમઝાયા,
દાદૂ હરિકી સેવા કિજે, સુંદર સાજ મિલાયા.

## આરતી

(રાગ–જેતશ્રી)

તેરી આરતી યે; જુગ જુગ જય જય કાર.
જુગ જુગ આતમરામ, જુગ જુગ સેવા કિજીયે.
જુગ જુગ લંઘે પાર, જુગ જુગ જગપતિકો મિલે.
જુગ જુગ તારનહાર, જુગ જુગ દરસન દેખિયે.
જુગ જુગ મંગલ ચાર, જુગ જુગ દાદૂ ગાઈયે.

## સમરથ સાંઈ

(રાગ—રામકલી)

જય જય જય જગદીશ તૂં, તૂં, સમરથ સાંઈ. (ટેક)
સકલ ભુવન ભાનૈ ઘડે, દૂજા કો નાહી.
કાલ મીચ કરના કરે, જમ કિંકર માયા.
મહા જોધ બલિવંત બલિ, ત્રૈ કંપૈ રાયા.
જૂરા મરન તુમથી ડરે, મન કૂં ભૈ ભારી.
કામ દલન કરુનામઈ, તૂં દેવ મુરારી.
સબ કંપૈ કરતારથી, ભવ બંધન પાસા.
અરિ રિખ ભંજન ભૈ ગતા, સબ વિઘન વિનાસા.
સરિ ઉપર સાંઈ રખના, સોઈ હમ માંહી.
દાદૂ સેવક રામ કા, નિરભઈ ન ડરાંહીં.

## મન હંસલાને

(રાગ—સિંધૂડો)

હંસ સરોવર તહાં રમૈ, સૂભર હરિ જલ નીર;
પ્રાણી આપ પખાલિયે, નરમલ સદા હોઈ સરીર. (ટેક)
મુક્તાફલ મન માંનિયાં ચૂગે હંસ સુજાન.
મધિ નિરંતર ઝૂલિયે, મધુર વિમલ રસપાન.
ભવર કવલ રસ બાસના, રાતો રામ પીવંત;
અરસ પરસ આનંદ કરે, તહાં મન સદા હોઈ જીવંત.
મીન મગન માંહે રહે, મુદિત સરોવર માંહિ;
સુખ સાગર ક્રીલા કરે, પુરણ પરિમિત નાહિં.
નિરભૈ તહાં ભૈકો નહિં, બિલસે બારંબાર.
દાદૂ દરસન કિજીયે, સનમુખ સિરજનહાર.

## ગોવિંદ મનભાયા

(રાગ–ભૈરવ)

ગોવિંદ પાયા મનભાયા, અમર કિયે સંગ લિયે. (ટેક)
અખઈ અભઈ દાન દિયે, છાયા નહિ માયા.
અગમ ગગન અગમ તૂર, અગમ ચંદ અગમ સૂર.
કાલ જાલ રહે પૂર, જીવ નહિ કાયા.
આદિ અંત નહિ કોઈ.
મેરા કહા ન માનઈ,
દાદૂ ગુરુમુખી પૂરા, મન સોં જૂજઈ સૂરા.

## હરિ–મિલન

(રાગ–બિલાવલ)

આજ પ્રભાત મિલે હરિ લાલ. (ટેક)
દિલકી પીર સબ ભાગી,
મિટયો હૈ સબ જીવ કઈ સાલ.
દેખત નય સંતોષ ભયો હઈ,
યહ તુમ્હારઉ ખ્યાલ.
દાદૂ જન સઉં હિલિમિલિ રહિઅઉં,
તુમ્હ હઉ દીનદયાલ.

# ૮. ગુજરાતી પદો

## ગુરુ મહિમા

(રાગ–અડાણો)

ભાઈ રે એસા સંતગુરુ કહિયે, ભગતિ મુક્તિ ફલ લહિયે. (ટેક)
અવિચલ અમર અવિનાસી, અઠ સિદ્ધિ નવ નિધિ દાસી.
એસા સતગુરુ રાયા, ચારિ પદારથ પાયા.
અમી મહારસ માતા, અમર અભૈ પદ દાતા.
સતગુરુ ત્રિભુવન તારે, દાદૂ પાર ઉતારે.

## ગુરુનો ઉપદેશ

(રાગ–અડાણો)

ભાઈ રે તેનું રૂડું થાયે, જે ગુરુમુખ મારગ જાયે. (ટેક)
કુસંગતિ પરહરિયે, સત સંગતિ અણસરીએ.
કામ ક્રોધ નહિ આણે, વાણી બ્રહ્મ વખાણે;
વિષયા થઈ મનવારે, તે આપણપો તારે,
વિષ મૂકી અમૃત પીધું, દાદૂ રૂડું કીધું.

## રામ ગુંસાઈ

(રાગ–કેદારો)

તું છે મારો રામ ગુંસાઈ, પાલવડે તારે બાંધી રે,
તુજ વિના છું આંતરે રખળ્યો, કીધી કમાઈ લીધી રે. (ટેક)
જીવું જેટલા રે હરિ વિના રે, દેહડી દુઝે દાઝી રે,
એણે અવતારે કાંઈ ન જાણ્યું, માથે ટક્કર ખાધી રે;
છૂટકો મારો કયારે થાશે ? શકયો ન રામ આરાધી રે,
દાદૂ ઉપર દયા માયા કર, હું તારો અપરાધી રે.

## ચરણુ દેખાડ તો

(રાગ-ભાણમલી)

ચરણ દેખાડ તો પરમાણ,
સ્વામી મારે નેણે નીરખૂં, માગું એજ માન. (ટેક)
જોઉં તુજને આશા મુજને, લાગું એજ ધ્યાન,
વા'લો મારો મલો રે સહીયે, આવે કેવળ ગ્યાન,
જેણી પેરે હું દેખું તુજને, મુજને આલો જાણ,
પીવ તણી હું પર નહિ જાણું, દાદૂ રે અજાણ.

## તું હી તું

(રાગ-કેદારો)

તું હી તું તન મારે ગુંસાઈ, તું વિના તું કેને કહું રે ?
તું ત્યાં તું હી થઈ રહ્યો રે, શરણ તારે જાય રહું રે. (ટેક)
તન મન માંહે જોઈએ ત્યાં તું, તુજ દીઠાં હું સુખ લહું રે,
તું ત્યાં જેટલી દૂર રહું રે, તેગ તેમ હું દુઃખ સહું રે.
તમ વિના મારું કોઈ નહીં રે, હું તો તારા વણ બહુ રે,
દાદૂ રે જણ હરિ ગુણ ગાતાં, મેં મેલું મારો મેં હું રે.

## દુઃખની કહાણી

( રાગ – કેદારો )

પીયુ ઘર આવે રે, વેદન જાણી રે,
વિરહ સંતાપ કોણ પર કિજે, કહું છું દુઃખની કહાણી રે....(ટેક)
અંતરજામી નાથ મારો, તુજ વિણ હું સિદાણી રે,
મંદિર મારે કેમ ન આવે, રજની જાઈ બિહાણાં રે.
તારી વાટ જોઈ હું થાકી, નેણ નિખૂટયાં પાણી રે,
દાદૂ તુજ વિણ દીન દુઃખી રે, તું સાથી રહ્યો છે તાણી રે.

## વિરહિણી વિલાપ

(રાગ – ભણમાલી)

તે કેમ પામીએ રે, દુર્લભ જે આધાર ?
તે વિના તારણ કો નહીં, કેમ ઊતરીએ પાર ?...(ટેક)
કેવી પેરે કીજે આપણો રે, તત્ત્વ તે છે સાર,
મન મનોરથ પૂરે મારા, તનનો તાપ નિવાર.
સંભાર્યો આવે રે વા'લા, વેલાયે અવાર,
વિરહિણી વિલાપ કરે, તેમ દાદૂ મન વિચાર.

## હરિમિલન

(રાગ – ભણમાલી)

તે હરિ મળું મારો નાથ, જોવાને મારો તન તપે,
કેવી પેરે પામું સાથ ?...(ટેક)
તે કારણ હું આકુળ વ્યાકુળ, ઊભી કરું વિલાપ,
સ્વામી મારો નૈણે નીરખૂં, તે તણો મન તાપ;
એક વાર ઘર આવે વા'લા, નવ મેલું કર હાથ,
એ વિનંતિ સાંભળ સ્વામી, દાદૂ તારો દાસ.

## વહાલાને કાજે

(રાગ – કેદારો)

મ્હારા રે વા'લાને કાજે, રુદયે જોવાને હું ધ્યાન ધરું;
આકુળ થાયે પ્રાણ મારા, કોને કહી પર કરુ ?...(ટેક)
સંભાર્યો આવે રે વા'લા, વે'લા આવો જોઈ ઠરું;
સાથીજી સાથે થઈને, પેલી તીરે પાર તરુ.
પીવ વિના દિન દોયલા જાયે, ઘડી વરસા સો કેમ ભરું,
દાદૂ રે જન હરિગુણ ગાતાં, પૂરણ સ્વામી તે વરું.

## અમે વિરહણિયા

(રાગ—મારુ)

અમે વિરહણિયા રામ તમારિયા;
તમ વિના નાથ અનાથ, હાંઈ વિસારિયાં. (ટેક)

અમ અંગ અનલ પરજાળે, નાથ નિકટ નહિ આવે રે;
દરસન કારણ વિરહિણી વ્યાકુળ, ઓર ન કોઈ ભાવે રે.
આપ અપ્રછન અમને દેખે, આપણ ન દેખાડે રે;
પ્રાણી પીંજર લૈ રહ્યો રે, આડા અંતર પાડે રે.
દેવ દેવ કરી દરસન માગે, અંતરજામી આપે રે;
દાદુ વિરહિણી વનવન ઢૂંઢે, યે દુઃખ કોઈ ન કાપે રે.

## તું ઘર આવ્ય ને

(રાગ—ગુંડ)

હું જોઈ રહી રે વાટ, તું ઘર આવ્ય ને;
તારા દરશનથી સુખ હોઈ, તે તું દેખાડ ને.
ચરણ જોવાની ખાંત, તે તું દેખાડ ને;
તુજ વિના જીવ દ્યે, દોયલી કામની.
નેણે નિહારું વાટ, ઊભી ચાવની;
તું અંતરથી ઊરો આવે, દેહી જાવની.
તું દયા કરી કરી આવ્ય, દાસી ગાવની;
જણ દાદૂ રામ સંભાળ, વેણ સુહાવની.

## તારે સંગ

(રાગ—મારુ)

તુમ સરસી રંગ રમાડ,
આપ અપરછન થઈ કરી, મને મા ભરમાડ. (ટેક)

મન ભોળવે કાંઈ થઈ વેગળો, આપણ દેખાડ;
કેમ જીવી હું એકલી, વિરહિણી નાર.
મને છોડીશ મા અળગો થઈ, આતમા ઉદ્ધાર;
દાદૂ સૂ રમિયે સદા, એણે પેરે નાર.

# પ્રેમ ભગતિ રસ પીજિયે

( રાગ—લલિત )

વા'લા મારા ! પ્રેમ ભગતિ રસ પીજિયે,
રમિયે રમતાં રામ, મારા વા'લા રે;
હિરદા કમલમાં રાખીએ, ઉત્તમ એ જ કામ—
મારા વા'લા રે. (ટેક)

વા'લા મારા! સતગુરુ ચરણે અણસરે,
સાધુ સમાગમ થાઈ, મારા વા'લા રે;
વાણી બ્રહ્મ વખાણીએ, આનંદમાં દિન જાઈ—
મારા વા'લા રે.

વા'લા મારા! આતમ અનભે ઊપજે.
ઊપજે બ્રહ્મ જ્ઞાન, મારા વા'લા રે;
સુખસાગરમાં ઝૂલીએ, સાચું એ સ્નાન—
મારા વા'લા રે.

વા'લા મારા! ભવબંધન સબ છૂટિયે;
કર્મ ન લાગે કોઈ, મારા વા'લા રે
જીવની મુક્તિ ફળ પામીએ, અમર અમે પદ હોઈ—
મારા વા'લા રે.

વા'લા મારા! અઠ સિદ્ધિ નવ નિધિ આંગણે,
પરમ પદારથ ચાર, મારા વા'લા રે;
દાદૂ જન દેખે નહિ, રાતો સરજનહાર—
મારા વા'લા રે.

## રામ રતન

(રાગ—કેદારો)

મારા નાથજી, તારું નામ લેવાડ રે, રામ રતન રુદયામાં રાખે;
મારા વા'લાજી, વિષયાથી વારે. (ટેક)
વા'લા વાણીને મન માંહે મારે, ચિંતવન તારું ચિત રાખે,
શ્રવણ નેત્ર આ ઇંદ્રીના ગુણ, મારા માયલા મલ તે નાસે.
વા'લા જિવાડે તો રામ રમાડે, મને જીવ્યાનું ફળ યે આપે;
તારા નામ વિના હું જયાં જયાં બંધ્યો, જન દાદૂનાં બંધન કાપે.

## નેણુ નિહારે વાટ....

(રાગ-મારુ)

કોઈ કહો રે મારા નાથને, મારી નેણ નિહારે વાટ રે. (ટેક)
દીન દુખિયા સુંદરી, કરુણા વચન કહે રે;
તમ વિનાની વિરહિણી વ્યાકુળ, કેમ કરી નાથ રહે રે?
ભૂધર વિના ભાવે નહિ કોઈ, હરિ બિન ઓર ન જાણે રે;
દેહ ગ્રહ હું તેને આપું, જે કોઈ ગોવિંદ આણે રે.
જગપતિને જોવાને કાજે, આતુર થઈ રહી રે;
દાદૂને દેખાડો સ્વામી, વ્યાકુળ થઈ ગઈ રે.

## અચંભો

(રાગ-રામકલી)

મુંને એક અચંભો થાયે, કીડીએ હસ્તિ વિદારિયો.
તેને બેસી ખાયો. (ટેક)
જાણ હું તો તે બેઠો હારી, અજાણ તેની વાંહે,
પાંગુળો ઉજાવા લાગ્યો, તેને કર કો સાહે.
નાનો હું તો તે મોટો થિયો, ગગનમંડલ નહિ માયે;
મોટેરો વિસ્તાર ભણી જે, તે તો કેને જાયે.
તે જાણે જે નીરખી જોવે, ખોજી નૈં વળી માંહે,
દાદૂ તેનો મર્મ ન જાણે, જે જમ્યા વિહૂણો ગાયે,

## પે'લી પ્રીતડી

(રાગ–કલ્હારો)

વા'લા હું તારી, તું મારો નાથ,
તમ સુ પે'લી પ્રીતડી પૂરવનો સાથ. (ટેક)

વા'લા મેં તૂને મારો ઓળખિયો રે,
રાખિસ તુને રદયા મંઝારિ;

હું પામું પીવ આપણો રે,
ત્રિભુવન દાતા દેવ મુરારિ.

વા'લા મન મારો મન માંહે રાખીસ,
આતમ એક નિરંજન દેવ,

ચિત્તં માંહે ચિત્ત સદા નિરંતર,
એણી પેરે તમારી સેવ.

વા'લા ભાવ ભગતિ હરિ ભજન તમારો,
પ્રેમ પૂરિ કવલ વિગાસ;

અભિ અંતરિ આનંદ અવિનાસી,
દાદૂની પૂરવી આસ.

## રામનામ

(રાગ–કલ્હારો)

વારીવાર કહૂં ગહિલા, રામનામ કાંઈ વિસાર્યો રે;
જનમ અમોલ પામિયો, એવું રતન કાં હાર્યો રે. (ટેક)
વિષયા વાહ્યા ને ત્યાં ધાયો, કીધું નહિ મારું વાર્યું રે;
મન ધન જોઈ ને ભૂલ્યો, સર્વથ એણે હાર્યું રે.
ગર્ભવાસ દેહ હવે તો પ્રાણી, આશ્રમ તે સંભાર્યો રે;
દાદૂ રે મન રામ ભણીજે, નહિ તો વ્યથાવિધિ હાર્યો રે.

## તારે શરણે

(રાગ–ભાણમલી)

મારા વા'લા રે! તારે શરણે રહીશ;
વિનંતડી વા'લાને કે'તાં, અનંત સુખ લહીશ. (ટેક)
સ્વામી તણો હું સંગ ન મેલું, વિનંતડી કહીશ;
હું અબળા તું બળવંત રાજા, તારા વિના વહીશ.
સંગી રહું તો સબ સુખ પામું, અંતરથી દહીશ;
દાદૂ ઉપર દયા કરીને, આવો આણી વેશ.

## મહાજ્યોતિ

(રાગ—પરજ)

નૂર રહા ભરપૂર અમીરસ પીજિયે,
રસ માંહે રસ હોઈ, લાવા લિજિયે,
પ્રગટ તેજ અનંત પાર નહિ પાઈયે,
ઝિલમિલ ઝિલમિલ હોઈ, તહાં મન લાઈયે.
સહ જઈ સદા પ્રકાશ જોતિ જલ પૂરિયા,
તહાં રહઈ નિજ દાસ સેવક સૂરિયા.
સુખ સાગર વાર ન પાર હમારા બાસ હે,
હંસ રહઈ તા માહિ, દાદૂ દાસ હે.

## તારું ને મારું

(રાગ–ભૈરવ)

મારું સૂં જે હું આપું, તારું છે તુંને આપું. (ટેક)
સર્વ જીવને તું દાતાર, તેં સરજ્યા ને તું પ્રતિપાલ.
તન ધન તારું તેં દીધું, હું તારો ને તેં કીધો.
સહુ તારું સાચું યે, હું ને મારું જૂઠું તે.
દાદૂને મન ઓર ન આવે, તું કર્તાને તુંહિ જુ ભાવે.

## મેં કીધા તેં વાર્યા

(રાગ—ટોડી)

તે મેં કીધા રામ જે તેં વાર્યા તે, મારગ મેલી
અમારગ અણસારે અકરમ કરમ હરે. (ટેક)
સાધુનો સંગ છાંડીને, અસંગતિ અણસરિયા,
સુકૃત મૂકી અવિદ્યા સાધી, વિષિયા વિસ્તરિયાં.
આ ન કહ્યું આ ન સાંભળ્યું, નેણે આ ન દીઠો,
અમૃત કડવો વિષ ઈમ લાગ્યો, ખાતાં અતિ મીઠો.
રામ રુદિયાથી વિસારીને, માયા મન કીધો;
પાંચે પ્રાણ ગુરુમુખિ વરજ્યા; તે દાદૂ કીધો.

## શોધી લીધો રામ!

(રાગ—ગોડી)

નહિ મેલું રામ, નહિ મેલું, મેં શોધી લીધો, નહિ મેલું,
ચિત્ત તું સૂં બાંધું નહિ મેલું. (ટેક)
હું તારે કાજે તાલાવેલી,
હવે કેમ મને જાશે મેલી?
સાહસી તું ન મનસોં ગાઢો,
ચરણ સમાણો કેવી પેરે કાઢો?
રાખીસ રુદયે, તું મારો સ્વામી,
મેં દોયલે પામ્યો અંતરયામી;
હવે ન મેલું, તું સ્વામી મારો,
દાદૂ સન્મુખ સેવક તારો.

## ઘટડામાં જાગી જો ને

(પદ)

જોને તારી કાયા તપાસી, મેરમ બોલે,
ઓળખો રે જી. (ટેક)

તીરથ ભટકતાં તારા ચરણો રે થાકયા જી,
ઘટડામાં જાગી જોને કાશી......મેરમ.

સૂના રે મંદિરમાં તેં તો આસન માંડયાં જી,
આ દલમાં રહ્યો પરકાશી......મેરમ.

રૂપને રાંભારી તમે રુદન માંડયાં જી,
બોલનહારો અવિનાશી......મેરમ.

સંત—સમાગમ જીવ કોઈ જાગ્યા જી,
ફગાવી દીધેલી જમની ફાંસી......મેરમ.

સદ્‌ગુરુ શબ્દો જેના હૃદયમાં લાગ્યા જી,
દાદૂ અનભે પદના વાસી......મેરમ.

## ચેતી લે!

(પદ)

ચેત ચેત મન ભાઈ, તારો અવસર વીતો જાઈ. (ટેક)
મનુષા દેહીનો મહિમા મોટો, સૂર દુર્લભ જશ ગાઈ;
લખચોર્યાસી હીડે ભટકતા, અમૂલખ નરદેહ પાઈ.
સંત—સમાગમ હરિકથામાં, સદા રહેજો ભવ લાઈ;
ઘરધંધામાં ઘેલા ના બનશો, ઉંમર એળે જાઈ.
સદ્‌ગુરુચરણમાં નિશદિન રહેજો, તારણહાર સુખદાઈ;
રખે ગફલતમાં રહેશો દીવાના, અંતકાલ પસ્તાઈ.
સાધુ સંત નિર્મોહી બાંધવા, શીખ કહે સમજાઈ;
દાદૂ ભગવંત ભજન કરી લો, આવાગમન મટી જાઈ.

## ગ્રહો ચરણ ગુરુના

(પદ)

વારે વારે કહું સમજાવી, વીરા તારી અક્કલ ક્યાં રે ગુમાવી. (ટેક)
નવદશ માસ રહ્યો ગર્ભવાસમાં, ભક્તિ ભૂદરની ભાવી;
દયાનિધિએ મહેર જો કીધી, બંધ દીધા છોડાવી.
જગતમાં આવતાં આવરણ લાગ્યું, માયાજાળ બિછાવી;
જૂઠી સગાઈમાં ભૂલ્યો બાવરા, ભક્તિ મન નહિ ભાવી.
વિષય કીટમાં ડૂબી ગયો નર, મૃગજળ માયા પચાવી,
ખાતું તપાસતાં ખોટ દેખાઈ, ગરથ ગુમાવ્યો અહીં આવી.
હોંશ કરી ગ્રહો ચરણ ગુરુના, હારેલી બાજી જિતાવી;
દાદૂ ભવન ભવનાથજીના, સદ્‌ગુરુ દીધા ઓળખાવી.

## સદ્‌ગુરુ સમજાવે

(રાગ – લાવણી)

તારકમંત્રી શ્રીરામ, ભજી લ્યોને ભાવે,
આવાગમન મટી જાઈ, સદ્‌ગુરુ સમજાવે....(ટેક)
ઊઠતાં બેસતાં રામ, સંભારો મન ભાવે;
ખાતાં પીતાં ભજો રામ, જાગતાં ચિત્ત લાવે.
જ્યાં જોઉં ત્યાં રામ, અચરાચરમાં વ્યાપે;
ભાવે ભજો સુખધામ, બોધ સદ્‌ગુરુ આપે.
ભૂલ્યા ફરો ભવમાંહી, સૂઝે નહિ અભિસમાં;
મૂરખ મન ભરમાય, રામજી બહુ નામા.
સૂનો જગ વહેવાર, રામ રંગમાં રાચો;
ભવબાધા મટી જાય, દાદૂ મારગ સાચો.

## હૈયામાં હરજી બોલે

(પદ)

તારા હૈયામાં હરજી બોલે, ઓળખ ભાઈ;
આપા કેમ નહિ ખોલ, ઓળખ ભાઈ....(ટેક)
મીઠા શબ્દ સુણના બોલે,
હૃદય વિચારી જુવો મન ભોળા;
બોલનહારો કોન, ઓળખ ભાઈ.
સકલ તેજ સંસાર ભર્યો,
રવિ શશી તેજ પરકાશે;
દેખનહારો કોન, ઓળખ ભાઈ.
ખાટાં મીઠાં ભોજન ભાવે,
હસી હસી મુખવાસ ખાવે;
ચાખનહારો કોન, ઓળખ ભાઈ.
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ તુર્યા,
ખેલી રહ્યો જે ખેલ અનેરા;
ઉન્મુની બેઠા કોન, ઓળખ ભાઈ.
કોન દેશથી આવ્યો પ્રાણી,
સદ્‌ગુરુ કહે નિરવાણી;
દાદૂજી દાખે એંધાણી, ઓળખ ભાઈ.

## જૂઠી જગત જંજાળ

(પદ, રાગ—લાવણી)

મનુષ્ય જનમ આવ્યો, ઉધરવાનો આરો;
લખચોર્યાસી માંહી, ભટકયો જીવ દુખિયારો....(ટેક)
જૂઠી જગત જંજાળ, શોક સહુ પરહરવા;
રામનામ ચિત્તધારી, બેસો ભવભય હરવા. ૧
બેસીએ ભક્તિનાવ વિકટ ભવજળ તરીએ;
મગરમચ્છ અનેક, એનાથી નહિ ડરીએ. ૨
ઘડી એક ગફલત માંહી, રહેશો તો પસ્તાશો;
બાજી હાથથી જાય, આવે જમનો ફાંસો. ૩
શ્યાના સભાગી જીવ, સદ્‌ગુરુ સમજાવે;
રામનામ સંભાર, દાદૂ સંગે આવે. ૪

# ચકોર નિહાળે ચાંદની

(પદ)

જેની સુરતા હરિ સંગાથે લાગી,
વિરલા બન્યા બડભાગી. (ટેક)

ભ્રમર કમળ લપટાઈ રહ્યો, સંસારમાં અનુરાગી;
વ્યાકુળ મન હરિ સંગ લાગે તો,
ભવદુઃખ જાયે ભાગી. ૧

જળ મચ્છ નેહ અનાદિ વખાણીએ,
હરદમ રહે એક રાગી;
પલ જુદાઈ રહી શકે ના,
તલપ તલપ તન ત્યાગી. ૨

સ્વાંતી મેવલા ચાતક ચાહે,
તન મન લગની લાગી;
ચકોર બેઠો નિહાળે ચાંદની,
સારી રાત જાગી. ૩

ગર્ભાવાસમાં જતન કર્યો.
દસ માસ દયા નહિ ત્યાગી;
બહાર આવી બદફેલ બન્યો,
ફટફટ રે ભૂંડા અભાગી. ૪

મોહનિદ્રામાં સીદને સૂતો ?
ઝટપટ જોને જાગી;
દાદૂ સદ્‌ગુરુ દેવ દયાનિધિ,
મનવાંચ્છિત લ્યોને માગી. ૫

# પ્રેમપંથ

(પદ)

પ્રેમ મગન મન નાચી રહ્યો. (ટેક)

હરદમ ગોવિંદના ગુણ ગાવું,
મગન નિત પ્રેમ નાચી રહ્યો. ૧

નવધા ભક્તિ પ્રકાર ન્યારા,
નીત પ્રેમલક્ષણા રાંચી રહ્યો. ૨

ગીતા ભાગવત વેદ પુરાનમાં,
પ્રેમ પ્રસંગો વાંચી રહ્યો. ૩

જ્ઞાન ધ્યાનની બાંધી ગાંસડી,
પ્રેમ પંથમાં પાચી રહ્યો. ૪

જગ સપના વિસરાય ગયા,
પ્રીત દાદૂ રામસે સાચી રહ્યો. ૫

સાખી

દાદૂ પ્રીત લાગી રહી, છૂટે નહિ એક ઉપાય;
ચાહે તન છૂટે ભલા, પ્રીત છોડી નહિ જાય. ૧

સદ્ગુરુ શબ્દ સુણાવિયા, ઘટમાં થયો પરકાશ;
દાદૂ તિમિર અનાદના, વેગેં ગયા વિનાશ. ૨

સંત દર્શન સુખમય ભલા, અહનિશ ચાહો ભાઈ;
દાદૂ દવા બતાવિયા, મહા રોગ મટી જાઈ. ૩

રામનામ હૃદયે ધરો, દાદૂ રહો સુખ કંદ;
અકથ મહિમા હરિ નામનો, છૂટે જનમનો ફંદ. ૪

સુંદર મુખમાં ધૂળ પડી, જો નહિ સમરે રામ;
ફટ ભૂંડા ભગવત વિના, દાદૂ જીવન નકામ. ૫

મીઠાં વચન મુખ બોલીએ, કડવાં વેણ નહિ ભાખ;
દાદૂ કડવાં બોલીએ, અહનિશ કડવાં ચાખ. ૬

દાદૂ ગફ્લત છોડીએ, અવસર વીતી જાય;
ભજન વિના ભય નહિ મટે, અંત રહે પસ્તાય. ૭

ભવસાગર વિકટ ભર્યો, રામનામની ઓટ;
મરજીવા જન ગોતીઆ, દાદૂ ટળી જમચોટ. ૮

દુખીઆ જન કોટી મળે, સુખીઆ મળે નહિ કોય;
દાદૂ સુખીઆ જાનીએ, રામ પદારથ હોય. ૯

ધર્મ કરો તો ધન મળે, ધર્મ તજે ધન જાય;
દાદૂ નફા નહિ ખોઈયે, અવિચલ કરણી કમાય. ૧૦

તું તો પામર માનવી, તુજથી ભલા કયા હોય;
હું પદ હાથ અભાગીઆ, દાદૂ બેઠા રોય. ૧૧

દાદૂ હીરા લાવીઆ, જગત ઝવેરી બજાર;
પારખ વિના નહિ ખોલીએ, ધૂતા મળે હજાર. ૧૨

જાણ અજાણ હું તારો, રાખો ચરણની પાસ;
નિર્બળનાથ નિભાવજો, દાદૂ તમારો દાસ. ૧૩

માનવ–તન આપ્યો ભલા, ભજીએ સદા ભગવંત;
દાદૂ વિમુખ રહીએ નહિ, કહે સમજાવી સંત. ૧૪

દાદૂ પ્રીત જળમીનની, પલ એક જુદા નહિ હોય;
હાય અભાગી જીવ હજુ, હરિમાં ચિત્ત નહિ પ્રોય. ૧૫